કુમાર

અંક ૩

ઉગતી પ્રજાનું માસિક

ફાગણ

વર્ષ ૧
અંક ૩

૧૯૮૦

તંત્રી
રવિશંકર રાવળ



વાંચનારને

સુભાગી આત્મા

આ માસિકથી તમારો ને અમારો સંબંધ થાય છે. દુનીઆના વહેવાર જેવો એ સંબંધ સાધારણ નથી, પણ જગતની કલ્યાણકારી યોજનાઓમાં વધારો કરનારી એ એક નવીન પ્રવૃત્તિ છે.

જગતના દીપોત્સવમાં દેશદેશના માનવીઓ આત્મકલાની જ્યોતિઓ આગળ ધરશે તે વખતે ગુજરાતના કુમારો શું અંધકારમાં શૂન્યમુખ થઈ ઉભા રહેશે ? એ વિચાર જ અસહ્ય છે. એ ભયંકર નિરાશા ભાંગવાનો આ એક પવિત્ર પ્રયાસ છે.

કલા, જ્ઞાન, ચારિત્ર, પ્રેરણા, સંસ્કાર અને પરસ્પર સદ્‌ભાવ ગુજરાતના કુમારોમાં પુરી તેમની આત્મજ્યોતિઓ સચેત રાખવાની અમારી અભિલાષામાં સ્વાર્થપરાયણતાનો ત્યાગ છે કે નહિ, તે તો ભવિષ્યનું અમારૂં કાર્ય બતાવશે.

ગુજરાતમાં બાલશિક્ષણની સામગ્રી છે—થતી આવે છે; પુખ્ત બુદ્ધિનાં માણસો માટે પણ જ્ઞાનસામગ્રી ભરી છે; પરંતુ ઉગતી પ્રજા—કુમારોને જીવનદૃષ્ટિ આપતી કશી જ સામગ્રી નથી એ ઉણપ પુરવાનો આ પ્રયાસ છે.

આપણું પ્રાચીન ગૌરવ, ઋષિવરોનાં આત્મદર્શનો, આપણી સંસ્કૃતિનો પ્રભાવ, સંતોની પ્રાણ પોષતી પ્રસાદીઓ, કલાની રસભરી કૃતિઓ, કુદરતની ભવ્ય લીલા, વિશ્વની ચમત્કૃતિઓ, નવી દુનીઆની વૈજ્ઞાનિક અજાયબીઓ, હુન્નરઉદ્યોગના નુસખાઓ અને વિનોદની વાનીઓ—આ સૌ શોધી, સંઘરી, માગી આણીને પણ સુંદર, નિર્દોષ સ્વરૂપમાં આપવું એ અમારો સંકલ્પ છે. આટલો ભારે સંકલ્પ પુરો કરવા પુરતાં સાધન—શક્તિ વખતે નહિ હોય; પરંતુ જેમને સાધન કરતાં યોજના પ્રિય છે, યોજના કરતાં હેતુ ઇષ્ટ છે એવાં સંસ્કારી ચિત્ત આ પ્રવૃત્તિ તરફ સહાનુભૂતિની નજરે જોશે એવી આશા છે.

'કુમાર' કુમારોને જ માટે છે એવો ભ્રમ કોઇ ન કરે; કુમારીઓને અમે ભુલ્યા નથી. 'કુમાર' એટલે જ ગુજરાતનું 'કૌમાર.'

છેવટે, અમારી એટલી પ્રાર્થના છે કે અમારી ભુલો પર ચર્ચા ભલે કરજો, પણ અમારા હેતુમાં શંકા કરશો નહિ; કારણ કે અમારી શ્રદ્ધા છે કે એ હેતુની પાછળ પરમ કૃપાળુ પરમાત્માની પ્રબળ પ્રેરણા છે.

કુમાર

ગુજરાતની ઉગતી પ્રજાનું માસિક

પુસ્તક પહેલું — સંવત ૧૯૮૦

અંક : ૩ — ફાગણ

વરસના રૂ. ૭ — પરદેશના રૂ. સાત

૭ માસના રૂ. ત્રણ — છુટક નકલના દસ આના

કુમાર કાર્યાલય : ૪૪૮૦–રાયપુર : અમદાવાદ

અજન્તાનું ચિત્રાલેખન		મુખચિત્ર
પ્રાર્થના (કાવ્ય)		૮૧
મિજલસ		૮૨
પ્રસાદ	રામચન્દ્ર બળવંત આઠવલે	૮૩
હઠીસીંગનું દહેરું (ફોટો)		૮૪
અજન્તાની ગુફા (ચિત્ર)		૮૫
કલાતીર્થ અજન્તા	નારાયણ ર. મલકાની	૮૫
પ્રાણદાયી હવા		૮૯
વસંત (કાવ્ય)	ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ	૯૦
પંડિત વિષ્ણુ દિગંબર		૯૨
કાચબા કાચબીનું ભજન (કાવ્ય)		૯૭
બહારવટીઓ રામવાળો	પ્રાણજીવન આચાર્ય	૯૯
કદરદાન ! (કાવ્ય)	કવિ દલપતરામ	૧૦૨
ઇતિહાસદર્શન	'ધુમકેતુ'	૧૦૩
ભાવના (કાવ્ય)	સીતારામ જે. શર્મા	૧૦૬
પાંચ મીનીટની કસરત		૧૦૭
અથાણું		૧૧૧
આકાશદર્શન	હરિહર ભટ્ટ	૧૧૨
જરા ચેતજો		૧૧૪
માધુકરી		૧૧૫
ગયે મહીને		૧૧૭
આ મહીને		૧૧૯

આવતે મહીને 'કુમાર'માં

કિરીટ

નામની અદ્‌ભુતરસની એક લાંબી વાર્તા શરૂ થશે. એના લેખક શ્રી. ધનગોપાલે તે પ્રકટ કરવાની ખાસ અનુમતિ આપી છે. તેમની કલમ તમને હિમાલયનાં જંગલોમાં ફેરવી ત્યાંનાં વિવિધ પ્રકારનાં પ્રાણીઓના કિસ્સાથી અદ્‌ભુતતા અનુભવાવશે; અને તેની સાથે આપણા ચિત્રકાર પંડિતની આબાદ પ્રાણીચિત્રણા જોઇ તમે ગર્વિત થશો.

બહારગામના એજન્ટો

વર્ધમાન ઍન્ડ સન્સ: ૧, પાયધુની, મુંબાઈ નં. ૩.

કરાંચી બુકસ્ટૉલ, નેપીઅર રોડ, કરાંચી.



અજન્તાનું ચિત્રાલેખન

શેઠ પુરુષોત્તમ વિશ્રામ માવજીના
સૌજન્યથી



પ્રાર્થના

: વૈતાલીય :

: ~~[illegible]~~ :

રમતે જ્યમ વત્સ સાંજરે
સહસા માતની યાદ ધારતું;
પ્રિય ! તેમ મધુર દર્શને
મમ શ્વાસે તુજ નામ જાગતું.

શિશિરે જ્યમ દીર્ઘ રાત્રિએ
ખમતી કંપ ગુલાબપાંદડી;
પ્રિય ! અંતર એમ ઠારીને
ધ્રુજતે પાંપણ કાઢું રાતડી.

પણ પાનખરે વસંતના
છુપલા સૂર વને કુજી રહે;
પ્રિય ! તેમ જ તારી પ્રાર્થના
પ્રગટે આતુર આજ જીવને.



'કુમાર' ઉગતી પ્રજા માટે નીકળે છે, એટલે તેમાંનાં લેખો તથા ચિત્રો વગેરે તેના જ વિકાસની ખાતર મુકાવાં જોઈએ: પરંતુ તેનો અર્થ એવો નથી કે ઉગતી પ્રજા જે કંઈ લખે કે ચીતરે તે બધું તેમાં આવવું જ જોઈએ. આવી ગેરસમજ ઘણા વાચકોની થઈ હોય એમ લાગે છે, કારણકે કુમારનો પહેલો અંક બહાર પડ્યો ત્યારથી કંઈ પાર વિનાના લેખો, કાવ્યો ને ચિત્રો મારા ટેબલ પર આવી પડ્યાં છે, અને તે દરેક કૃતિનો કર્તા પોતાની ચીજ 'કુમાર'માં છપાયેલી જોવા આતુર છે.

❧

આ ઉગતા લેખકો અને કલાકારોને અમે તદ્દન નાલાયક ગણતા નથી. પરંતુ 'કુમાર'નું દરેક પાનું વાંચનારને રસદાયક અને ઉપયોગી વાચનવાળું જ બને તેટલા ખાતર અમારે સાવચેતી રાખવી જોઈએ કે તેમાં કાચા લેખો ન આવી જાય. જે લેખકોએ લેખો મોકલ્યા છે તે સહુએ કાળજીથી 'કુમાર'ના અંકો વાંચી જવા જોઈએ. તે ઉપરથી તેમને 'કુમાર'ના લેખોનું ધોરણ સમજાશે અને ભવિષ્યમાં તેમની કૃતિઓ તે જ ધોરણે વ્યવસ્થિત અને સુરચિત કરવાની દૃષ્ટિ મળશે. ઉગતા લેખકો સિવાય કેટલાક બીજા જાણીતા લેખકોના લેખો પણ મને મળ્યા છે ખરા; અને તેમને પણ મારે આ ઉપલી જ વાત કહેવાની રહે છે. તે સિવાય 'લેખકોને' એ મથાળા તળે આવતા નિયમોમાંના પહેલા જ નિયમ તરફ એ લોકોનું હું ધ્યાન ખેંચું છું: 'ઉગતી પ્રજાને માટે જેની પાસે કંઈ પણ સંદેશો, પ્રેરણા, ઉપયોગી થવાની ઇચ્છા, કે માર્ગદર્શક હકીકતો હોય તે આ માસિક માટે ખાસ લખે.'

❧

'કુમાર'ના લેખો માટે ઝડઝમકવાળા શબ્દો, આડંબરી વાક્યરચના કે મોટા ગ્રંથકારોનાં મિથ્યા ટાંચણોની જરૂર નથી. પણ ખરેખર અનુભવની નજરે લખાયેલા, ચોક્કસ ઘડાએલા વિચારોવાળા, ઉકળાટ વિના લખાએલા, સ્પષ્ટ, સરળ ભાષામાં ભાવ દર્શાવતા ટૂંકા પણ ટંકોટંક લેખો જોઈએ. પછી તે શહેર કે ગામડાની વાર્તા હોય, ઈતિહાસ કે પુરાણનો પ્રસંગ યા સંવાદ હોય, પોતા અથવા કોઈ ઉપર વીતેલી બીના હોય, કોઈ સંસ્થા કે સંસારના ખોટા બંધારણ સામે ફરીઆદ હોય, પોતાના ધંધાની કોઈ તરકીબ હોય કે અક્કલથી ઉપજાવી કાઢેલો ટુચકો હોય; એ બધું 'કુમાર'માં આવી શકે. ગમે તેવી અઘરી કે ખાનગી વાત પણ સભ્ય અને મર્યાદાવાળી ભાષામાં લખી કે કહી શકાય એવું મારૂં માનવું છે. એટલે અમે તો જીવનના ઉપયોગી પાઠો આપી શકે તેવી કોઈ પણ બાબતનો તિરસ્કાર કરવા ઇચ્છતા નથી. આટલી બાબતોનું રહસ્ય ધ્યાનમાં રાખી લેખકો લેખ લખી ન શકે ત્યાં સુધી તેમણે સારા ગ્રંથોનો અભ્યાસ ચાલુ રાખવો, જગતના બનાવો બરોબર જોયા કરવા અને મનની સ્થિરતા રાખી તોલ કરતાં શીખવું. પ્રસંગોપાત પોતાના અનુભવોની નોંધ પણ ટપકાવતા રહેવું. આવી નોંધો ભવિષ્યમાં અપૂર્વ સાહિત્ય બની જવાના દાખલા છે.

❧

આ બધી શરતો પાળવા રહીએ તો તો કુમાર સાથે કંઈ જ સહકાર ન થઈ શકે એમ તમે ન સમજી લેશો. 'કુમાર'ના તંત્રી કંઈ સર્વદેશી કે સર્વજ્ઞાની નથી; તેમ તેની શક્તિ અને સાધનો પણ એટલાં બધાં નથી કે તમને જોઈતું બધી જ જાતનું જ્ઞાન ને અનુભવ તે પુરાં પાડે. એટલે બીજી ઘણી રીતે તમે તંત્રીને સહાય કરી શકો તેમ છો. તમે તમારા ગામની તવારીખ (ટૂંકો ઇતિહાસ) એકઠી કરો, અનુભવી અને વૃદ્ધ માણસોની પાસે બેસી જુના વખતના જીવનની હકીકતો નોંધી લો; તેમાં પણ અનેક કિસ્સાઓ હશે. તેમનાં સુખદુઃખો, રાજકર્તાના ફેરફારો, પરાક્રમી પુરુષો, બહારવટીઆઓ ને ધાડપાડુઓની વાતો,—અરે, સામાન્ય લાગતાં સ્ત્રી બાળકોની નવાઈભરી વાતો, દંતકથાઓ વગેરે સાહિત્ય તમે એકઠું કરી અમને મોકલી શકો.

❧

એ તો જુનો વારસો સંભાળી લેવાની વાત થઈ. એ ઉપરાંત હાલ તમારા ગામ કે શહેરની સંપત્તિ રૂપ જે વિદ્વાનો, કલાકારો કે કારીગરો હોય તેમનાં ચરિત્રો, હકીકતો કે કૃતિઓ તમે 'કુમાર' મારફતે જાહેર કરી

શકો, અને એ રીતે આ દેશમાં ઉત્પન્ન થએલાં નરરત્નોની તમે આલમને ઓળખી કરાવી શકો. ઘણીવાર કોઈ સામાન્ય માણસ પણ મોટું પરોપકારી કામ ચુપચુપ કરી રહ્યો હોય છે, અને તેની જીંદગી સુધી પણ કોઇ તેને ઓળખવા સમર્થ થઇ શકતું નથી. એવા માણસોનાં દર્શન થતાં તેની તરફ જગત કૃતજ્ઞતા બતાવે તો કંઇક અંશે ઈશ્વરી પ્રજ્ઞાનું સન્માન કર્યાનું પુણ્ય થાય.

ગયા અંકમાં મેં એક વાતનો ઇશારો કર્યો હતો કે ' કુમાર 'માં આવતા દરેક ચિત્રને બારીકાઇથી ધ્યાનપૂર્વક તપાસીને જો સમજશો તો તેમાં કંઇ ને કંઇ હેતુ કે ઉંડો ભાવ જણાશે. હમણાં જ મને એક મિત્રે પુછ્યું કે 'તમે પુંઠા પર હાથમાં ભાલો લઇને 'કુમાર'ને ઘોડે બેસાડયો છે એનો શો અર્થ ? એ છે તો બહુ સુંદર, પણ કંઇ અર્થ વિનાનું ચિત્ર દર મહિને પુંઠા પર આવ્યા કરે એ સારૂં કહેવાય ?' મને થયું તો હતું જ કે એ ચિત્રનો ભાવ તમને સમજાવી દઉં; ત્યાં ઠીક થયું કે આ ભાઇનો પ્રશ્ન થયો.

પરીઓની કે રાક્ષસોની, કોઇ રાજકુમારનાં પરાક્રમોની, મુસાફરનાં સાહસોની કે બહારવટીઆઓની બહાદુરીની વાર્તાઓ વાંચતાં કે સાંભળતાં તમને ઘણીવાર એમ નથી થતું કે એ વાર્તાના નાયક 'કુમાર' તમે પોતે જ છો? એ 'કુમાર'નાં સાહસો અને પરાક્રમો વાંચીને તમને શૂર ચડે છે; એને વિપત્તિમાં આવી પડેલો જોઇ તમે દીલગીર થાઓ છો; એને વિજય મેળવતો જોઇ તમને આનંદ થાય છે; કેમ જાણે તમે પોતે જ તે હો!

પ્ર સા દ

उपस्थास्ते अनमीवा अयक्ष्मा
अस्मभ्यं सन्तु पृथिवि प्रसूताः।
दीर्घं न आयुः प्रतिबुध्यमाना
वयं तुभ्यं बलिहृतः स्याम॥

—उपनिषद्

'ઓ માતૃભૂમિ ! તારા ખોળામાંના બધા બાળકો-અમારા ભાઇઓ-બળવાન અને રોગરહિત થાઓ. અમે સર્વ દીર્ઘાયુષી અને જ્ઞાનસંપન્ન બનીને તારે ખાતર પ્રાણનું બલિદાન દેવા તત્પર છીએ.'

માતૃભૂમિનાં સ્વાતંત્ર્ય અને ઉન્નતિને અર્થે પોતાના પ્રાણ અર્પવાના ભાગ્ય કરતાં મારા ઉછરતા કુમારોનું બીજું કયું મંગળ ઇચ્છું ?

રામચંદ્ર બળવંત આઠવલે

વાસ્તવિક રીતે, તમારી ઉમરે દરેક કુમારને જગતમાં બહાર પડી પરાક્રમો કરવાની, દેશપરદેશ જોવાની, અવનવા અનુભવો ને વિવિધ જ્ઞાન મેળવવાની હોંશ હોય છે. તેનું શરીર કોમળ અને તેની વય કાચી હોય છે, છતાં તેનું હૈયું પ્રેરણાની ઉર્મિઓથી છલકાતું હોય છે. એવો જ—તમારા જેવો જ એક કોમળ અને કાચી વયનો પણ હોંશભર્યા હૈયાનો સૌન્દર્યવંતો 'કુમાર' બાંકો બની બહાર નીકળી પડેલો તમે ચિત્રમાં જુઓ છો. તેની રાંગ નીચેનો તેજસ્વી, ઉછાળા મારતો ઘોડો એ દરેક 'કુમાર'-માં ઉછળતા અમીત ઉત્સાહનો ઉભરો સુચવે છે. પણ એ ઉત્સાહના ઉછાળા ઉપર વિવેકબુદ્ધિ (સારૂં નરસું સમજવાની બુદ્ધિ)નો કાબુ રાખી તેને યોગ્ય માર્ગે વાળવો જોઇએ. દૃઢતાથી ઘોડાની લગામ પકડી રાખેલો ચિત્રમાંના કુમારનો હાથ એ ભાવ સુચવે છે. પરાક્રમો કરવા નીકળેલામાં શક્તિ તો હોય જ. કુમારના હાથમાંનો ભાલો તેની શક્તિનું સૂચન કરે છે. માણસે પોતાની શક્તિ આડીઅવળી જેમતેમ વેડફી ન નાખતાં તેને એકઠી કરી નક્કી કરેલા લક્ષ્ય ઉપર અજમાવી ઘટે. ભાલાની અણી એ ચોક્કસ કરેલા લક્ષ્યબિન્દુ પર નિશાન મારવાનું સુચવે છે. આટલું સમજાવીને બાકીનું સમજવાનું તમારા પર જ છોડી દઉં છું. જેમ જેમ તમે એકાગ્ર થઇને એ ચિત્ર જોયા કરશો તેમ તેમ તમને એના ઉંડા ભાવ વધારે સ્પષ્ટ થતા જશે.

પહેલા અંકમાંના અરુણના મુખચિત્રને તો તેની નીચેની કવિતા સમજાવી દે છે. કુમારનું પહેલું પાનું જ્યાં

શરૂ થાય છે ત્યાં મથાળે દર વખતે જે એકનું એક ચિત્ર મુકાયા કરે છે તેના ભાવ, જો અંદરની વિગતો ધ્યાનથી જોઈએ તો સ્પષ્ટ સમજાય તેવા છે. સરસ્વતી દેવીની મૂર્તિ આગળ જ્ઞાન અને કલાકૌશલનાં સૂચક સાધનો પડેલાં છે. કુમારોનો વિકાસ દર્શાવતાં થોડાં પ્રફુલ્લ અને સુંદર કમળો અને જ્ઞાનનું સૂચન કરતા હંસો પણ તેમાં છે. અને આ બધાં વડે વિકસિત થઇને જેનો આત્મા વધુ સુંદર અને સંસ્કારી થયો છે એવા દિવ્ય કુમારના ગળામાં ફુલની વિજયમાળ આરોપી રહેલા બે હંસો તો સ્પષ્ટ છે. બીજા અંકના માણાવાવના મુખચિત્રની હકીકત તો તેની વાર્તા પરથી સમજાય તેવી છે. શાંત, ગંભીર અંતઃકરણે પોતાના ગામને ખાતર જાતનું બલિદાન દેવા નીકળેલાં એ વરવહુને ઝીલી લેવાને તત્પર થયેલાં જળદેવીની મૂર્તિ પહોળા હાથ કરીને વાવમાંથી ઉભરાતાં પાણીનાં મોજાં સાથે ઉછળતી આવે છે એ તો તમે જોયું હશે.

❧

'ઇતિહાસદર્શન'ના મથાળાના ચિત્રમાં ઈતિહાસનું મોટું ટીપણું ઉખેળી બેઠેલો કુમાર, પુસ્તકો વગેરે દ્વારા ઇતિહાસનું જ્ઞાન મેળવી આશ્ચર્યમુગ્ધ બની રહ્યો છે, અને તેની નજર આગળ વૃદ્ધ તથા કાળજુના ગંભીર ઇતિહાસ દેવતાની ઝાંખી મૂર્તિ તરી રહી છે. જુદે જુદે ઘેરથી ભિક્ષા માગી લાવી ગુજરાન ચલાવતા છોકરાની વાત કાકાસાહેબના 'માધુકરી'ના લેખમાં વાંચ્યા પછી તો, મને લાગે છે કે, એક હાથમાં ઝોળી અને બીજા હાથમાં પુસ્તકોનો થોકડો લઇ જતા છોકરાવાળા 'માધુકરી' વિભાગના મથાળાના ચિત્ર ઉપરથી, જુદાં જુદાં પુસ્તકોમાંથી જ્ઞાનસામગ્રી મેળવવાનો ભાવ સમજી શકશો. અને આ આપણી મિજલસને મથાળે આપણે સહુ વાતો કરતા બેઠા છીએ એ તો સમજી શકાય તેવું છે. આટલા ખુલાસા પછી રસાયણવિદ્યાના ચમત્કાર કે વીજળીની રમતો, આકાશદર્શન, પુસ્તકપરિચય, લીલા મેવા અને પ્રાર્થનાના વિષયો સાથે આવતાં શણગારચિત્રો સમજવાં સહેલાં થઈ પડશે.

❧

કોઇએ કહ્યું છે કે પોતાનું આત્મબળ ખીલવવા ઇચ્છનારે હમેશાં ઓછામાં ઓછાં ત્રણ કામ તો એવાં કરવાં જોઈએ કે જેને માટે તેને બહુ જ કંટાળો આવતો હોય. ઓહો! કંટાળો આવે એવાં કામ તો રોજ તમે સહુ કરો છો! જુઓને, તમને નીશાળે જવું ગમતું ન હોય છતાં જાઓ છો; રોજ મિષ્ટાન્ન ખાવાની મરજી હોય છે છતાં સાદો ખોરાક જ ખાઓ છો; મને પોતાને પણ બહાર ફરવા જવાનું બહુ મન છે, છતાં કમ બાંધીને આ માસિકના લેખો લખવા બેસવું પડ્યું છે. ટુંકામાં ઉપલી બાબતો વિષે વિચાર કરી જોજો. તમને ગમતાં અને અણગમતાં કામોમાં ફરજનાં કામો કંટાળાભરેલાં લાગે ત્યારે જ આત્મબળ ખીલવવાનો પ્રયોગ કરજો.

❧

ઘણીવાર આપણે માથે અણગમતાં કામો કરવાનાં આવી પડે છે; અને તે કરવાં જ પડે છે. જો કે આપણને તે કરવાનું મન થતું નથી. ધારો કે દીવાનખાનામાંથી બાવાંજાળાં કાઢી નાખવાનાં છે; જાજમ ઝાટકી નાખવાની છે; ઘરની ખાળ સાફ કરવાની છે; ઘરમાં કોઇ માંદું છે તેનો ઝાડો કે ઉલટી વાસણમાંથી નાખી આવવાં છે. રોજના અનુભવમાં આવા કેટલાયે પ્રસંગો બને છે, અને તે વખતે આપણે મનમાં હા ના કરી ઘણો નકામો વખત ગાળી નાખીએ છીએ: જોકે છેવટે તે કરવાં તો પડે જ છે. આવાં અણગમો ઉપજાવનારાં કામો વિષે મેં એક શોધ કરી છે, તે તમને અહીં વિનામૂલ્યે જણાવી દઉં છું કે. 'અણગમતાં કામોમાં અણગમો ઉત્પન્ન કરનાર તો તે વિષેનો વિચાર જ છે.'

❧

તમારે માથે આવી પડેલું કામ કરવાનું તો તમારે પોતાને હોય જ છે; પણ તે આવું છે ને તેવું છે કરીને તમે તેના પર વિચાર ચલાવો છો ને વાર લગાડો છો; અને એમાં જેમ જેમ વધારે વખત લાગતો જાય છે તેમ તેમ કામ વધારે ને વધારે ખરાબ દેખાતું જાય છે. એવાં કામો માટે સહેલો રસ્તો એ છે કે તે સામું આવે કે તરત પહેલું તેને જ ઉપાડી લેવું અને કશો લાંબોચોડો વિચાર કર્યા વિના પાર ઉતારી નાખવું. આપણે દવાની કડવી ગોળી કેટલી ઝડપથી ગળે ઉતારી જઇએ છીએ! સામું આવી પડેલું અણગમતું કામ પણ, એ ખરાબ છે કે નહિ તે બાબત કશો વિચાર કર્યા સિવાય ઝડપથી પુરૂં કરો. અને તરત તમને નવાઇ લાગશે કે એમાં ન ગમે એવું કશું નહોતું.

❧

આ અંકમાંના 'કલાતીર્થ અજન્તા' વાળા લેખમાં આપેલાં ચિત્રો ધ્યાનપૂર્વક જોવાની, અને બને તો થોડાં નકલ કરવાની હું ચિત્રકળાના અભ્યાસીઓને ભલામણ કરૂં છું. બરોબર સમજીને એ ચિત્રોની નકલ કરનારને એમાંથી ઘણું શીખવાનું મળશે.





Photo: Johnston & Hoffmann


હઠીસીંગનું દહેરૂં : અમદાવાદ

શેઠ હઠીસીંગે આ દહેરૂં આશરે ઇ. સ. ૧૮૪૦માં બંધાવ્યું છે અને એમાં શ્રી ધર્મનાથ તીર્થંકરની મૂર્તિની પ્રતિષ્ઠા કરી છે. ૧૧મા સૈકામાં આબુ ઉપર જે પ્રકારનાં દહેરાં બંધાતાં તેને અનુસરીને એ બંધાવ્યું છે. હિંદુ જૈન ઢબનાં મંદિરોના બાંધણી અને રચના જુના વખતમાં અતિ સુંદર અને ધન્યવાદને પાત્ર હતી. છતાં પાછળથી મુસલમાની કાળમાં એ સ્થાપત્ય અને શિલ્પમાં જે સુધારાવધારા થયા તેને લીધે તેમાં ઘણું સૌન્દર્ય અને સફાઈ આવ્યાં છે. પરંતુ જૈન ધર્મે આગ્રહપૂર્વક પોતાની રૂઢિને વળગી રહીને દેવળો બાંધવાનું ચાલુ રાખ્યું તેને લીધે હિંદુ ઢબનું છેલ્લામાં છેલ્લું સ્વરૂપ કેવું હતું તે જોવાનું શેઠ હઠીસીંગના દહેરામાં મળે છે. તેમાં અગાઉની જાહોજલાલી દેખાય છે, પણ અગાઉની સફાઈ નથી. સ્થાપત્યના ગ્રન્થોમાં મંદિરની આ બાંધણીને વિમાનઘાટની બાંધણી કહે છે.



અજન્તાની ગુફાઓ.
ચિત્રકાર : ડી. રામરાવ

કલાતીર્થ અજન્તા



ઘણા રસિક માણસો પોતાનાં ઘરોને છબીઓ વગેરેથી શણગારે છે; કેટલાક વધારે પૈસાદાર હોય છે તે અંદરના થાંભલા, ઝરૂખા, ગોખ વગેરે પર કોતરણી કરાવે છે, અને ઘરની અંદરની તથા બહારની ભીંતો પર ચિત્રો ચીતરાવે છે. આ કોતરણી અને ચીતરામણની કળા અત્યારે તો આપણે ત્યાં બહુ જ અધમ દશાએ પહોંચી છે. પરંતુ જુના વખતમાં આપણા દેશમાં એ કળાઓ સંપૂર્ણ રીતે ખીલેલી હતી. રાજાના મહેલોથી માંડીને ગરીબોનાં ઝુંપડાં અને સાધુઓને રહેવાની જંગલમાંની ગુફાઓ સુદ્ધાં બધે શિલ્પ અને ચિત્રકામ કરવામાં આવતાં. અત્યારે તો એ જુના વખતના મહેલો કે મકાનો કંઇ રહ્યાં નથી, પણ જંગલમાંની કેટલીક ગુફાઓ હજુ કુદરતના રક્ષણને લીધે જળવાઇ રહી છે. એ ગુફાઓમાંનાં કોતરકામ અને ચિત્રો એટલાં તો અદ્‌ભુત અને સુંદર છે કે જે જુએ છે તે દંગ થઇ જાય છે. અજન્તાની ગુફાઓ આવી ગુફાઓમાંની એક છે.

જુના કાળમાં વનમાં વસતા તપસ્વીઓ અને સાધુઓ ટાઢ, તડકા અને વરસાદથી પોતાનું રક્ષણ કરવા કુદરતી રીતે બનેલી ગુફાઓમાં આરામ લેતા. ધીમેધીમે તેમને ઇશ્વરભજન અને ધર્મચિંતન કરવા સારૂ આવી એકાંત ગુફાઓ બહુ ફાવવા માંડી, એટલે તેઓ પહાડોની કઢણમાં મોટી ગુફાઓ કોતરવા લાગ્યા, અંદર મઠો બાંધવા લાગ્યા અને વખત જતાં તેમાં સુંદર કોતરકામ તથા ચિત્રકામ પણ થવા માંડ્યું.

અજન્તાની ગુફાઓ બૌદ્ધ સાધુઓના વખતમાં કોતરાએલી છે. ઇ. સ. પૂર્વે ૨૦૦થી ઇ. સ. ૭૦૦ સુધીના વચ્ચેના ૯૦૦ વર્ષના ગાળામાં અજન્તા વસેલું હતું. એ વખતે ગુફાઓમાં સાધુઓના મઠો, વિહારો અને ચૈત્યો ઉપરાંત બૌદ્ધોની મોટી વિદ્યાપીઠ પણ હતી.

પહાડોની એક રમણીય અને એકાંત ખીણમાં આશરે અઢીસો ફુટ ઉંચા એક ખડક પર અજન્તાની ૨૯ ગુફાઓ ૬૦૦ વાર જેટલી પહોળાઇમાં ચંદ્રાકારે પથરાએલી છે. એ સુંદર ગુફાઓના મોં આગળ જ નીચે એક નાનું ઝરણું હજીયે ચોમાસામાં વહી રહે છે. આસપાસના ટેકરા ટેકરીઓ પર ખીલી ઉઠેલાં ફુલોની મહેકથી તથા વનસ્પતિથી પ્રફુલ્લ બની રહેલા એ શાન્ત વાતાવરણમાં, પક્ષીઓના કિલકિલાટ અને ખળખળ વહેતા પાણીના મન્દ ધ્વનિ વચ્ચે, એ ઝરણાને કાંઠે વિદ્યાર્થીઓ અધ્યયન કરતા અને બૌદ્ધ સાધુઓ પ્રાર્થના કરતા ફરતા.

ગુફાની અંદર વિહારોમાં સભામંડપો તથા સુવાનાં ભોંયરાંઓ, અને ચૈત્યોમાં સ્તૂપ પરસાળ, પૂજાના ઓરડાઓ તથા બીજા અનેક ખંડો છે. આ સહુની અંદર ભીંતો, છતો અને થાંભલાઓ ઉપર બધે સુંદર કોતરણી અને ચિત્રો કરેલાં છે. તેમાંયે ચિત્રકામ તો અદ્‌ભુત છે. વિદ્વાન બૌદ્ધ ભિખ્ખુઓ પોતાના વિદ્યાર્થીઓને અહીં શીખવતા અને ધર્મચિંતન કરતા. પિતાપુત્રના ભાવથી સહુ અહીં વસતા અને સઘળે પ્રેમ, ભક્તિ ને સૌન્દર્યનું વાતાવરણ છાઇ રહેતું.

પણ વખત વહેતો ગયો, ધીમેધીમે બૌદ્ધ ધર્મની પડતી થતી ગઇ અને ઇ. સ. ૭૦૦ પછી તો આ આ ગુફાઓ પણ ઉજડ થઇ ગઇ. સુભાગ્યે આસપાસના ભાગમાં વનસ્પતિ ઉગીને અને ખડકોના પત્થરો આવી પડીને એ ગુફાઓનાં મોં બંધ થઇ ગયાં, અને આમ

લગભગ ૧૧૦૦ વરસ સુધી કુદરતે અંદરનાં ચિત્રો તથા કોતરકામનું માતાની પેઠે રક્ષણ કર્યું. સોએક વર્ષ પહેલાં શીકારે નીકળેલા એક અંગ્રેજની નજરે આ ગુફાની એક કમાન ઓચિંતી પડી. તપાસ કરતાં ગુફાઓ મળી આવી અને ધીમેધીમે તેની ખ્યાતિ ફેલાતી ગઇ. એ વખતે હિન્દુસ્તાનમાં કંપની સરકારનું રાજ્ય જામતું જતું હતું. જે જે અંગ્રેજની નજરે આ ગુફાઓ ચડી તે સહુ એ જોઇને આશ્ચર્ય મુગ્ધ થઇ ગયા, અને તેમણે તેની સાફસુફી, રક્ષણ તથા બને તેટલો જીર્ણોદ્ધાર કરવા સરકારમાં લખાણ કર્યાં.

મેજર ગિલ નામના અંગ્રેજે પહેલવહેલાં એ ચિત્રોની થોડી નકલો ઉતારી ઇંગ્લંડ મોકલી. ત્યાં એક પ્રદર્શનમાં એ મુકાએલી, તે પ્રદર્શનને આગ લાગવાથી તે સાથે બળી ગઇ. ત્યાર પછી મુંબઇ સ્કુલ ઑફ આર્ટ્સના પ્રિન્સિપાલ ગ્રિફિથે પોતાના વિદ્યાર્થીઓની મદદથી મોટે ખર્ચે તે ચિત્રોની ફરીથી નકલ ઉતારી અને તેને છપાવ્યાં. પરંતુ ગ્રિફિથનાં દોરેલાં મુળ ચિત્રો પણ સાઉથ કેન્સિંગ્ટન મ્યુઝીઅમમાં મુકેલાં તે ત્યાં આગ લાગવાથી ફરીથી બળી ગયાં. માત્ર થોડાં છુટાંછવાયાં બીજે હતાં તે બચી જવા પામ્યાં. ત્યાર પછી ફરી એકવાર ઇન્ડીઆ સોસાયટીએ લેડી હૅરિંગહામને એ ચિત્રોની નકલ કરવાનું સોંપ્યું; અને તેણે બંગાળાના નંદલાલ બોઝ અને સૈયદ અહમદ વગેરે હિન્દી ચિત્રકારોની મદદથી ફરીથી નકલો તૈયાર કરી તે ઇન્ડીઆ સોસાયટીએ છપાવી બહાર પાડી.



સો વર્ષ પહેલાં ગુફાઓ પહેલી નજરે પડી ત્યારે પણ એ પંદરસો વર્ષનાં જુનાં ચિત્રોના રંગોપર પહેલાંના જેવી તાજી ચમક હતી. પણ ગુફાઓ શોધાયા પછી તરતમાં તેની સંભાળ લેવાનું ન બની શકાવાથી એ અરસામાં ઘણા અજ્ઞાન લોકોએ ચિત્રો વેડફી નાખ્યાં. ચામાચીડીઆં, ભમરા અને બીજા જંતુઓએ કેટલુંક નુકસાન કર્યું; રઝળતા સાધુબાવાઓ બેદરકારીથી અંદર ચુલા માંડી રાંધીખાઇ ચાલ્યા જતા તેના ધુમાડાથી ઘણાં ચિત્રો ખરાબ થઇ ગયાં; કોઇ રખડેલ મુસાફરો કે આસપાસનાં ગામડાંનાં છોકરાઓએ ભીંતો પર લીટા કે ઉઝરડા પાડી તે ખરાબ કર્યાં; તો કોઇ પરદેશીઓએ પોતાના વિલાયતના મિત્રો વગેરેને ભેટ આપવા માટે કેટલાંક ચિત્રોનાં માથાં કાપી લીધાં ! આમ ઘણાંખરાં ચિત્રો નાશ પામ્યાં, અને અત્યારે સરકારની પુરતી ખબરદારી અને રક્ષણ હોવા છતાં પણ એ ધીમેધીમે ઉખડી નાબુદ થતાં જાયછે.

દિલગીરીની વાત છે કે આપણા દેશમાં લગભગ ઘણાખરા લોકોને અજન્તા શું છે એની પણ ખબર નથી. આવો અપૂર્વ અને સુંદર કલાસંગ્રહ બીજા કોઇ દેશમાં હોત તો અત્યંત કાળજીથી તેનું રક્ષણ કરવામાં આવત અને લોકો પરમ પૂજ્ય ભાવે એ કલાતીર્થની યાત્રા કરી તેના દર્શનથી કંઇ કંઇ પ્રેરણા પામત.

અજન્તાની ગુફાઓ નિઝામના રાજ્યમાં આવેલી છે. ખાનદેશ અને દક્ષિણના સપાટ પ્રદેશને છુટા પાડતા વિંધ્યાચળ પર્વતના એક ઘાટના નાકા ઉપર અજન્તા નામનું નાનું ગામ છે. આ ગામથી ચાર માઇલ દૂર

અજન્તાની ગુફાઓ આવેલી છે. જી. આઈ. પી. રેલ્વેના જળગાંવ સ્ટેશનથી મોટર કે ગાડીમાં બેસીને અજન્તા જવાય છે.

અજન્તાની ગુફાઓ તેનાં સ્થાપત્ય, શિલ્પ અને ચિત્ર એ ત્રણ કળાઓ માટે પ્રખ્યાત છે. તેમાંયે ત્યાંની ચિત્રકળા તો અતીવ સુન્દર છે, અને જગત આખાની ચિત્રકળાના ઈતિહાસમાં તેનું સ્થાન અસાધારણ છે. તેમાં બુદ્ધ ભગવાનના જીવનનાં અને તેમના પૂર્વ જન્મની કથાઓનાં ચિત્રો ઉપરાંત, રાજમહેલો, દરબારો, સવારી અને શીકારના દેખાવો, સામાન્ય લોકજીવનના પ્રસંગો, કમળની કુંજો અને ઉપવનો, વનશ્રી, પશુ અને પક્ષીઓ—બધું આવેશભર પ્રેરણાથી ચીતરેલું છે. ભીંતો અને છતો, પરસાળો અને થાંભલાઓ બધાં આવાં ચિત્રોથી સભર ભર્યાં છે. તે એટલાં સુંદર અને સજીવ છે કે સર્વ આપણી આંખ સામે રમતાં દેખાય છે. એ ચિત્રોનું લાવણ્ય એટલું મનોરમ છે, એના રંગોની જમાવટ એટલી સુમેળ છે અને તેમાંના ભાવો એટલા ઉંડા અને સચોટ છે કે જોનારનાં હૃદયને તે ભક્તિમુગ્ધ કરી દે છે. હાલમાં બંગાળામાં ચિત્રકારોનો જે નવો સંપ્રદાય નીકળ્યો છે તે અજન્તાનાં ચિત્રોમાંથી જ પ્રેરણા મેળવે છે. ચિત્રકળાના અભ્યાસીઓને માટે અજન્તા એ પ્રેરણાનો ભંડાર છે. ખરે જ અજન્તા એ કલાનું તીર્થ છે.

અધ્યાપક નારાયણ મલકાનીએ નીચેના લેખમાં અજન્તાના ચિત્રકારો અને ચિત્રશૈલિ વિષે ઘણું સુંદર વિવેચન કર્યું છે. અજન્તાની આટલી પિછાન પછી વાંચનારને તે જરૂર રસદાયક થઈ પડશે.

અજન્તાના ચિત્ર


અજન્તાનાં ભીંતચિત્રો દુનીઆભરમાં જાણીતાં છે. એવું મનાય છે કે પૉમ્પી નગરને બાદ કરતાં જગત આખામાં મોટામાં મોટો પ્રાચીન ચિત્રસમુદાય અજન્તાની ગુફાઓમાં છે. મુળ ત્યાંની કુલ ૨૯ ગુફાઓમાંની ૧૬ પ્રથમ સચિત્ર કરવામાં આવી હતી; પરંતુ હાલ તો તેમાંની માત્ર ત્રણ જ જુના કાળની ભભકના અવશેષ જાળવી રહી છે. છઠ્ઠા અને સાતમા સૈકાની કેટલીક ગુફાઓ સૌથી મોટી છે, અને તેમાંનું ચિત્રકામ પણ સર્વશ્રેષ્ઠ છે. એ ઓગણત્રીસ ગુફાઓમાંની પહેલી, બીજી, સોળમી અને સત્તરમી ગુફાઓ આશરે ૧૦૦ ફુટ લાંબી, ૮૦ ફુટ પહોળી અને ૧૫ ફુટ ઉંચી છે. આટલી વિશાળ એ હોવા છતાં તેની ભીંતો, છત, સ્થંભો, પ્રદક્ષિણા-માર્ગો, પ્રવેશદ્વારો અને બહારના ખંડો—બધાં ચીતરામણથી ભરી દેવામાં આવ્યાં છે. ભીંતો ઉપરનાં કેટલાંક ચિત્રો તો પંદર પંદર ફુટ લાંબાં અને તેટલાં જ પહોળાં છે. અજન્તાનું ચિત્રકામ ઇ. સ. પૂર્વે બીજા સૈકામાં શરૂ થઈને ઇ. સ. ના સાતમા સૈકામાં પુરૂં થયું હતું. આપણે જોઈને સ્તબ્ધ થઈ જઈએ એટલું ભારે ચિત્રકામ ત્યાં થયું છે. તેના વિસ્તારનો અને તે પર લેવાએલી અથાગ મહેનતનો ખ્યાલ આપણને ઠંડા કરી મુકે છે. એવું અદ્‌ભુત કામ માત્ર દૃઢ સંકલ્પ, અંતરની લગની અને જ્વલંત જીવનભાવનાનું જ પરિણામ હોઇ શકે. ત્યાંના કાર્ય કરનારે પોતાના કાર્યને જ ઉપાસના માની લીધી છે; અને એના એ ધર્મકાર્ય પરની તેની શ્રદ્ધાની પ્રબળ ભાવના તેમાં સ્પષ્ટ દેખાય છે. જો એને પરિશ્રમ કહેતા હો તો એ પ્રેમપરિશ્રમ છે—પ્રીતિથી છલોછલ ભરેલો પરિશ્રમ છે; જો એને કાર્ય કહેતા હો, તો એ કાર્યમાં આરાધના છે.

અજન્તાનાં ચિત્રો સુંદર કૃતિઓ છે; તે ઉપરાંત તેમાં સંસ્કારી કળા છે. તેનું કલ્પનાવિધાન ભવ્ય છે, તો તેની ચિત્રણા તેથી યે અદ્‌ભુત છે. એ ચિત્રોના કરનારાઓમાં કલ્પના ઉપરાંત સંસ્કાર અને રસવૃત્તિ પણ છે એવું દેખાઇ આવે છે. તેઓએ સંસાર જેવો નીરખ્યો તેવો જ આવેશભર ચીતરી બતાવ્યો. તેઓ કોઇ વૈરાગી કે તપસ્વીઓ નહોતા; સંસારમાં વસતા છતાં સંસારી જીવ નહોતા. વિવિધ રસથી ભરેલું કોઇ નાટક જોઈ રહ્યા હોય અને તેને ચીતરી રહ્યા હોય એવું તેમનાં ચિત્રો પરથી લાગે છે.

એમના સમયમાં સંસાર વિધવિધ ઉર્મિઓથી ઉછળતા નાટક જેવો હતો. દેશભર લાગણીઓનું એક મોટું મોજું ફરી વળ્યું હતું. બુદ્ધ ભગવાનના

અલૌકિક ઉપદેશથી સારી આલમ ચેતી ઉઠી હતી. આવે સમયે જીવનની ઉન્નતમાં ઉન્નત ભાવનાઓ પ્રજાના પામરમાં પામર મનુષ્યને ગળે ઉતરી જાય એવી રીતે સમજાવવાની ફરજ એ ચિત્રકારોને માથે આવી પડી. તેમણે તે ઝીલી લીધી અને આબાદ ઉતારી. અજન્તાનાં ચિત્રો એ તો તેમના એ પ્રયત્નોનો અવશેષ માત્ર છે. એ ચિત્રોમાં ચિત્રકારની બુદ્ધ ભગવાન પ્રત્યેની ભક્તિ છે; ઉચ્ચ ને નીચ, ગરીબ ને તવંગર સહુને માટેના ભગવાન બુદ્ધના ઉપદેશોનો ભાવ તેમાં આલેખેલો છે.

જ્વલંત શ્રદ્ધાથી ભરેલા એ ચિત્રકારોમાં આવેશભરી સહૃદયતા હતી. તેઓ પ્રેરણાથી ભરેલા હોવાથી તેમની કળામાં ઊર્મિઓનું નૃત્ય હતું. કોઇ ધનવાનોને ખુશી કરી તેમની મહેરબાની મેળવવા તેઓ છબીઓ નહોતા કાઢતા; કામીઓની વાસના જગાડવા કે જુવાનોને ચળાવવા સારૂ તેઓ સ્ત્રીઓ નહોતા ચીતરતા. તેઓ રાજદરબારો ચીતરતા, પણ તે રાજ્યનો વૈભવ બતાવવા નહિ; શીકારના દેખાવો ચીતરતા, પણ તે હિંસાને ઉત્તેજન આપવા નહિ; પણ એ ખાલી ભભકો અને ક્રૂરતા ઉઘાડાં પાડવા. પ્રેમ અને દયાનો સંદેશ સમસ્ત જગતને પહોંચાડવા તેઓએ તે આલેખ્યાં છે. જગતને તેમણે બંધુભાવે એક કુટુંબ જેવું માન્યું; અને એ કારણેજ તેમની કળામાં મહત્તા આવી.



આવી ભાવનાઓથી ભરેલા અજન્તાના ચિત્રકારો ભવ્ય કલ્પના રચતા અને ઉદાત્ત મનોભાવે તે ચીતરતા. તેમનાં ચિત્રોમાં સૌન્દર્ય હતું. સાધારણ જીવનના પ્રસંગોમાં તેઓ એ સૌન્દર્ય જોઇ શક્યા છે અને ચિત્રોમાં ઉતાર્યું છે. તેમણે વિશાળ અને રુદ્ર ભાવો નહિ પણ સૌમ્ય અને શાન્ત ભાવો આલેખ્યા છે; પ્રબળ અને પ્રતાપી નહિ પણ સુરૂપ અને સુન્દર સ્વરૂપો ચીતર્યાં છે. ત્રીજી આંખ, વધારાના હાથ કે વધારેપડતાં માથાં તેમણે નથી ચીતર્યાં; પણ મૃદુ આંખ, સુકોમળ હાથ, યૌવનથી ખીલતા ચહેરા અને સુલલિત દેહલતા તેમને બસ લાગ્યાં છે. સંસારમાં વિહરતાં આ વસ્તુઓ તેમની નજરે ચડતી અને તેમની કળામાં સહજ ઉતરી આવતી. કુદરતની મર્યાદા તેઓ જાણી શક્યા હતા, એટલે તેના નમુનાઓમાં ખુટતી વસ્તુઓની પુરવણી કરીને તથા યોગ્ય ફેરફારો કરીને તેનું કાર્ય પુરૂં કરી લેતા. જુદી જુદી વસ્તુઓ એ કલાકારને મન વિચાર બતાવનારાં સાધનો માત્ર છે; તેથી તે વસ્તુઓને જેવી દેખાય છે તેવી ન ચીતરતાં પોતાના મન પર તેની જેવી છાપ પડે છે તેવી જ તેને આલેખે છે. બહાર સાદે સ્વરૂપે દેખાતા આકારો તેના કલામય મગજમાં એક ખાસ પ્રકારનું આદર્શ સ્વરૂપ ધારણ કરે છે. ખરો કલાકાર વસ્તુઓને જડ ફોટોગ્રાફની પેઠે જેવી જુએ છે તેવી ચીતરતો નથી, પણ કવિની પેઠે ઊર્મિભરિત નેત્રોથી તેને નીરખે છે અને જીવનના આવેશથી તેને ચીતરે છે. અજન્તાનાં ચિત્રો સુંદર લાગે છે તેનું કારણ એ છે કે તેના ચિત્રકારોમાં ઊર્મિઓ હતી—કળાની નજર

હતી. એક સાધારણ રાહદારી પણ તેમને નજીવો લાગ્યો નથી. તેઓ બારીકીથી તેનું અવલોકન કરતા, અભ્યાસ કરતા અને પરીક્ષા કરતા; અને પછી તેમાંથી કુરૂપ અને વિકૃત હોય તેટલું તજી દઇને શિષ્ટ લાગે તે જ સ્વીકારતા; વિરૂપતા બાદ કરીને સુંદર તત્ત્વ ઉપાડી લેતા. હોઠ ઉપર સ્મિત મુક્તા, આંખમાં ચમક આપતા, અંગમરોડમાં લાવણ્ય અને દરેક ભાવમાં સજીવતા આણતા. આ ઉપરથી એમ નથી માનવાનું કે એમના સમયમાં સંસાર દેવભૂમિ સમો અને માનવીઓ સુંદર ફિરિશ્તાઓ જેવા હતા; પણ ચિત્રકારોના મનોરાજ્યમાં તો એમ જરૂર હતું જ. તેઓ એ દેવભૂમિમાં પોતાના મનથી વિહરતા અને તેને નીરખતા; અને તેથી જ પોતાની કલ્પના અને ઉર્મિના બળ વડે તેમણે તે આલેખી બતાવ્યું છે.

અત્યારનો કોઇ પણ કલાકાર જો પોતાની કળાને ઉત્કૃષ્ટ કરવા માગતો હોય તો તેણે અજન્તાની કળામાંથી પ્રેરણા મેળવવી જોઇએ. આર્યાવર્તની એ સર્વશ્રેષ્ઠ, ભવ્ય અને સુંદર કળા છે. આર્ય સંસ્કૃતિના ગૂઢ ભાવ સમજવાની, આર્યોના આદર્શો અને રસવૃત્તિ જાણવાની કોઇને આકાંક્ષા હોય તો તેણે અજન્તાની કળા સમજવા યત્ન કરવો. જે જશે અને જોશે તે જાણશે કે અજન્તાની કળા તેના ચિત્રકારોની શ્રદ્ધા, ઉચ્ચભાવ અને ઉલ્લાસને લીધે જ ઉત્કૃષ્ટ છે. કલાકારમાં અનુકંપા અને સાચી ઉપાસના ન હોય તો કળા ઉચ્ચ કોટિની ન જ થઇ શકે. ગુરુઓ બુદ્ધિ દ્વારા જે જ્ઞાન આપી શકે છે તેટલું જ જ્ઞાન કલાકારો ઉર્મિ દ્વારા આપી શકે છે; અને તેટલે અંશે તેનું કાર્ય જરૂર ઉચ્ચ છે.

નારાયણ ર. મલકાની

પ્રાણદાયી હવા

એક ગામડાના લોકો બહુ જ ભોળા અને ભલા હતા. મોટેરાંનાં વચનને માન આપતા અને તેઓ કહે તેમ કરતા.

તે ગામમાં જુના જમાનાનો એક ડોસો રહેતો હતો. તે હમેશાં કહેતો કે હેમંત ઋતુની હવા બહુ જ નરવી હોય છે. તે જેટલી શરીરમાં જાય તેટલો માણસ વધારે તન્દુરસ્ત અને બળવાન બને. હેમન્તની હવા એટલે શુદ્ધ પ્રાણ.

કાળે કરીને ડોસો દેવલોક પામ્યો એટલે લોકો તેને વધારે સંભારવા લાગ્યા. તેના શ્ર ને દિવસે સહુ ગામલોક ભેગા થતા અને તેનાં વચનો યાદ લાવતા.

એક વખત એક જણે કહ્યું. 'ભાઇઓ, ડોસા કહેતા તે પ્રમાણે ચાલીશું તો જ સુખી થઇશું. આપણે એમ કરીએ, કે હેમંતઋતુ પુરી થતાં પહેલાં ઘરનાં બારીબારણાં બંધ કરી પ્રાણદાયી હવા સંઘરી રાખીએ. બીજી હેમંત આવશે ત્યાં સુધી તે પહોંચશે. ઘરમાં થી બહાર જવાનું બનતાં સુધી ઓછું રાખીએ, અને તે પણ એક નાનકડું બાકોરૂં રાખીને તેમાંથી જ. પ્રસંગ પડ્યે જરા ઉઘાડ્યું કે તરત બંધ ! '

આ સલાહ સહુને ગળે ઉતરી અને બધા તેમજ કરવા લાગ્યા. પરિણામ શું આવ્યું તે કહેવાની જરૂર નથી.

રૂઢિ ઉપાસક, પુરાણપ્રિય ચુસ્ત સનાતની હિન્દુ સમાજ તે પરિણામ હમેશાં અનુભવે જ છે.





વસંત

વસંત તો નવરંગ મઝાની!

શીઆળો વીત્યો ને વીત્યા
ઠંડીના ચમકાર ગુલાબી;
શીતળતાને શોષી લેતી
તડકામાં તીખપ કંઈ આવી;
લાવી તે સુંદરતા છાની:
વસંત તો નવરંગ મઝાની!

પાન ખરેલાં વૃક્ષે આવી
કુંપળીઓ કૈં હસે વિખુટી;
ખીલી પચરંગી વનવેલો,
ફુલોની તો બહાર છુટી;
ફુટી મંજરીઓ આંબાની:
વસંત તો નવરંગ મઝાની!





વાયુ મંદ મધુરા વાતાં
જંગલની વનદેવી જાગી;
પંખી ગીતો ગાવા લાગ્યાં,
કૂજનની રસતાળી વાગી;
પુષ્પકળી જો નાચે નાનીઃ
વસંત તો નવરંગ મઝાની !

આ આંબેથી પેલે આંબે
ટહુકા કરતી મધુર મધુર;
ગાતી કુહુ કુહુ કુહુ કુહુ ઉડતી,
કોયલડી તો ગાંડીતૂર;
દીસે જાણે એ દીવાનીઃ
વસંત તો નવરંગ મઝાની !

નવપલ્લવ સુંદર તરુ પરનાં
પુષ્પો ઉપર કુંજે કુંજે;
મધુર પરિમલ પીતા પીતા
ભમરા ગણગણ ગણગણ ગુંજે;
કરતા મધુરસની મીજમાની;
વસંત તો નવરંગ મઝાની !

સ્ફટિક સમ નિર્મળ સરવરના
જળમાં હંસ રમે ઉજળા;
મયુરી સંગે સઘન કુંજમાં
નાચે મોર કરીને કળા;
ગળકે કેવો એ ગુમાની !
વસંત તો નવરંગ મઝાની !

કલરવતા વનસંગીત માંહે
બુલબુલના શા મીઠા સુર !
ધરણી, ગગન, વનવાટ, સરિત, સર
સઘળું લાગે મધુર મધુર;
પ્રસરે ગંધ મધુર ચંપાનીઃ
વસંત તો નવરંગ મઝાની !

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ

પંડિત વિષ્ણુ દિગંબર

મહારાષ્ટ્રમાં કુરુંદવાડ કરીને એક સંસ્થાન છે. આજથી આશરે પચાસેક વર્ષ પહેલાં કોઈ શુભ પ્રસંગે ત્યાં મોટો દરબાર ભરવાની તૈયારી થઈ રહી હતી. સહુ અમલદારો, સંભાવિત ગૃહસ્થો વગેરેને તેમાં આમંત્રણ હતું; પણ ત્યાંનો રાજગાયક આમંત્રણ વિનાનો રહ્યો હતો. રાજ્યને જણાયું હશે કે આખરે ગવૈયો તે ગવૈયો જ. એને વળી આમંત્રણ શાં? પોતાને આમંત્રણ નથી એમ જાણી રાજગાયકને દુઃખ થયું. પણ શું કરે? સંસ્થાનનો નોકર, એટલે પડે તેટલું ખમી લે. પરંતુ ગુરુનું આ અપમાન તેનો તેજસ્વી તરુણ શિષ્ય સાંખી ન શક્યો. ઉચ્ચ કલા પ્રત્યે રાજ્યે બતાવેલી આ અપમાનભરી બેદરકારી તેને અસહ્ય લાગી. તે રાતોપીળો થઈ ગયો અને રોષના આવેશમાં ચાણક્યની પેઠે તેણે પ્રતિજ્ઞા કરી કે 'આ જન્મમાં જ સંગીતકલાનો દરજ્જો ઊંચો કરવો અને ગવૈયાઓનું માન વધારવું. આજથી એ મારા જીવનનું ધ્યેય રહેશે'. આ તરુણ તે પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કર.

એક કાળે આપણી આ ભરતભૂમિમાં સંગીત જીવન સાથે ગુંથાઈ ગયું હતું. બ્રાહ્મમુહૂર્ત (રાતના પાછલા પહોર)માં સુતેલા સંસારીઓ ઋષિઓના સામગાન કે મંગળ સ્તોત્રોના સાત્ત્વિક સ્વરાલાપોથી અદ્‌ભુત વાતાવરણનું ભાન કરી જાગી ઉઠતા. નગરોની શેરીઓમાં ગાયકો નારદીય વીણા લઈ લોકોની વચ્ચે સ્વરોની રેલ કરી દેતા. દેવમન્દિરોમાં સરણાઈ અને દુંદુભિનાદ આઠે પહોર થયા કરતો. સ્ત્રીઓ દરેક કામ કરતાં પુણ્યનામી પુરુષોનાં ગીતગુંજન કર્યા કરતી. બાળકોનું વિદ્યાધ્યયન પણ છંદ અને ગાનમાં જ થતું. સંગીતપ્રવીણ ગાયકો મનુષ્યથી ઉચ્ચ કોટિના ગન્ધર્વો જેવા લેખાતા.

પણ ધીમે ધીમે આ દશા બદલાઈને વિલાસી યુગોમાં સંગીત બહુ અધમ દશાએ પહોંચ્યું. જે સંગીત આત્માના વિકાસ માટે, કાર્યની સ્ફુરણા માટે કે હૃદયના ઉચ્ચ ભાવો જાગૃત કરવા સરજાયું હતું. તેનો ઉપયોગ પૈસા કમાવામાં, વિલાસી શ્રીમંતોની વાસનાઓ તૃપ્ત કરવામાં ને હલકી મનોવૃત્તિઓને આવેશભર ખાલી કરવામાં થવા લાગ્યો. બીજી રીતે કહીએ તો સમાજનું પતન થવા સાથે લોકોના સંગીત વિશેની ખરી અને ઉચ્ચ ભાવના પણ પતિત થઈ. પરિણામ એ આવ્યું કે ખાનદાન અને સભ્ય કુટુંબોમાંથી સંગીતને રજા મળી, ગાઈ બજાવી જાણનાર લફંગો લેખાવા માંડ્યો અને સમાજમાંથી સંગીત અદૃશ્ય થવા લાગ્યું.

છતાં બંગાળા, ઉત્તર હિન્દુસ્તાન, મહારાષ્ટ્ર અને આગળ દક્ષિણમાં સંગીત તદ્દન નાબુદ નહોતું થઈ ગયું. માત્ર આપણા ગુજરાતમાં તેનો સમુળગો અભાવ થઈ ગયો હતો એટલે લોકો પણ નિસ્તેજ અને નીરસ, તથા માત્ર પૈસા કમાવાની લોલુપતાવાળા બની ગયેલા. જીવનનો આનંદ કે ઉર્મિનો ઉછાળો તો તમને ક્યાંય જોવા પણ ન મળે. ચમકતી આંખોવાળા, નાચતા ખેલતા ને કિલકિલાટ કરતા કુમારો ને યુવાનોને બદલે ઠંડા, ગંભીર ઘુવડ જેવા બની ગએલા, અકાળે વૃદ્ધ થઈ ગએલા યુવાનો જ દેખાય. ચાર બંગાળીઓ એકઠા મળે તો આનંદથી મૃદંગ કે

બસીથી અંતર ખીલવે; ઉત્તર હિન્દમાં તો ઘેર ઘેર ઢોલક ને ઘેર ઘેર તાન; મહારાષ્ટ્રમાં પણ દરરોજ રાત્રે ભજનમંડળી અને જલસા જામે જ. આમાં સંસારની ગડમથલ, થાક અને ચિંતા ક્યાંયે વિસરાઇને અદૃશ્ય થઇ જાય.

આનંદની વાત છે કે રાષ્ટ્રીય નવયુગનાં આંદોલનોની સાથે ગુજરાતમાં સંગીતનું તત્ત્વ પણ દાખલ થયું છે અને તેનો પ્રચાર વધતો જાય છે. એ પ્રચારની શરૂઆત રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓથી થઇ છે. સરકારી શાળાઓમાં સંગીતને લેશભાર પણ સ્થાન ન હોવાને લીધે પ્રજાને આટલાં વર્ષો સુધી જીવન અને આનંદનો નિઃસીમ ભોગ આપવો પડ્યો છે.

ગુજરાતમાં સંગીતની જે પ્રવૃત્તિ હમણાં થતી જાય છે તેની શરૂઆત આજથી પચીસેક વર્ષ પર બીજા પ્રાંતોમાં કરનાર, સંગીતનો આનંદ ગુમાવી બેઠેલી પ્રજામાં તેનો સંચાર કરનાર, જ્યાં હતું ત્યાં તેને વિશુદ્ધ કરી જીર્ણોદ્ધાર કરનાર મહાન સંગીત પ્રચારક પંડિત વિષ્ણુ દિગંબર છે. અત્યારે ગુજરાતમાં સંગીતપ્રચારના જે પ્રયત્નો થાય છે તેમાં ઘણોખરો ભાગ એમનો અને એમના શિષ્યોનો છે. પંડિત વિષ્ણુ દિગંબરની જીવનભાવના કેમ બંધાઇ એ પ્રસંગ શરૂઆતમાં વર્ણવ્યો છે. હવે એમને વિષે થોડી વધારે માહીતી :

પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કર ગરીબ કુટુંબમાં જન્મ્યા હતા. દારિદ્રયને કારણે બાળપણમાં એમને કુરૂંદવાડના યુવરાજના આશ્રિત તરીકે રહી વિદ્યાભ્યાસ કરવો પડ્યો. અંગ્રેજી પાંચમા ધોરણમાં પોતે અભ્યાસ કરતા હતા તે વેળા દીવાળીના ફટાકડા ફોડતાં આંખમાં દારૂ ઉડવાથી ભણવાને માટે આંખો નકામી થઇ. તેમના પિતા 'વિષ્ણુનું હવે શું થશે ' એ ફિકરમાં પડ્યા, પણ મિત્રોએ તેને સંગીત શીખવવાની સુચના કરી. નાનપણથી જ વિષ્ણુનો કંઠ મીઠો હતો. તેના પિતા કીર્તન કરતા ત્યારે વિષ્ણુ હમેશાં પાછળ ઉભો રહી સૂર પુરાવતો. બાળપણનો આ અભ્યાસ આગળ ચલાવવાનો નિશ્ચય કરી મીરજ સંસ્થાનના બાળકૃષ્ણ બુવા ઇચલકરંજીકરની પાસે તેમને સંગીત શીખવા માટે મુકવામાં આવ્યા. આ ગુરુની પાસે લગભગ દસ વર્ષ સુધી વિષ્ણુએ સંગીતશાસ્ત્રનો બરોબર અભ્યાસ કર્યો. અભ્યાસ કરવાની તેની પદ્ધતિ જબરદસ્ત હતી: સવારથી સાંજ સુધીમાં ફક્ત ખાવા કરવાના બે કલાક બાદ કરતાં બાકીના વખતમાં તે સતત મહેનત કરતા. આવો વ્યાસંગી વિદ્યાર્થી દસ વર્ષમાં સંગીતકલા પર પ્રભુતા મેળવે એમાં શી નવાઇ ?

અભ્યાસ પુરો થયો, અને સંજોગવશાત્ પંડિતજીને મીરજ સંસ્થાનમાં પંદર રૂપીઆની ગવૈયાની નોકરી ધરવામાં આવી. પણ સંગીતશાસ્ત્રનો ઉદ્ધાર કરવાની અને સમાજમાં તેનો દરજ્જો ઉંચો ચડાવવાની પ્રતિજ્ઞા લઇ બેઠેલા પંડિતજી નોકરી કેમ સ્વીકારે ? તેમણે તરત તેની ના પાડી. આ અરસામાં તેમનું લગ્ન પણ થએલું હતું. પણ તે સ્ત્રીનું દર્શન કરે તે પહેલાં જ કોઇએ આવીને તેમની જીવનપ્રતિજ્ઞાની યાદ આપી કહ્યું કે 'જો સંકલ્પ પુરો કરવો હોય તો સંસારમાં પડશો નહિ. બ્રહ્મચર્યથી જ તમારી શક્તિ અને સંકલ્પ જાગવી શકશો'. તેજીને આટલી ટકોર બસ હતી. પંડિતજીને આથી આત્મભાન થઇ ગયું અને ઘરમાં કોઇને પણ કહ્યા વિના બહોળી દુનીઆમાં પલાયન કર્યું.

પચીસ વર્ષની ઉમરે પંડિતજી પોતાના બે શિષ્યોને સાથે લઇ બહાર નીકળ્યા. આ ત્રણ મુસાફરો પાસે એક લોટો અને ત્રણ કામળી સિવાય કશો સરંજામ નહોતો. પ્રથમ તો તેઓ પુના, સતારા વગેરે ઠેકાણે ફર્યા. ત્યાં તેમના સંગીતની કદર કરવા જેટલી રસિકતા હતી, પણ તેમને પોષવા જેટલું ધન નહોતું. ત્યાંથી નીકળી આ નાનકડી ટોળી વડોદરા આવી. ત્યાંના ઉસ્તાદો પંડિતજીના સંગીતથી ખુશ થઇ ગયા અને તે વખતનાં રાણીસાહેબ જમનાબાઇએ તેમને કીંમતી ભેટ આપી. ત્યાંથી ફરતા ફરતા તેઓ કાઠીઆવાડમાં આવ્યા. ત્યાં એક 'કવૉરંટાઇન'માં તેમને રોક્યા. નિયમ પ્રમાણે તેમને ત્યાં દસેક દિવસ ખોટી થવું પડત, પણ પંડિતજીને એક યુક્તિ સુઝી, અને તે અમલમાં મુકાઇ. શાંત રાત્રિમાં મુક્તકંઠે તેમણે ગાયન શરૂ કર્યું. આથી ત્યાંના અમલદારો તો

એટલા મુગ્ધ થઇ ગયા કે તેમને છુટા કરી મુસાફરીની બધી સગવડ કરી આપી. ત્યાંથી ફરતા ફરતા તેઓ ગીરનારની યાત્રાએ ગયા. ત્યાં એકવાર જંગલમાં તેમને એક બાવાજીનો મેળાપ થયો. વરસાદ ધોધમાર વરસતો હતો, એટલે બાવાજીએ પોતાની મઢીમાં રહેવા પંડિતજીને આગ્રહ કર્યો. રાત્રે તે બન્ને વચ્ચે સંગીતના વિષયમાં ખુબ વાતચિત થઇ. આ બાવાજી પણ એટલા પ્રભાવશાળી ગાયક હતા કે તેમના ગાયનથી રાફડામાંથી નાગ બહાર આવી ડોલવા લાગેલો પંડિતજીએ પ્રત્યક્ષ જોયો. આ બાવાજીએ પંડિતજીને પંજાબ તરફ જઈ સંગીતનું એક વિદ્યાલય સ્થાપવાની સલાહ આપી.

ત્યાંથી પંડિતજી ઉત્તર તરફ જવા નીકળ્યા. રજપુતાનામાં મુસાફરી કરતાં અલવરના મહારાજાએ મોટા પગારે પોતાને ત્યાં રાજગવૈયા તરીકે રહેવાનો તેમને આગ્રહ કર્યો. પણ પોતાનો સંકલ્પ પાર ઉતારવાના દૃઢ આગ્રહવાળા પંડિતજી તે કેમ સ્વીકારે? ઉત્તરમાં મુસાફરી કરતાં તેઓ છેક કાશ્મીર પહોંચ્યા. ત્યાંના મહારાજા તેમની નિપુણતા અને સત્ય સંકલ્પથી પ્રસન્ન થયા, અને દરેક જાતની સગવડ આપી તેમની પાસે સંગીત વિદ્યાલય ખોલાવ્યું. ત્યાં પંડિતજીએ લગભગ દોઢેક વર્ષ કામ કર્યું. પણ પોતાની કાર્યસિદ્ધિ માટે તેમને હજી વધારે સ્વાતંત્ર્યની જરૂર લાગી, એટલે કાશ્મીર છોડી તેઓ લાહોર આવ્યા.

થોડા જ વખતમાં લાહોરના લોકો એ જુવાન અને સ્વરૂપવાન ગવૈયાનાં ગીતો અને ભજનોના જલસા પર આફરીન થવા લાગ્યા. લોકોને આશ્ચર્ય તો એ લાગતું કે તે સુંદર ગૌર વર્ણના અને આકર્ષક સ્વરૂપના હોવા છતાં ઈશ્કી લાલા નહિ પણ સંગીતના પરમ ભક્ત અને બ્રહ્મચારી હતા, અને તેના કંઠમાંથી પવિત્ર ગીતો સિવાય બીજું કશું સંભળાતું જ નહિ. તેના આલાપો અને તાનથી અનુભવી ગવૈયાઓ પણ મુગ્ધ બની જતા. પંજાબ જેવા દેશમાં કે જ્યાં સંગીત આભડછેટ જેવું ગણાતું ત્યાં ખાનદાન ઘરોમાં પણ તેમને આમંત્રણો થવા લાગ્યાં. કારણકે પંડિતજીના કંઠમાંથી મીરાં ને કબીર, અને સુરદાસ ને તુલસીનો ભક્તિરસ ટપકતો; તેમના આચરણમાં સંકલ્પનું બલ હતું, તેમના ચહેરા પર બ્રહ્મચર્યનું ઓજસ દીપતું. ગંધર્વ સમા આ વિષ્ણુને માટે સહુ સંસ્કારી સમાજમાં માન અને વિશ્વાસ ઉત્પન્ન થયાં; એમની પ્રતિજ્ઞાની લોકોને જાણ થઇ અને ખાનદાન કુટુંબોમાં એમનો શિષ્યવર્ગ ઉભો થવા લાગ્યો. તે સહુને તેમણે પવિત્ર સંગીતની દીક્ષા આપી.

> દુનીઆને કોઇ પણ રીતે ઉપયોગી કેમ થવાય એટલું જ તમે વિચારજો; અને દુનીઆ તમને જરૂર રોટલો આપી રહેશે.
>
> બધા માણસો સર્વોત્તમ ન બની શકે; પણ દરેક માણસ પોતાથી બની શકે તેટલો ઉત્તમ તો જરૂર બની શકે.
>
> સંપૂર્ણરીતે બજાવેલાં નાનાં નાનાં કામોનો સરવાળો, એનું નામ ફતેહ.

પંડિતજીની ખ્યાતિ વધારનારો પંજાબમાં બનેલો એક પ્રસંગ નોંધવા જેવો છે. પંજાબમાં જલંધર પાસે એક સંન્યાસીની સમાધિ છે. તેણે તે જગ્યા પાછળ એક જાગીર મુકેલી છે, અને તેની આવકમાંથી તેની ઇચ્છાનુસાર દર વરસે ત્યાં ગવૈયાઓનો એક મેળો ભરાય છે તે મેળા વખતે ત્યાં સૌથી ઉત્તમ સંગીત કરનાર ગવૈયાને તે સમાધિ પરનો હાર અને થોડી બક્ષિશ મળે છે. આને ગવૈયાઓનું 'નોબેલ પ્રાઇઝ' કહીએ તોપણ ખોટું નથી; કારણકે બહુ શક્તિમાન ગવૈયાઓ જ તે બેડકમાં આગળ આવી શકે છે. ઘણાં વર્ષો સુધી મુસલમાન ગવૈયાઓ એ હાર લેતા આવ્યા હતા. પંડિતજીએ એ હાર લેવાનો નિશ્ચય કર્યો અને મેળામાં ગયા. ત્યાં આવેલા અનુભવી ઉસ્તાદો અને નામાંકિત ગવૈયાઓ પંડિતજીની નાની ઉમર અને સ્વરૂપવાન શરીર જોઇ મશ્કરી કરવા લાગ્યા કે 'નાટકમાં મોકલવા જેવો છે'. પણ પંડિતજીનો વારો આવ્યો, અને તેમના સંગીતની અદ્ભુતતા

જોઈ બોલનારાઓ મોંઢા પડ્યા. કહેવાની જરૂર નથી કે એ જલસાનો હાર પંડિતજીને જ અર્પાયો.

છતાં પંજાબમાં સંગીતનો પ્રચાર કરવામાં પંડિતજીને ઓછી મુશ્કેલી નહોતી નડી. લોકોમાં સંગીતની રુચિ કેળવવા તથા પવિત્ર સંગીતની અગત્ય અને પોતાની પ્રતિભાની લોકોમાં જાણ કરવા માટે શરૂઆતના થોડા દિવસ તો તેમણે લાહોરમાં શીખોના એક ગુરુદ્વારામાં ગવૈયાની નોકરી પણ કરી. અને ઘણી મહેનતને અંતે જ્યારે તેમની ખાતરી થઇ કે અહીં સંગીત વિદ્યાલય સ્થાપવાથી તેનું કામ ફતેહમંદ નીવડશે, ત્યારે તેમણે ઇ. સ. ૧૯૦૧ના મે માસમાં કાશ્મીરના મહારાજાને હસ્તે લાહોરમાં સ્વતંત્ર વિદ્યાલય સ્થાપ્યું. એને પગભર કરતાં પંડિતજીને બહુ મુશીબતો વેઠવી પડી. નહિ પૈસાનું બળ, નહિ હાથમાં કંઇ સત્તા, દેશ પારકો, સહાયકો થોડા અને લોકોમાં સંગીતની રુચિ ઓછી; આવી સ્થિતિમાં એક એક ડગલું ભરતાં તેમના આત્મવિશ્વાસ, ઇશ્વરમાં દૃઢ શ્રદ્ધા, ખંત અને અડગતાની સારીપેઠે કસોટી થઇ. પણ અને સત્ય સંકલ્પનો દાતા ભગવાન સહાય હોવાથી તેમણે વિદ્યાલયને સ્થિર કરી દીધું. અને પાંચ વર્ષના સતત પરિશ્રમને અંતે આખા પંજાબમાં તેઓ સંગીતના મહાન પ્રચારક તરીકે મશહૂર થયા.

પંજાબમાં સંગીતની સારીપેઠે પ્રતિષ્ઠા જમાવી પંડિતજીએ બીજા દેશોમાં મુસાફરી શરૂ કરી, અને ઉત્તર તથા મધ્ય હિન્દુસ્તાનમાં થઇ છેવટે મહારાષ્ટ્રમાં આવ્યા. મહારાષ્ટ્ર સંગીતરસિક હોવાથી ત્યાં તેનો પ્રચાર કરવામાં બહુ મુશ્કેલી ન નડી. ઇ. સ. ૧૯૦૮માં તેમણે મુંબાઇમાં ગાંધર્વ મહાવિદ્યાલય ખોલી પોતાનું કામ પદ્ધતિસર શરૂ કર્યું. અહીં પણ શરૂઆતમાં પૈસાને અભાવે છએક વર્ષ તેમને ભાડાના મકાનમાં રહેવું પડ્યું અને બીજી અનેક મુશીબતો વેઠવી પડી. પરંતુ છેવટે તે બધી પાર કરી ઘણા મિત્રોની સહાયથી તેમણે ઇ. સ. ૧૯૧૫માં સંગીત વિદ્યાલયની માલીકીનું નવું મકાન બંધાવ્યું અને તેમાં વર્ગો ચલાવવા શરૂ કર્યા. તે વિદ્યાલય હજી ચાલે છે.

સંગીત વિદ્યાલયની તેમની વ્યવસ્થા અને તાલીમ પણ વખાણવા જેવી છે. ફી ભરીને વિદ્યાલયમાં શીખનાર વિદ્યાર્થીવર્ગ બહુ ઓછો હોવાને લીધે ગરીબ સ્થિતિના શિષ્યો માટે તેમણે એક છાત્રાલયની ગોઠવણ કરી છે. તેમાં વિદ્યાર્થી નવ વર્ષની બંધણી કરીને દાખલ થાય છે. તેમને છાત્રાલયનું બધું કામ સંભાળવું પડે છે. જેને રસોઇ આવડે તે રસોઇ કરે, હિસાબ સમજે તે હિસાબ તપાસે, કોઇ ખરીદી કરે, કોઇ કોઠાર સંભાળે, ને જેને કંઇ ન આવડે તે પાણી ભરે કે ઝાડુ કાઢે. પંડિતજી તે સહુની ખોરાકી અને કપડાંલત્તાંનો ખર્ચ ઉપાડે અને સંગીત શીખવી તેમને પાવરધા કરે. સૌ શિષ્યોપર પંડિતજીની જાતિ દેખરેખ રહે છે, અને તેમને તે પુત્રવત્ પાળે છે. આવી રીતે પંડિતજીની પાસેથી શિક્ષણ મેળવી અનેક વિદ્યાર્થીઓ સંગીતકુશળ થઇ બહાર પડ્યા છે અને તેઓ પોતાના ગુરુની પ્રતિજ્ઞામાં પૂર્તિ કરવા સંગીતપ્રચારનું કામ યથાશક્તિ બજાવી રહ્યા છે.

અંગ્રેજીમાં સંગીતને લખાણમાં ઉતારવાની એક પદ્ધતિ છે. તેને 'નોટેશન પદ્ધતિ' કહે છે. આ પદ્ધતિથી સંગીતના શોખીનો ઘેર બેઠાં પુસ્તકોની મદદથી શાસ્ત્રીય રીતે સંગીત શીખી શકે છે. હિન્દુસ્તાનના સંગીતમાં આવી કશી પદ્ધતિ નહોતી. પંડિત વિષ્ણુ દિગંબરે મહા મહેનતે આવી એક નોટેશન પદ્ધતિ તૈયાર કરી છે. તેથી સંગીત શીખવા ઇચ્છનારાઓને બહુ સરળતા થઈ છે. આ પહેલાં વડોદરાના મૌલાબક્ષે પણ એક નોટેશન પદ્ધતિ તૈયાર કરેલી.

પંડિતજીના જીવનમાં ઘણીવાર આકરી કસોટીના પ્રસંગો બન્યા છે, પણ તે દરેકમાંથી પાર ઉતરીને તેમણે સફળતા મેળવી છે; કારણકે તેમણે દરેક નિષ્ફળતામાંથી શિક્ષણ લીધું છે અને તેનો ઉપયોગ કર્યો છે. એક વાર મુસાફરીમાં એક ગામમાં તેમણે જલસો જાહેર કર્યો. કેટલાક લોકે તેમને કહ્યું કે ગામ બહુ ગરીબ છે માટે ફી ઓછી રાખવી. પંડિતજીએ માત્ર ચાર જ આના ફી રાખી. રાતના નવ વાગ્યાનો જલસાનો વખત હતો. વખત થઇ જવા આવ્યો. માત્ર એક જ જણ ચાર આના ખરચીને આવેલો; તે સિવાય કોઇ પ્રેક્ષક મળે નહિ. શિષ્યોએ

પંડિતજીને કહ્યું, 'મહારાજ આજે એક જ પ્રેક્ષક છે માટે જલસો બંધ રાખો.' પણ મહારાજ તો કહે, 'આપણે એ એક જ પ્રેક્ષકને શ્રોતાવર્ગ માની આપણી જાહેરાત પ્રમાણે નિયમિત જલસો શરૂ કરવો જ જોઇએ. સમજજો કે અભ્યાસ માટે બેઠા હતા.' થયું. બરાબર નવ વાગે પ્રોગ્રામ પ્રમાણે જલસાનાં ગીતો શરૂ થયાં અને બરાબર નિયમસર ત્રણ કલાક સુધી પંડિતજી અને શિષ્યોએ એ એક જ પ્રેક્ષક આગળ જલસો સાંગોપાંગ પુરો કર્યો. આવાં દૃઢ આગ્રહ અને ખંતથી તેમણે બધી મુશ્કેલીઓ પર વિજય મેળવ્યો છે.

પંડિતજી પોતે બ્રહ્મચર્ય પાળે છે અને પોતાના શિષ્યો પાસે કઠોર વ્રત તરીકે તે પળાવે છે. પોતે ગરીબાઇમાં ઉછરેલા હોવાથી આટલા મોટા દરજ્જા ઉપર હોવા છતાં તેમની સાદાઈ અપૂર્વ છે. એક વખત સવારે સંડાસમાં ભંગીએ ડબો જરા આઘો મુકેલો, તેથી કોઇ સંડાસમાં જાય નહિ. સહુ સંડાસ આગળ ઉભા ઉભા જોયા કરે અને ચર્ચા કર્યા કરે. અભ્યાસનો સમય થઇ જવા છતાં કોઇ શિષ્યને ન આવેલો જોઇ પંડિતજીએ તપાસ કરાવી તો માલુમ પડયું કે સૌ સંડાસ આગળ ઉભા રહ્યા છે! આથી તેમણે જાતે આવી ડબો બરાબર જગ્યાએ મુકી દીધો અને શિષ્યોને સેવા અને નમ્રતાનો પાઠ શીખવ્યો. પ્રમાણિકપણું અને આત્મનિશ્ચય એ પંડિતજીના મોટા ગુણો છે.

પણ આ બધા કરતાંયે એમના ભક્તિપૂર્ણ હૃદયની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. રામ ઉપરની તેમની શ્રદ્ધા અપૂર્વ છે. ભક્તિરસમાં તલ્લીન થઈ રામજીના નામનું ભજન કરતા પંડિતજીને સાંભળી નાસ્તિકમાં નાસ્તિક માણસ પણ ગળગળો થઇ જાય. તેમના દ્વાર ઉપર 'રઘુપતિ રાઘવ રાજારામ, પતિતપાવન સીતારામ' એ ધુનનો જાપ દિનરાત ચાલુ રહે જ છે; પછી તે મુસાફરીમાં હોય કે ઘેર. પોતાના દરેક શિષ્યને તે વારાફરતી પોતાના દ્વાર ઉપર અમુક કલાકનો આ રામનામનો પહેરો સોંપે છે.

એકવાર મુસાફરીમાં કોઠાર સંભાળનાર શિષ્યે આવીને ખબર આપી કે આવતી કાલ માટે કંઈ પણ અનાજ સિલિકમાં નથી. આવી મુશ્કેલ સ્થિતિ તો પંડિતજીને અનેકવાર આવેલી; પણ તેમની રામ ઉપરની શ્રદ્ધા અખંડ હતી. તેમણે હસીને કહ્યું, 'હજી રાત તો પડવા દો.' અને સાચે જ, સાંજ પડતાં પાસેના ગામ તરફથી જલસાનું કહેણ આવ્યું અને તેમને ૧૨૦૦ રૂપીઆ મળ્યા. પંડિતજીએ રાત્રે બાર વાગે તે જ કોઠારીને બોલાવી કહ્યું, 'લો આ રામજીની ભેટ.'

એમના રામજન્મોત્સવમાં સહૃદયને પીગળાવી નાખે તેવાં ભજનો ગવાય છે. પંડિતજીની વાણીમાં ભક્તિનો રસ ઉછળી રહે છે. તુલસી રામાયણનાં એમનાં પ્રવચનો અને કીર્તનો સાંભળવા લોકો મુગ્ધ બની ટોળે વળે છે. લાખો સ્ત્રીપુરુષોએ એમની અમૃતવાણી સાંભળી ભક્તિરસ પીધો છે.

રોજ રાત્રે રામાયણનાં ઓછામાં ઓછાં બે પાનાં વાંચીને સુવાનો એમનો નિયમ છે. વાતચીત કે કામના પ્રસંગ સિવાય દિવસના બાકીના નવરાશના વખતમાં એમને મુખે રામ નામ ચાલતું જ હોય. રાત્રે તેમના ઓરડા આગળથી નીકળો, અને તે જાગતા હોય તો ધીમા સ્વરે રામસ્મરણ ચાલતું સંભળાય. એકાંતમાં તંબુર લઇ ભક્તિમાં તરબોળ થયેલા કોઇ તેમને જુએ તો માલુમ પડે કે મુખેથી રામનું સ્મરણ અને નેત્રોમાંથી ખળખળ અશ્રુધારા વહેતાં હોય.

એમનું સંગીત વિદ્યાલય લોકોના આશ્રયથી જ ચાલે છે. મુસાફરીમાં જલસાઓ કરી પંડિતજી જે કંઇ મેળવે છે તે સઘળું તે વિદ્યાલયને સમર્પી દે છે. આવી સ્વાશ્રયી સંસ્થામાં પ્રતિભાવાન ગુરુના હાથ નીચે તાલીમ લઇ બહાર પડેલા ચારિત્ર્યસંપન્ન અને કલાનિપુણ વિદ્યાર્થીઓના પ્રયત્નોની અસર સમાજ પર સ્પષ્ટ રીતે થતી ગઇ છે અને પચીસ વરસના અરસામાં દેશની સંગીતની સ્થિતિ તદ્દન ફેરવાઇ જઇ તેમાં નવજીવન પ્રસરી રહ્યું છે.

ક્યાં પચીસ વર્ષ પહેલાંની કુરૂંદવાડ સંસ્થાનમાં બનેલી બીના, અને ક્યાં અત્યારની સંગીતની પ્રતિષ્ઠા!

કાચબા કાચબીનું ભજન

કાચબો અને કાચબી, એ તો હતાં હરિનાં દાસ;
દરશન કારણ બારણે આવ્યાં, રાખીને વિશવાસ:
આવતાં નજરે ભાળ્યાં; ઝાલીને માથાં બાંધ્યાં.
કળકળ મા તું કાચબી કુડી; રામૈયાની રીત છે રૂડી.

કાચબો કહે છે કાચબીને, તું રાખને ધારણધીર;
આપણને ઉગારશે વા'લો, જુગતેથી જદુવીર:
ચિંતા મેલી ચરણે આવો; મરવા તને નહિ દે માવો.

વારે વારે તને વારતી, મારૂં કંથ ન માન્યું કે'ણ;
કાળ આવ્યો કોણ રાખશે, તમે નીચાં શું ઢાળો નેણ?
પ્રભુ તારો ના'વીઓ પ્રાણી; માથે આવી મોતનિશાની.

અબળાને ઈતબાર ન આવે, કરોને કોટિ ઉપાય;
કહ્યું ન માને કોઇનું એ તો, ગાયું પોતાનું ગાય:
એવી વિશવાસની વો'ણી; પ્રથમ પેલી મતની પોણી.

કાચબી કહે કયાં ગયો તારો રાખણહારો રામ?
પ્રાણ ગયા પછી પહોંચશે, પછી શું કરશે તારો રામ?
મુવા ટાણે મત મુંઝાણી; તુટ્યા પછી ઝાલવું તાણી.

ત્રીકમજી ત્રણ લોકમાં મારે તમારો ઇતબાર;
અટક પડી હરિ આવજો, મારા આતમના આધાર:
છોગાળાજી વાત છે છેલ્લી; થાજો બળતાંના બેલી.

કાચબી કહે કોણ ઉગારે? તારો જાતો રહ્યો જગદીશ;
ચાર દિશેથી સળગાવીઆં, લઈ ઓર્યાં વચ્ચોવચ:
આમાંથી જો ઉગરીએ; પાણી બહાર પગ ન ભરીએ.

બળતી હોય તો બેસ મારી પીઠ ઉપર, રાખું પ્રાણ;
નિંદા કરે મારા નાથની, એ તો મારે છે મુજને બાણ:
વા'લો મારો આવશે વારૂ; આપણને ઉગારવા સારૂ.

કાચબી કહે કિરતાર ન આવ્યો, આવ્યો આપણો અંત;
હરિ નથી કોના હાથમાં, તમે તે શું બાંધ્યો તંત?
જેનો વિશવાસ છે તારે; તેનો ઈતબાર નહિ મારે.

વિઠ્ઠલજી મારી વા'રે ચડજો, શામળા કરજો સા'ય,
લાજ લોપાશે લોકમાં, પછી બીજી કોની વાર ?
હરિ મારી હાંસી થાશે; પ્રભુ તારી પ્રતીત જાશે.

કેશવજીએ કરુણા કીધી, મોકલ્યો મેઘમલાર;
આંધરણમાંથી ઉગારીઆં, આવી કાચબાનો કિરતારઃ
ભોળો કહે ભરૂસો જેને; ત્રીકમજી તારશે તેને.

ભોજો ભગત

ગુજરાતનાં ઘણાં ઘરોમાં કાચબા કાચબીનું **ભજન** ગવાય છે. તેમાં ભોજા ભગતે કાચબા અને કાચબી ઉપર આવી પડેલી આફતનું વર્ણન કર્યું છે. **તેની કથા** બહુ સાદી અને સાધારણ હોવા છતાં બહુ ઊંડા મર્મવાળી છે. એક તળાવમાં એક કાચબો અને એક કાચબી રહેતાં હતાં. તે બન્ને એટલાં તો હરિનાં ભક્ત હતાં કે કોઇ દિવસ દર્શને જવાનું ચુકતાં નહિ. એક દિવસ રોજના નિયમ પ્રમાણે તેઓ દર્શન કરવા જતાં હતાં, એટલામાં કોઇ પારધીએ તેમને પકડી લીધાં અને તેમને રાંધી ખાવાના ઇરાદાથી દેવતા ઉપર હાંડલીમાં આંધરણમાં મુક્યાં. બન્ને પ્રાણીની કસોટીનો આ ખરો વખત આવી પહોંચ્યો હતો. કાચબી તો હિંમત હારી ગઇ. તે કાચબાને દોષ દેવા લાગી કે પાણીમાંથી બહાર નીકળ્યાં ન હોત તો આ દશા ન થાત. આમ તે મનમાં ને મનમાં પસ્તાવા લાગી. ઇશ્વર વિષે તેને ઘણી ભક્તિ હોવા છતાં આ વખતે તેની બધી શ્રદ્ધા ઉડી ગઇ. અને દુનીઆમાં ઇશ્વર જેવું કંઇ છે જ નહિ એમ તેને થવા લાગ્યું પણ કાચબો ધીરજ ખુએ એવો નહોતો. તેનું મન તો જરાયે ડગ્યું નહિ. કાચબીનાં બધાં વેણ તેણે સાંખી લીધાં, અને તેને પોતાની પીઠ ઉપર બેસી જવાનું કહ્યું કે જેથી તેને તાપ ઓછો લાગે. પણ આમ છેક મોતને બારણે આવ્યા છતાં કાચબો જીવવાની આશા કેમ રાખતો હતો તે કાચબીને સમજાયું જ નહિ. તેને તો

મુવા ટાણે મત મુંઝાણી
તુટ્યા પછી ઝાલવું તાણી

જેવું લાગ્યું. દોરડા ઉપર લટકતો માણુસ દોરડું તુટી ગયા પછી પણ તેને વળગી રહે તેવી રીતે કાચબો ઇશ્વરને વળગી રહેતો હતો એમ તેને લાગ્યું. પણ કાચબાની ધીરજ તો અખુટ હતી. દોરડું તુટી ગયું છે એમ તે માનતો જ નહોતો, તેથી તે કાચબીને બને તેટલું આશ્વાસન આપતો હતો. તોપણ કાચબીની નિંદા અટકી નહિ અને બચવાની બધી આશાઓ છોડી દીધી. પણ ઇશ્વર કદિયે ભક્તોનું રક્ષણ કરવાનું ચુક્યો નથી. તેમ આ પ્રસંગે પણ ઇશ્વર વહારે ધાયો. એકદમ આકાશમાં વાદળાં ઘેરાઈ ગયાં અને મુશળધાર વરસાદ પડવા લાગ્યો. આ જોઇને કાચબીના મનમાં કંઇક આશા આવવા લાગી. થોડી જ વારમાં વરસાદથી દેવતા ઠરી ગયો, પાણીના પુરમાં હાંડલી ઉંધી વળી ગઇ અને બન્ને પ્રાણી પાણી સાથે તળાવમાં તણાઈ જઇને પારધીના પંજામાંથી ઉગરી ગયાં.

ભોજો કહે ભરૂસો જેને
ત્રીકમજી તારશે તેને.

('મધપુડા'માંથી)





બહારવટીઓ રામવાળો

ખરો બપોર હતો. સૂર્યનારાયણ અગ્નિ વરસાવી રહ્યા હતા. ખેતરમાં હળ હાંકી થાક્યા પાક્યા ખેડુતો ઘર તરફ વળતા હતા. એવે ડુંગરામાં એક ગુપ્ત જગાએ બેચાર કદાવર શરીરના આદમીઓ બેઠા બેઠા વાતો કરતા હતા. તેમનામાંથી નાયક જેવો દેખાતો એક ઘડીએ ને પળે ઉભો થઈથઈને રસ્તા પર કોઈ આવે છે કે નહિ તે લાંબી નજરે જોતો હતો. ત્યાં તો માથે સુંડલો લઈ હળવે હળવે એક બાઈ તેમની તરફ આવી. નજીક આવીને બાઈએ સુંડલો ઉતાર્યો અને તેમાંથી ખાવાનું કઢી આ બહારવટીઆઓને પીરસ્યું.

બહારવટીઆઓ ખાવા મંડ્યા. જાણે કે રાજમહેલમાં બેઠા બેઠા કોઈ કુમારો થાળી જમતા ન હોય! મોઢા ઉપર એટલી બધી શાન્તિ — એટલી બધી નીડરતા; એટલું જ ધૈર્ય અને એટલું જ હાસ્ય!

બાઈએ કહ્યું, 'બાપુ! હવે લગભગ પંદર દિવસ મારાથી ભાતું દેવા નહિ અવાય. આજે બનીનાં લગન લેવાયાં. ઘેર મેમાન આવશે; લગનની તૈયારીઓ કરવી પડશે એટલે હું નવરી નહિ થઈ શકું.'

રામવાળો જે નાયક હતો તેણે કહ્યું, 'શું કહ્યું, બેન? લગન કોનાં લીધાં, ભાણીબાનાં? બેનની ભનીનાં લગન અને મને—મને ભાઈને કંકોત્રી પણ નહિ? ભાતું દેવા શા માટે આવવું પડે? હું પોતે જ લગનમાં નહિ આવું? મને કંકોત્રી નહિ લખાય, બેન?'

બાઈએ એક ઉંડો નીસાસો નાખ્યો. તેની આંખમાં ઝળઝળીઆં આવ્યાં અને બોલી, 'બાપ! કોને રામવાળાને કંકોત્રી? કંકોત્રી શેની લખું? લગનમાં આવી માણવાની કે ગામમાં આવી જીવ દેવાની? રામવાળાને કંકોત્રી? તને સરકારની સેના જીવતો જવા દે, બા? ના ના, મારે તને કંકોત્રી નથી લખવી. ભગવાન તને કરોડ વરસનો કરે.'

રામવાળો જમી રહ્યો હતો. હાથ ધોઈ, મુછે તાલ દઈ તે ગર્જ્યો, 'બેન! હજુયે ન ઓળખ્યો? રામવાળાને હજુયે ન ઓળખ્યો? એ તો બધું ઠીક; પણ તારે લગનમાં ખરચ કેટલું થશે?'

બાઈએ જવાબ વાળ્યો, 'અમારે બ્રાહ્મણનાં પરભેતરમાં કાંઈ ધાર્યું ન ઉતરે. એ તો બસોયે થાય ને ત્રણસોયે થાય. કાંઈ નક્કી નહિ.'

રામવાળો શાન્ત હતો. ઘડીક બોલ્યા વિના બેસી રહ્યો. પછી તેણે બોલવા માંડ્યું. 'બેન, મેં આ જીંદગીમાં ઘણાંયે પાપ કર્યાં છે. આ જ તલવારથી ઘણાંકને માર્યા. આ ઘોડી ઉપર બેસી કેટલાંય ગામ લુટ્યાં. દેશમાં રામવાળાનો ડંકો વગડાવ્યો. સરકારની સેનાને પણ ધ્રુજાવી કાયર કરી. બધુંયે કર્યું: નથી કર્યું એક પુન્ય. સૌ મારા નામથી ડરે છે. છોકરાંયે મારૂં નામ સાંભળી રોતાં બંધ થાય છે. પણ બેન......' તેનો અવાજ ખોખરો થયો. આંખમાં છુપાં પાણી દેખાવા લાગ્યાં. ગળું ખંખારીને તેણે આગળ ચલાવ્યું, '......પણ બેન, મારૂં નામ સાંભળીને કોઈ રાજી નથી થતું. મારા મુફીબર મરદો વગર અને તું સરખી એક બેન વગર મારી આગળ કાળા માથાનું કોઈ માનવી ઢુકતું નથી. મારે દુનીઆ તમારા આટલાની જ બનેલી છે. બેન, મેં પાપ કર્યાં છે. ધરમ કરવાનો દી ભગવાને ન દેખાડ્યો.' આટલું કહેતાં એ કઠણ હૈયાનો કહેવાતો બહારવટીઓ નરમ થયો. તેની આંખોનાં છાનાં આંસુ બહાર આવ્યાં. મોં ઉપર શોકની છાયા ફરી વળી. મુછને

વળ દેતો હાથ નીચે સરી પડ્યો. તે ઘડીક અટક્યો અને વળી બોલવા લાગ્યો, 'બેન હું ધરમ ક્યાં કરું? જંગલમાં મારા પ્રિય પહાડોની ખોપુંમાં પુન્ય કરું? કોને દાન દઉં? અને બેન, અમારી જીંદગીનાં ઠેકાણાં શાં? એક કામ કર. તારે બે બાળી છે. આ બાળીનું કન્યાદાન હું દઇશ. મને એટલું પુન્ય લેવા દે. જોજે ના કહેતી. મારી ચિંતા તારે ન કરવી. મને મારવાની કોઇની મગદુર નથી. રામવાળાની સામે થનારને એમની માએ હજુ જણ્યા નથી, સમજી? બહી થઇ ના કહીશ નહિ. આટલું જ—ફક્ત આટલું જ પુન્ય લેવા દે, બધું ખરચ હું પુરીશ. ખુબ ધામધુમથી લગન કરજે.' એટલું કહી બહારવટીઓ બ્રાહ્મણી સામું આશાભરેલ મોંએ જોઇ રહ્યો.

બાઇ બોલી, 'પણ......પણ ભાઇ, તું તો બહારવટીઓ રામવાળો. તને પકડવા...'રામવાળો ગર્જ્યો, 'મને પકડવા આવનાર કોઇ નથી. જા ગામમાં કહેજે કે બનીનું કન્યાદાન રામવાળો દેશે. આવવા દે તે ફોજને, ન જોઇ લેવા દે તેને રામવાળાની તલવારની ચમક.'

બ્રાહ્મણીથી ના ન પડાઇ. કન્યાદાન દેવાનું નક્કી થયું. ઠરાવેલે દિવસે વખતસર કન્યા અને જમાઇને મંડપમાં હાજર રાખવાની સુચના આપી બ્રાહ્મણીને વિદાય કરી.

* * *

ગામમાં શેરીએ ને ચૌટે માણસો ટોળે વળીને વાતો કરતાં હતાં. કોઇ બીજે ગામ ઉચાળા ભરીભરીને ઉતાવળા જતા હતા. સ્ત્રીઓ તો ગામમાં દેખાતી નહિ. કેટલાયે ઘોડેસવારો અને સીપાઇઓ ગામમાં ગોઠવાઇ ગયા હતા. પેલી બ્રાહ્મણીના ઘર ફરતો તો જાણે પોલીસોનો કોટ ન કર્યો હોય એમ લાગતું હતું. સુપરિન્ટેન્ડન્ટ પણ હાજર હતો. રામવાળો આવે કે તરત જીવતો પકડી લેવો એવો હુકમ હતો.

કન્યાદાનનો વખત થયો. વરરાજા તથા કન્યા મંડપમાં પધાર્યા હતાં. શુકલજી પણ હાથમાં કંકાવટી તથા પુજાપાની સામગ્રી લઇ તૈયાર હતા. રામવાળાની રાહ જોવાતી હતી. ત્યાં તો દરવાજા તરફથી એક ઘોડી પુરવેગે આવી. ઉપર એક સવાર હતો. એક હાથમાં ભરેલી બંદુક, બીજામાં ઉઘાડી તલવાર. બીજી દિશામાંથી એક સાંઢણી આવી. ઉપર બે આદમીઓ બુકાનાં બાંધી બેઠા હતા. પોલાસો પુતળાં જેવા ઉભા રહ્યા. કોઇ પણ નજીક આવે તે પહેલાં નીચે ઉતરી, લગામ પકડી. ઘોડીને દોરી રામવાળો માંડવામાં ગયો અને શુકલજીને કન્યાદાનની ક્રિયા ચલાવવા કહ્યું. કન્યાદાન દઇ બનીના હાથમાં એક હજાર રૂપીઆની થેલી આપી શુકલને સારીપેઠે દક્ષિણા આપી તે વળ્યો. ઘોડીને થાબડી અને છલંગ મારી મંડપમાં જ તે સવાર થયો. એડી મારી ત્યાં તો ઘોડી ઉડી. સૌને રામરામ કરી 'જાઉં છું' કહેતો રામવાળો અલોપ થયો. 'એ જાય, એ જાય' કહેતા સૌ મોં વકાસી જોઇ રહ્યા અને રામવાળો કન્યાદાન દઇ ડુંગરાની ખોપુંમાં ભળી ગયો.

* * *

સવારનો પહોર હતો. સૂર્યનારાયણ ઉદય પામતા હતા. માણસો ઉઠીને નિત્યકર્મ કરતા હતા. ગામ બહાર નદીનું નિર્મળ નીર સાગરને મળવા દોડતું. અંદર પડતાં સૂર્યનારાયણનાં સોનેરી કિરણો સફેદ સાડીપર મુકેલા બુટ્ટા જેવાં લાગતાં. કીનારે એક નાનકડી કુમારિકા તેની પગલીઓ પાણીમાં બોળી બેઠી હતી. નદીના સ્વચ્છ જળમાં તેની પગલીઓ ચોખ્ખી દેખાતી, અને ઉંધી થઇ જતી માછલીઓના ચમકારનો ભાસ કરાવતી. છોકરી નદીના પાણી સામું એકીટશે જોઇ રહી હતી. જાણે નદીમાં તેનું કંઇક અમૂલ્ય રત્ન ખોવાયું હોય અને શોધતી ન હોય! ઝાડની ઓથે ઉભેલ એક ઘોડેસવાર સિવાય એ છોડીને—એ દેવની દીકરી જેવી બાળાને જોવાનું કોઇનું સદ્‌ભાગ્ય ન હતું.

સવાર કીનારે આવ્યો અને ધીમેથી ભાવભર્યા સાદે બોલ્યો, 'દીકરી, બેટા, અત્યારમાં તું નદીકાંઠે શું કરે છે?'

છોડીએ જવાબ આપ્યો, 'હું અહીં મારી પરીઓ શોધું છું. મેં રાતના તે પરીઓને જોઇ હતી અને એ પરીઓ અહીં જ—બરાબર અહીં જ પાણીમાં

અલોપ થઇ ગઇ છે. મને કહેશો એ પરીઓ ક્યાં ગઇ ?' સવારને આ સાંભળી ઘણા વખત પહેલાં મરી ગએલી પોતાની એકની એક પુત્રી યાદ આવી. આ છોકરીને તેનાં સ્વપ્નની પરીઓ તો તે શોધી આપી ન શક્યો, પણ તેનામાં વત્સલતા તો આવી જ.

તેણે કહ્યું, 'બાપુ, તારૂં ગામ આ જ !' છોડીએ જવાબ દીધો. મારૂં ગામ તો આ જ; પણ મારી પરીઓ ક્યાં ? ' એમ કહી પોતાના સુંદર હાથ પાણીમાં ઝબોળી પાછી તે પરીઓને શોધવા લાગી.

એ સવાર તે રામવાળો પોતે જ. એ જ ગામ તેને આજ ભાંગવાનું હતું. તેના સાથીઓ પણ આવી પહોંચ્યા હતા. રામવાળાએ તેના સાથીઓને કહ્યું, 'મારાથી આ ગામ નહિ ભંગાય. એ તો મારી દીકરીનું ગામ. એ ગામની પાઇ પણ મને ન ખપે. અહીંનું પાણી પણ મારે હરામ છે ચાલો પાછા વળો.' છોડીના હાથમાં કાંઇક મુકી રામવાળો અને તેના સાથીઓ ત્યાંથી વળી નીકળ્યા.

* * *

એનો એ જ રામવાળો. સવારનો પહોર હતો. ગુફામાં ફક્ત ત્રણ જ જણ બોલતા હતા. રામવાળો પગે પાટા બાંધતો હતો, ત્યાં બહાર બંદુકનો અવાજ થયો. બહારવટીઆના કાન ચમક્યા. ચકોર રામવાળાએ આવતું સંકટ ઓળખ્યું, પણ પગ સડી ગયો હતો. નાસવા જેટલો વખત ન હતો; શરીરમાં તાકાત પણ ન હતી. આખરે મારીને મરવાનો નિશ્ચય કરી તેણે પોતાની બંદુક માગી. તેના એક સાથીએ જવાબ આપ્યો, બંદુક તો ગઇ કાલે જ જુનાગઢ સમી કરાવવા આપી આવ્યો છું. બીજી બંદુક નથી. રામવાળો તેના સાથીના પ્રપંચને પામી ગયો. કોઇના ખુટ્યા સિવાય તેની ગુપ્ત જગા કોઇને જડે જ નહિ તે બાબત તેની ખાતરી હતી. તેણે એને ધીટકાર આપી ગુફા છોડી ચાલ્યા જવા સંભળાવી દીધું. સાથી ભરવાડ બહાર જઇ સામે ઉભેલા સીપાઇઓને જઇ મળ્યો. રામવાળાએ પોતાની જુની તલવાર હાથમાં લીધી અને ખોડંગતો ખોડંગતો તે ગુફા બહાર આવી એક શીલા ઉપર બેઠો.

પચાસેક પોલીસનું ટોળું સામે ઉભું છે. રામવાળો ગુફા બહાર ઉઘાડી તલવારે બેઠો છે. પાસે તેનો ભત્રીજો ઉભો છે. રામવાળાએ ત્રાડ પાડી બોલવા માંડ્યું, 'ખબરદાર ! ત્યાં જ રહેજો. આ મારો ભત્રીજો બહારવટામાં મારી સાથે હતો. પણ તેને હું મરતી વખતે વડોદરા નરેશને ખોળે સોંપું છું. મારૂં આટલું છેલ્લું વચન વડોદરા સરકારને કહેજો. લ્યો, તેને ત્યાં આવવા દો. તેના ઉપર ગોળી ચલાવી તો મુઆ પડ્યા છો'. તેના ભત્રીજાને તેણે આગ્રહ કરી મોકલ્યો. કોઇની આંગળી બંદુકના ઘોડા પર ન પડી. કોઇની તલવાર મ્યાનમાંથી બહાર ન નીકળી. હવે રામવાળો બોલ્યો, 'ચાલો, તમારી ગોળી ચલાવો: હું મરવા તૈયાર છું. વાર ન લગાડો.'. સામેથી નાયકનો અવાજ આવ્યો, 'રામવાળા, તમારા જેવા બહાદુર નર પર ગોળી ચલાવવાની અમને મના છે. તમને જીવતા પકડવા છે; માટે તાબે થાઓ.'. રામવાળાની આંખમાંથી અગ્નિ વરસવા લાગ્યો તલવાર જોરથી પકડીને તે બોલ્યો, 'તાબે થાઉં ? હું—હું રામવાળો તાબે થાઉં ? શું વડોદરાની શેરીઓમાં બેડીઓ પહેરી રામવાળો ફરશે ? ચાલ્યા આવો જીવતો પકડવો હોય તો. ભુખ્યો પણ હું રામવાળો છું. ચાલ્યા આવો. કેમ ઉભા છો ?'

પણ પચાસમાં એકકેય 'રામવાળો' ન હતો. કોઇનો પગ ન ઉપડ્યો. રામવાળો મુંઝાયો અને બોલ્યો, 'ભરવાડ ! મને ફસાવનાર તું. મારૂં એક કામ કર. હું તારો ઉપકાર માનીશ. તેં મારૂં લુણ ખાધું છે, તો છેવટનું મારૂં એક કામ કર; ફક્ત એક જ. બંદુક લે અને ગોળી ચલાવ. એક જ ગોળી; તારી એક જ ગોળી બસ થશે હું સુખેથી મરીશ. ભગવાન તારૂં ભલું કરશે'.

સર્વત્ર શાન્તિ હતી. પોલીસો બહારવટીઆ પર મુગ્ધ થઇ ગયા હતા; બહારવટીઆનું આવું હૃદય જોઇ છક પામ્યા હતા. કોઇ બોલતું ન હતું. ત્યાં તો અવાજ થયો અને સનનન કરતી એક ગોળી રામવાળાની છાતીમાં પેસી ગઇ. એ જ શીલા પર તે ઢળી પડ્યો. સૌએ જઇ જોયું, તો તેના ચહેરા પર પ્રસન્નતા હતી.

પ્રાણજીવન આચાર્ય


કુદરહાસ્ય!
:મનહર છંદ:
એક શરણાઈ વાળે
સાત વર્ષ સુધી શીખી,
રાગ રાગણી વગાડવામાં
વખણાણો છે;
એકને જ જાચું
એવી ટેક એક રાખી, એક
શેઠને રીઝાવી
મોજ લેવાને મંડાણો છે
કહે દલપત, પછી
બોલ્યો તે કંજુસ શેઠ:
ગાયક ન લાયક
તું ફોગટ ફુલાણો છે,
પોલું છે તે બોલ્યું, તેમાં
કરી તેં શી કારીગરી
સાંબેલું બજાવે તો
હું જાણું કે તું શાણો છે
કવિ દલપતરામ



દુનીઆમાં અનેક વીર પુરુષો થઈ ગયા છે, પણ ગ્રીસના વીર નર લીઓનીડાસ જેવા તો ગણ્યાગાંઠ્યા જ હશે. ઈરાનના શાહની મોટી સેનાને લીઓનીડાસે એક સાંકડી નેળને નાકે ખડા રહીને એકલે હાથે રોકી હતી. આજ પણ ગ્રીસમાં લીઓનીડાસનું નામ અમર છે.

એવો જ એક વીર પુરુષ હિન્દુસ્તાનમાં પણ થયો છે. તેનું નામ બાજીપ્રભુ દેશપાંડે. એ છત્રપતિ શીવાજી મહારાજના સમયમાં થઇ ગયા. જે વખતે શીવાજી કોકણના કિલ્લાઓ જીતી રહ્યા હતા તે વખતે તેમને દેશપાંડે સાથે ભારે યુદ્ધ થએલું. દેશપાંડે બીજાપુર રાજ્યના જાગીરદાર હતા અને તેમના પિતાને બીજાપુરના સુલતાને બાવન ગામની જાગીર આપી હતી. તે રોહીડાના ગઢમાં રહેતા હતા. રોહીડાનો ગઢ તે વખતે બહુ મજબુત લેખાતો. શીવાજી ઘણા વખતથી એ ગઢ સર કરવાનો વિચાર કરતા હતા. એકવાર શીવાજીએ આ કિલ્લા ઉપર હુમલો કર્યો, પણ દેશપાંડે આગળ તેમનું કશું ચાલ્યું નહિ. છેવટે હારીને તેમને નાસી જવું પડ્યું.

આવા બહાદુર યોદ્ધા ઉપર શીવાજી મુગ્ધ થયા. તેમણે મનમાં વિચાર કર્યો કે જો દેશપાંડે આપણા પક્ષમાં આવે તો ઘણી મદદ મળે અને ધાર્યું કામ પાર પડે. બાજીપ્રભુ સાથે મૈત્રી કરવા શીવાજી રાતોરાત કમંદ લગાવીને રોહીડાના ગઢ પર ચડી ગયા અને બેધડક તેની સામે જઇને ઉભા રહ્યા. શીવાજીને આ પ્રમાણે પોતાની સામે ઉભેલા જોઇને દેશપાંડે આશ્ચર્ય પામ્યા. પોતાને ઘેર આવા મોટા મહેમાન આવેલા જોઇને તેમણે એમની ખુબ ખાતર-બરદાસ્ત કરી. વાતવાતમાં શીવાજીએ દિલ ખોલીને સમજાવ્યું કે અત્યારે તમારા જેવા વીર પુરુષની મદદથી જ દેશ સ્વતંત્ર થઇ શકશે.

બાજીપ્રભુને શીવાજીનું કહેવું ગળે ઉતર્યું. તેમણે શીવાજીને પોતાના સ્વામી તરીકે સ્વીકારીને રોહીડાનો કિલ્લો એમને હવાલે કર્યો. એમની સહાયથી કોકણ દેશનો ઘણોખરો ભાગ શીવાજીએ કબજે કર્યો. આટલી હદે વાત ગઇ ત્યારે બીજાપુરના સુલતાનની આંખ ઉઘડી અને તેમનું જોર નરમ પાડવા તેણે પોતાના સરદાર અફઝલખાનને મોટા લાવલશ્કર સાથે મોકલ્યો. અરસપરસ સુલેહશાન્તિ કરવાની વિષ્ટિમાં શીવાજી મહારાજે તેના પેટમાં વાઘનખ ભોંકીને તેને ભોંયભેગો કરી દીધો. શીવાજીને તારાજ કરવાને સુલતાને મોટી સેના સાથે બીજા સરદારને રવાના કર્યો. આ સેનાએ શીવાજીને પન્હાળના ગઢમાં ઘેરી લીધા. ચાર મહીના સુધી તે કિલ્લામાં ભરાઇ રહ્યા, પણ આખરે શીવાજીએ તે જગ્યા છોડીને નાસી જવા ધાર્યું. ચાર હજાર સૈનિકો સાથે શીવાજી વિશાળગઢ તરફ નાઠા. બીજાપુરનું સૈન્ય તેમની પાછળ પડ્યું.

રાતભર કુચ કર્યા પછી શીવાજી ડુંગરમાં થઇને જવાના એક સાંકડા ઘાટ આગળ આવી પહોંચ્યા. શત્રુની સેના પણ પાછળ ધસતી હતી. તેમને લાગ્યું કે હવે કોઇ રીતે બચાવ થાય એવું નથી, અને વિશાળગઢ તો હજી દૂર છે. તેથી તેમણે દુશ્મનોની સામે જ થવાનું ઠીક ધાર્યું. થોડીવારમાં ત્યાં પ્રબળ યુદ્ધ જામ્યું. ચાર હજાર મરાઠાની મુઠ્ઠીભર સેના અગણિત મુસલમાનોની સામે શી રીતે ટકી શકે? તેની વીસાત શી?

આ વેળા બધા મરાઠાના ભુકા નીકળી જાય એવું હતું.

પણ દેશપાંડેએ કહ્યું, 'મહારાજ, આપ વિશાળગઢ સીધાવો. જ્યાં સુધી આપ ત્યાં ક્ષેમકુશળ નહિ પહોંચો ત્યાં સુધી હું મુસલમાન ફોજને રોકી રાખીશ. આ દેહમાં પ્રાણ છે ત્યાં સુધી કોઈ બચ્ચાને ચસવા નહિ દઉં.' શીવાજીને તેનું કહેવું ઠીક ન લાગ્યું. પણ જ્યારે સઘળા મરાઠા સરદારો તેમાં સંમત થયા ત્યારે નછુટકે બે હજાર મરાઠા લઇ શીવાજી મહારાજ વિશાળગઢ તરફ ચાલી નીકળ્યા.


બાજીપ્રભુ દેશપાંડે

શીવાજીના ગયા પછી દેશપાંડેએ બાકીના સૈનિકોને એ સાંકડી નેળમાં જુદીજુદી જગ્યાએ ગોઠવી દીધા; અને પોતે ૫૦ યોદ્ધાઓ સાથે નેળને મોઢે ઉભા રહી દુશ્મનો સામે ટક્કર ઝીલી. શત્રુઓનો ધસારો તો જારી હતો. બાજીપ્રભુએ એવું તો ઘોર યુદ્ધ જમાવ્યું કે દુશ્મનોના તંગ ઢીલા પડ્યા. શીવાજી મહારાજે સહીસલામત વિશાળગઢ પહોંચી તોપનો અવાજ કર્યો. બાજીપ્રભુએ તો અજબ રમખાણ મચાવ્યું હતું. છેવટે તોપનો અવાજ સાંભળી તે સમજી ગયા કે શીવાજી સલામત પહોંચી ગયા. ઘાયલ થએલા ને લોહીથી નીતરતા બાજીપ્રભુ પોતાના ૫૦ જુવાનો સાથે પડ્યા અને અમરધામમાં પધાર્યા.

* * *

અજાતશત્રુને સત્તાનો લોભ થયો. પોતાના પિતા રાજા બિંબિસારને મગધની ગાદી પરથી ઉઠાડી પોતે ગાદી પર ચડી બેઠો. એટલેથી ન અટકતાં તેણે રાજાને કેદમાં નાખ્યો. રાણી વૈદેહીએ પોતાના પુત્રને આવું ઘાતકી કામ ન કરવા વીનવ્યો પણ. તેણે ગણકાર્યું નહિ. અજાતશત્રુનો સખ્ત હુકમ હતો કે કોઇએ બિંબિસારને મળવા ન જવું તેમ ખાવા પણ ન આપવું. માત્ર પતિવ્રતા રાણી આ હુકમનો ભંગ કરી હમેશાં રાજાને મળવા જતી, ને પોતાના પગનાં પોલાં કલ્લાંમાં દુધ ભરીભરી રાજાને છાનીમાની પાઇ આવતી. અંતે ચોકીપહેરો એવો સખ્ત થયો કે રાણી પણ રાજાને મળી શકે તેવું રહ્યું નહિ. રાજા બિંબિસાર કેદખાનામાં ભુખે મરવા લાગ્યો.

એક દિવસ અંધારી રાત્રે થોડો થોડો વરસાદ પડી જમીનમાંથી સુગંધી છુટતી હતી. આખું નગર શાંતિમાં ઘોરતું હતું. અજાતશત્રુના પુત્ર ઉદયભદ્રની આંગળી પાકી હતી તેથી તેને નિદ્રા આવતી ન હતી. ઘડીઘડીમાં તે વેદનાથી ચીસ પાડી જાગી ઉઠતો હતો ને 'પિતાજી! બહુ દુઃખ થાય છે' એમ કહી રડી પડતો હતો. અજાતશત્રુએ વહાલથી તેની દુખતી આંગળી મોંમાં રાખી, ને કંઇક આરામ મળવાથી કુંવર નીરાંતે સુઈ ગયો.

એ જ વખતે એક દુઃખી દેખાતી સ્ત્રીએ પ્રવેશ કર્યો. તે અજાતશત્રુની માતા રાણી વૈદેહી હતી. તેણે પાસે આવી અજાતશત્રુ સામે ઠપકાભરી આંખે જોયું ને પછી ધીમેથી કહ્યું, 'અજાતશત્રુ! તને તો ભાન ક્યાંથી હોય? પણ તું નાનો હતો ત્યારે આટલા જ હેતથી તારી દુખતી આંગળી જેણે મોંમાં રાખી હતી, તેને તું આજે કેદમાં પુરી ભુખે મારી રહ્યો છે!' અજાતશત્રુની દૃષ્ટિ એકદમ ખુલી ગઇ. તેને પિતાનું વાત્સલ્ય સાંભર્યું ને પોતે તેના ખોળામાં ચડી ગેલ કરતો તે દિવસો યાદ આવ્યા. એકદમ તે પોતે જ કેદખાના તરફ દોડ્યો ને તાળું ખોલી નાખ્યું.

અંદર અંધારા ઓરડામાં એક તદ્દન નિશ્ચેષ્ટ શરીર પડ્યું હતું. અજાતશત્રુએ તેનો હાથ પકડી

વ્હાલથી કહ્યું, 'પિતાજી! હું અજાતશત્રુ આપની પાસે આવ્યો છું. જરા સામું તો જુઓ!' બિંબિસારની મુછના બેચાર વાળ હાલ્યા; પણ તે માત્ર પવનથી હમણાં બોલશે એમ લાગ્યા કરતું હતું; પણ કંઈ જવાબ મળ્યો નહિ.

અજાતશત્રુ નાના બાળકની માફક ધ્રુસકે ધ્રુસકે રોઈ પડ્યો! 'ઓ પિતાજી! હું અજાતશત્રુ કરગરું છું. એક વખત મારીનો બોલ તો બોલો!' કોણ બોલે?

* * *

હઝરત મોહમ્મદ પયગમ્બર સાહેબને ફાતિમા નામે પુત્રી હતી. તેને બે પુત્ર હતાઃ હસન અને હુસેન. હસનને મદીનાની ગાદી મળી ને હુસેન તેની સાથે રહ્યો. તે વખતે મદીના અને દમાસ્કસ વચ્ચે હડહડતું વેર ચાલતું હતું. પયગમ્બર સાહેબના વ્હાલા શિષ્ય માવીયાનો પુત્ર યેઝીદ દમાસ્કસની ગાદીપર હતો. યેઝીદે કપટ કરીને હસનને તેની જ બીબી ઝોબૈદા મારફત ઝેર આપી મરાવી નખાવ્યો. હવે દમાસ્કસ સામે લડવા માટે એકલો હુસેન રહ્યો.

હુસેનનું અંતઃકરણ પોતાના વડીલ ભાઈના મૃત્યુથી ચીરાઈ ગયું. તે ભગ્ન હૃદયે પોતાના પિતામહ પયગમ્બર સાહેબની કબર પાસે જઈને બેઠો. આખા મદીનાની પ્રજાનાં આંસુ પણ એને પીગળાવી શક્યાં નહિ. એ તો દરવેશ જેવો બની ગયો ને લગભગ એકાંત જીવન ગાળવા લાગ્યો.

પણ યેઝીદને આ સમાચારથી શાન્તિ થઈ નહિ. એને તો હુસેનનું ખુન કરવું હતું; ને ખુન તો આવા પવિત્ર સ્થળમાં થાય નહિ. કપટી માણસનું અંતઃકરણ યુક્તિઓથી ભરપુર હોય છે. તેણે એક નવી યુક્તિ શોધી કાઢી.

હુસેનને અબ્દુલ્લા ઝેયદ નામે એક અત્યંત વિશ્વાસપાત્ર મિત્ર હતો. તે કુફામાં રાજ્ય કરતો હતો. કુફા દમાસ્કસનું ખંડીયું રાજ્ય હતું. યેઝીદે તેને કહ્યું કે જો તું હુસેનને તેની પવિત્ર [redacted]ગાહમાંથી દૂર ખેંચી લાવે તો તને પુષ્કળ પૈસો ને સ્વતંત્રતા બક્ષું!' અબ્દુલ્લાએ આ કબુલ કર્યું. પછી મિત્રાઈના વ્હાલભર્યા સંદેશાઓ ને મહાનગીભર્યા શબ્દોથી, અબ્દુલ્લા ઝેયદે હુસેનનું દિલ પીગળાવ્યું, ને ભલા ભોળા હુસેને તેના શબ્દોમાં વિશ્વાસ મુકી કુફા જવાનું આમંત્રણ સ્વીકાર્યું.

મદીનાની પ્રજા આ સમાચારથી ગભરાઈ ગઈ. હુસેનને આંસુ સારીસારીને ન જવા લોકોએ વિનંતિ કરી; પણ હુસેને જવાનો નિશ્ચય કરી રાખ્યો હતો.

પછી હુસેન પોતાની સ્ત્રી, બાલબચ્ચાં ને કબીલો લઈ રવાના થયો. રસ્તામાં થોડા દિવસ તો મુશ્કેલી નડી નહિ ને સુખરૂપ માર્ગ કાપતા સહુ આગળ ચાલ્યા. પણ કોણ જાણે કેમ તેઓ રસ્તો ભુલ્યા. અરબસ્તાનના પ્રખર સૂર્યનાં બાળી નાખે તેવાં કિરણો ધગધગતી રેતીમાં તપતાં હતાં, પવન પણ સુસવાટા દઈ ફુંકતો હતો ને પાણીનું ટીપું સરખું ન મળે તેવાં ભયંકર મેદાનો આગળ ને આગળ આવતાં હતાં. હવે પાછા ફરવું મુશ્કેલ હતું. હુસેને પોતાનાં માણસોને મુકામ કરવા હુકમ કર્યો ને થોડાંકને પાણીની શોધ કરવા મોકલ્યાં. તે જ વખતે સમાચાર મળ્યા કે તેના મિત્ર અબ્દુલ્લાએ વિશ્વાસઘાતની બાજી ગોઠવી છે! પણ હુસેનનું ચિત્ત અત્યારે માત્ર પાણીની શોધમાં હતું. તેણે મોકલેલાં માણસોએ એક પાણીનો ઝરો શોધી કાઢ્યો; પણ યેઝીદનાં હથીઆરબંધ માણસો તેની ચોકી કરી રહ્યાં હતાં!

અને હવે હુસેનના તંબુનો દેખાવ હૃદયદ્રાવક બન્યો. નાનાંમોટાં સૌ પાણી પાણી કરતાં હતાં. ઉપર આશાભરી દૃષ્ટિ ફેરવે ત્યાં ચોખ્ખું આસમાની આકાશ તપી રહ્યું હતું. માતાની છાતીમાંથી દુધની સેર સુકાઈ ગઈ. હુસેનના નાના કુમળા બાળકના હોઠ પાણી વિના સુકાઈ જતા હતા. બધી જગ્યાએથી એકસરખો હૃદયદ્રાવક અવાજ આવતો હતોઃ 'પાણી! પાણી!'

હુસેનની સ્ત્રી પોતાના બચ્ચાંને લઈ મોહણીઆભર પડી ડુસકાં ખાતી બોલી, 'ખુદાના ખાતર માત્ર આ બાળક માટે બે ટીપાં પાણી લાવો!' આ દેખાવથી હુસેનનું મગજ ફરી ગયું. તે પોતાના બાળકને લઈને પેલા પાણીના ઝરા પાસે દોડ્યો. પણ અફસોસ! એના દુશ્મનોના રાક્ષસી હૃદય આ દેખાવથી પણ પીગળ્યાં નહિ. હુસેને પાણી માગ્યું ત્યાં તીર આવ્યું; અને એવા એક તીરથી પેલું કુમળું બાળક વીંધાઈ ગયું.

પોતાના બાળકના ખુનથી તરબોળ થએલા હાથે હુસેન ગાંડા જેવો પાછો ફર્યો. એની આંખમાં આંસુ આવે એટલી પણ ભીનાશ હવે રહી હતી નહિ પોતાના પ્યારા બચ્ચાંની છેલ્લી દૃષ્ટિ પાણી માગી રહી હતી, ને હાથ વારંવાર અત્યંત દર્દથી મોં તરફ વળતો હતો. થોડીવારમાં તે હમેશની તૃષા છીપાવવા ચાલ્યું ગયું

હુસેન અને તેનાં માણસો હવે લડાઇ માટે તૈયાર થઇ ગયાં. વિશ્વાસઘાત ને ક્રુરતાની સામે હુસેન પોતાનાં માણસોને લઇ ભુખ્યા વરૂની માફક તુટી પડયો! તેનો ભત્રીજો ને વ્હાલા અફસરો એક પછી એક કપાઇ ગયા! છેલ્લે માત્ર હુસેન પોતે રહ્યા! પણ તેણે તો ગજબ કરી. તેના એક એક ઝપાટાથી દુશ્મનોના થોકડેથોકડા વઢાઇ પડતા હતા. છેવટે દુશ્મનો ઝરો છોડી દઇને જીવ બચાવવા જેમ આવે તેમ નાસી છુટયા!

હુસેન ઝરા પાસે જઇ તેના મીઠા ઠંડા પાણીમાં કુદી પડયો! તેના સુક્કા લુખ્ખા હોઠ પર છારી વળી હતી ને તે પાણીની મીઠાશ સુંઘી શકે એટલો બેબાકળો બની ગયો હતો. તેણે ખોબો ભરી પાણી લીધું, પણ તે હોઠને અડકાડે તે પહેલાં તેના વ્હાલા મિત્રો ને સ્ત્રી, પ્યારો ભત્રીજો ને પ્રિય પુત્ર સૌ તેને યાદ આવ્યાં; અને પોતાના હાથમાં પાણી પાણી પોકારતાં મરી ગએલા તેના નાના પુત્રનો મૃત્યુ સમયનો દુઃખાર્ત પોકાર તેની સામે ખડો થઇ ગયો! પોતાના હોઠ પણ ભીંજવ્યા વિના તેણે પાણી નીચે નાખી દીધું ને તલવાર લઇ તે નાસતા દુશ્મનોની પાછળ દોડયો.

અને હુસેન મૃત્યુથી અમર્ત્ય બની રહ્યો!

આજથી તેરસો વર્ષ પહેલાં બનેલા આ બનાવને દરેક સાચો ઇસ્લામી આજે પણ સંભારે છે, ને હસન અને હુસેનનાં નામથી આજ પણ મુસ્લીમ દુનીઆ એ કરુણ બનાવ પર આંસુ સારે છે.

'ધૂમકેતુ'

ભાવના

દોહરા:

સરિતા તીરે ઝુંપડી
સાદી સુંદર શાન્ત;
દુઃખો જહીં દર્દી ભુલે
થાક ઉતારે ક્લાન્ત.

છાયા શીળી તરુ તણી
હરે જગતના ત્રાસ;
પશુપંખી ને માનવી
આવે કરવા વાસ.

સેવા કરવા સર્વદા
તનમન ટકે હમેશ;
માગું છું બસ એટલું:
દેજે હે પરમેશ!

સીતારામ જે. શર્મા



પાંચ મીનીટની કસરત

શરીરની સુંદરતા અને સ્વાસ્થ્ય વધારવાનાં જે જુદાં જુદાં સાધનો છે તે સૌમાં ઉત્તમ અને મુખ્ય તો ખુલ્લી હવામાં કસરત કરવી કે રમતો રમવી એ છે. શરીરને મજબુત બનાવવા માટે શરીર કસાય એવા ઉપાયો લેવા જોઇએ. મોટર ચલાવવા કરતાં સાઇકલ ચલાવવી અગર ઘોડા ઉપર બેસવું વધારે લાભકારક છે. ટેનીસ ને બૅન્ડમિન્ટન જેવા નાજુક રમતો રમવા કરતાં ફુટબૉલ ખેલવો એ વધારે સારૂં છે.

પણ જેમની સ્થિતિ અને સાધનો એવી રમતોને અનુકૂળ ન હોય તેમને માટે કંઇક ઉપાય શોધવાની જરૂર તો છે જ. કોઇ બહુ ખરચ સહન ન કરી શકે; કોઇને બહુ વખત ન મળતો હોય; કોઇનું શરીર નબળું હોય અને ભારે રમતો માટે ટેવાએલું ન હોય; એવાઓને માટે નીચે 'પાંચ મીનીટની કસરત' બતાવી છે.

આ કસરતોથી શ્વાસોચ્છ્વાસની ક્રિયા ઘણી નિયમિત થઇ જાય છે. નિયમિત શ્વાસોચ્છ્વાસ લેનાર માણસ ગમે તેવા કઠણ કામમાં પણ વધારે ટકી રહેવાનો. વળી આ કસરતોથી પેટ, પીઠ અને થાપાના સ્નાયુઓ ખાસ કરીને દૃઢ થાય છે. આ સ્નાયુઓ ઉપર જ આખા શરીરનો મુખ્યત્વે કરીને આધાર રહેલો હોવાથી એને દૃઢ કરવા તરફ જો લક્ષ આપવામાં આવે તો આખું શરીર એની મેળે સુંદર અને સુબદ્ધ થઇ જાય. ઉપરાંત આ કસરતોથી બીજા સ્નાયુઓને પણ પુરતી કસરત મળી રહે છે.

શ્વાસોચ્છ્વાસની નિયમિતતા તે આ કસરતોનું મુખ્ય અંગ છે. એ ન હોય તો આ કસરતોનો કશો ફાયદો નથી. આ બધી કસરતો સાદા શ્વાસોચ્છ્વાસમાં પુરી કરવાની છે. એમાંની દરેકેદરેક કસરત ઊંડા શ્વાસ જોડે ગાઢ સંબંધ ધરાવે છે. કસરતો કરનારને બધી કસરતો યાદ હોવી જ જોઇએ.

જ્યારે જ્યારે કસરત કરવામાં આવે ત્યારે બન્ને ફેફસાં ધમણની માફક ચાલતાં હોવાં જોઇએ. ધીમેથી બધી હવા તેમાંથી કાઢી નાખવી અને ધીમેથી જ પાછી ભરવી શ્વાસ લેતાં પાંસળીઓને બાજુમાંથી પહોળી કરીને છાતી તથા ખભાઓને અદ્ધર ચઢાવવા. છાતીને વાંકી વાળવાથી કે ખભાના સ્નાયુઓને આડાઅવળા ફેરવવાથી છાતીમાં વધારે હવા આવી શકતી નથી. ઊંડા શ્વાસ લેવા માટે બન્ને હાથ થાપા ઉપર મુકીને કમ્મરથી ઉપરના ભાગને પાછળની બાજુએ ધીમે ધીમે ઝુકાવવો. તે જ પ્રમાણે ઉચ્છ્વાસ કરતી વખતે આગળની બાજુએ થોડુંક શરીરને ઝુકાવવું જરૂરનું છે. ફેફસાં પુરેપુરાં ખાલી થાય તે માટે શરીરને આગળ ઝુકાવીને પીઠના બધા સ્નાયુઓ ઢીલા પાડી દેવા જોઇએ.

શ્વાસોચ્છ્વાસની ક્રિયા માટે નાક એ મુખ્ય રસ્તો છે, તેથી દરેક શ્વાસે નસકોરાં ખુલ્લાં રાખવાં જોઇએ. બરાબર ખરા શ્વાસ લેવાતા હોય તો અવાજ બીલકુલ થાય નહિ.

આ કસરતો બને ત્યાં સુધી સવારમાં ઉઠીને કરવી. તેમ ન બને તો દિવસના કોઇ પણ વખતે, ખોરાક લીધા પછી ઓછામાં ઓછા ચાર કલાક ચાલ્યા ગયા બાદ કરવામાં કાંઇ હરકત નથી.

આ પાંચ મીનીટની કસરત દસ ભાગમાં વહેંચાએલી છે. તેમાંની પહેલી પાંચ કસરતો ધીમે ધીમે અને બીજી પાંચ ઝડપથી કરવાની છે. દરેક કસરત માટે છ આખા શ્વાસોચ્છ્વાસ રાખવામાં આવેલા છે. ધીમેથી કરવાની પહેલી પાંચ કસરતો શ્વાસોચ્છ્વાસની પદ્ધતિથી નિયમિત થએલી છે, અને તેની દરેક ક્રિયા છ વખત કરવાની છે.


કસરત પહેલી

ધીમેથી પગ લંબાવવાની ક્રિયા

બન્ને પગ સમાંતર તથા લગભગ સાથે રાખી ઉભા

રહો, અને હાથ કમ્મર ઉપર મુકો ક્રિયા ફેફસાં ખાલી કરીને જ શરૂ કરો. શ્વાસ લેવો શરૂ કરી જમણા પગને આગળની બાજુએ ઉઠાવો અને શ્વાસ પુરેપુરો લઇ લેતાં તેને ધીમે ધીમે નીચે મુકો.

તેવી જ રીતે ડાબા પગની ક્રિયાને પણ એક ઉચ્છ્વાસથી પુરી કરો. ફરીથી શ્વાસ લેતાં જમણા પગની ક્રિયા શરૂ કરો ને તે પ્રમાણે છ શ્વાસોચ્છ્વાસ થતાં સુધી બન્ને ક્રિયાઓ એક પછી એક ચાલુ રાખો. આ છ શ્વાસોચ્છ્વાસમાં ઉપ નીચે મળી તમારા પગની કુલ ચોવીસ ક્રિયાઓ થશે. પગ જેમ ઉંચે જાય તેમ વધારે સારૂં છે. પગને અદ્ધર છુટો નાખીને પડવા દો નહિ, પણ તેને ધીમે ધીમે અને દઢ રાખીને જ ઉંચોનીચો કરો.



કસરત બીજી

કમ્મરથી ઉપરના ભાગને ધીમેધીમે આગળપાછળ વાળવાની ક્રિયા

પગ એકબીજાથી જરા છેટે રાખો અને હાથ કમ્મર ઉપર મુકો. પહેલાં શ્વાસ લેતી વખતે કમ્મરની ઉપરનો ભાગ શરીરની પાછળની બાજુએ ઝુકાવો, અને તે વખતે પેટના સ્નાયુઓને સારી રીતે આગળ આવવા દો.

માથું પણ જરા પાછળ ઝુકાવો. ફેફસાંમાં પુરેપુરી હવા ભરાય ત્યારે પાછળ ઝુકાવેલા ભાગને ધીમેધીમે આગળની બાજુએ લાવો અને શ્વાસ કાઢવો શરૂ કરો. કમ્મરથી ઉપરના ભાગને આગળ ઝુકાવતાં પાછળના બધા સ્નાયુઓને ઢીલા પાડો, જેથી માથાના તથા ખભાના વજન વડે તે ભાગ ઘુંટણ વળ્યા સિવાય વધારેમાં વધારે નીચો જાય. હવે શરીરને કયાંય અટકાવ્યા વિના આ સ્થિતિમાંથી પાછળની બાજુએ લઇ જાઓ અને તે વખતે અંદર શ્વાસ લેવો શરૂ કરો. આ પ્રમાણે આખી ક્રિયા છ શ્વાસોચ્છ્વાસ પુરા થાય ત્યાં સુધી છ વખત કરો.

કસરત ત્રીજી

કમ્મરથી ઉપરના ભાગોને ધીમેથી બાજુએ વાળવાની ક્રિયા

પગ સાથે મુકી હાથને બન્ને બાજુએ છુટા લટકતા રહેવા દઇ ઉભા રહો.

શરીરને શ્વાસ લેતી વખતે આગળ કે પાછળ નમી જવા નહિ દેતાં તદ્દન સીધું રાખી કમ્મરથી ઉપરના ભાગને ડાબી બાજુએ જ્યાંસુધી નમે ત્યાંસુધી નમાંવો. તે વખતે ડાબો હાથ પાની તરફ સરકાવો અને જમણો હાથ કોણીથી વાળ્યા સિવાય ઉંચો લાવી માથા ઉપર વાળેલો રાખો. આમ કરવાથી ક્રિયામાં વધારે જોર પડે છે અને જમણી બાજુના ફેફસાંને વધારે ખુલ્લા થવાની તક મળે છે.

શ્વાસ લેતાં ઉપરની ક્રિયા પુરી થયા પછી તે ભાગને પાછો લાવી જમણી બાજુએ નમાવો, અને તે વખતે હાથની ક્રિયા પહેલાંના કરતાં ઉલટી કરો. આ ક્રિયા કરતાં શ્વાસ બહાર કાઢવાનો છે. આ ક્રિયામાં જમણું ફેફસું વધારે સંકોચાય છે. તેને ડાબા ફેફસા જેવું તૈયાર કરવા માટે અડધી કસરત થાય ત્યારે શ્વાસ બદલી નાખવાની જરૂર છે. બન્ને તરફની ક્રિયા ૨½ વખત (બે શ્વાસોચ્છ્વાસ અને એક શ્વાસ)માં પુરી કરો; તે વખતે તમારૂં શરીર શ્વાસ લીધેલી સ્થિતિમાં તૈયાર ઉભું હશે. હવે તે સ્થિતિમાં જ બધો શ્વાસ કાઢી નાખો. પછીથી શ્વાસ લેતાં શરીરને જમણી બાજુએ નમાવો અને કાઢતાં ડાબી બાજુએ નમાવો. આ ક્રિયા ત્રણ વખત કરો.

કસરત ચોથી

કમ્મરથી ઉપરના ભાગને ધીમે ધીમે મરડવાની ક્રિયા

પગને જેમ બને તેમ વધારે પહોળા રાખો અને પગનાં આંગળાંને અંદરની બાજુએ વાળી પાનીને જમીન ઉપર અડકેલી રાખો. બન્ને હાથને બાજુમાં છુટા લટકવા દો અને આખી ક્રિયામાં તેમને છુટા જ રાખો. શ્વાસ લેતી વખતે કમ્મરથી ઉપરના ભાગને જમણી બાજુએ મરડો. તે ભાગ જેટલો આગળ જાય તે કરતાં માથાને વધારે આગળ જવા દો. મરડવાની ક્રિયા કમ્મર આગળથી જ થવી જોઇએ; ઘુંટણ આગળથી નહિ. નહિ તો સઘળી ક્રિયા વ્યર્થ જશે. શરૂઆતમાં કમ્મરથી નીચેનો ભાગ ગોળ ફરી જશે, છતાં પણ તમારે તેને વધારે સ્થિર રાખવા પ્રયત્ન કરવો.

હવે તે ભાગને ડાબી બાજુએ મરડવો શરૂ કરો. આ ક્રિયા કરતાં શ્વાસ કાઢી નાખવાનું ચાલુ રાખવું. શ્વાસોચ્છ્વાસથી બધી ક્રિયાઓ નિયમિત અને વ્યવસ્થિત થવી જોઇએ. છ પુરા શ્વાસોચ્છ્વાસમાં આ ભાગને એક બાજુથી બીજી બાજુએ મરડવાનો છે. અરધી કસરત થાય એટલે શ્વાસ બદલી નાખવો જોઇએ.

કસરત પાંચમી

ધીમેથી પગને વાળવાની ક્રિયા

પગ સાથે રાખીને ઉભા રહો. જમણા પગને ઘુંટણથી ઉંચો કરો અને બધો શ્વાસ બહાર કાઢી નાખી બન્ને હાથ વડે નળા આગળથી તેને પકડો. હવે સાથળને દઢ કરી તેને પેટના સ્નાયુઓ સાથે સખત દબાવો તે વખતે કમ્મરથી ઉપરના ભાગને પાછળની બાજુએ ઝુકવા દો. આ ક્રિયા એક ઉંડો શ્વાસ લેતાં પુરી કરો. પછી શ્વાસ કાઢી નાખતાં હાથની પકડ છોડી દો અને પગને નીચે આવવા દો. તે પગને જમીન ઉપર મુકી થોડીવાર ઉભા રહી ડાબા પગને પણ એ જ પ્રમાણે ઘુંટણથી ઉંચો કરી પકડો. આ પ્રમાણે છ શ્વાસોચ્છ્વાસથી દરેક પગને ત્રણ વખત, એમ કુલ છ ક્રિયાઓ કરો.

જો એક પગ ઉપર ઉભા રહી આ ક્રિયા ન થઇ શકે તો શરૂઆતમાં ખુરશી ઉપર બેસીને પણ કરી શકાશે.

અહીં ધીમેથી કરવાની પાંચ કસરતો પુરી થાય છે. હવે ઝડપથી કરવાની પાંચ કસરતોમાં શ્વાસોચ્છ્વાસમાં જેટલી વધારે ક્રિયાઓ થઇ શકે તેટલી કરવા પ્રયત્ન કરવો. શરૂઆતમાં એક શ્વાસોચ્છ્વાસમાં ઘણી ક્રિયાઓ ન થઇ શકે તો જેટલી બને તેટલી જ કરવી. ઝડપથી ક્રિયા કરવા છતાં પણ શ્વાસ એક જ થાય એવી ટેવ પાડ્યા પછી જ તે ક્રિયાની ઝડપ વધારવી. કારણકે જે સ્નાયુઓ પ્રથમથી જડ હોય છે તે થોડી કસરત થવાથી ઢીલા પડી યોગ્ય રીતે વાળી શકાશે.

જેવી રીતે ધીમેથી કરવાની દરેક કસરતમાં છ શ્વાસોચ્છ્વાસ લેવાના હોય છે, તેવી રીતે આ ઝડપથી કરવાની કસરતમાં પણ છ શ્વાસોચ્છ્વાસ જ લેવાના હોય

છે. ફેર ફક્ત એટલો જ કે આની દરેક કસરત ચાર શ્વાસોચ્છ્વાસથી પુરી કરી બાકીના બે શ્વાસોચ્છ્વાસ ચઢેલો થાક ઉતારવા માટે રાખવામાં આવેલા છે. આ બે શ્વાસોચ્છ્વાસ વખતે બન્ને હાથ કમ્મર ઉપર મુકવા; પણ છેલ્લા શ્વાસોચ્છ્વાસ વખતે આગળની કસરત માટે યોગ્ય સ્થિતિ પ્રાપ્ત કરી લેવી જોઇએ.

ઝડપથી કરવાની કસરતોમાં પગ લંબાવવાની કસરત, કમ્મરથી ઉપરના ભાગ માટે ત્રણ કસરતો, અને પગ વાળીને કરવાની એક કસરતનો સમાવેશ થાય છે. કમ્મરના ઉપરના ભાગ માટે જે કસરતો છે તેમાં તે ભાગને આગળપાછળ નાખવાની કસરત, એક બાજુથી બીજી બાજુએ નાખવાની કસરત, અને તેને મરડવાની કસરતો આવે છે.

કસરત છઠ્ઠી

ઝડપથી પગ પાછળ નાખવાની ક્રિયા

આ ક્રિયા કાંઇક જમીન ઉપર પગ ઘસવા જેવી લાગશે; જોકે પગને તદ્દન દૃઢ રાખીને તથા પગનાં આંગળાંને પણ સામેની બાજુએ તણાતા રાખીને એક પછી એક એમ પાછળની બાજુએ ફેંકવાથી આ ક્રિયા થાય છે. બન્ને પગને સાથે મુકો અને હાથ કમ્મર ઉપર રાખો. શ્વાસ કાઢી નાખીને આ ક્રિયા શરૂ કરો. શ્વાસ લેવાનો શરૂ કરો તેની સાથે જ પગને પાછળ ફેંકવા માંડો; પણ તે વખતે શરીર આગળ ધસી જવું જોઇએ નહિ. પગ નાખ્યા પછી તેને તેટલી જ ઝડપથી પાછો લાવો, અને આ પ્રમાણે ચાર આખા શ્વાસોચ્છ્વાસ લેતા સુધી કરો. અનુભવથી તમે દરેક પગે વીસ, એમ કુલ ચાળીસ ક્રિયાઓ ચાર શ્વાસોચ્છ્વાસમાં કરી શકશો. હવે છેલ્લો શ્વાસ કાઢતી વખતે બીજી કસરત માટે તૈયાર થાઓ.

કસરત સાતમી

કમ્મરના ઉપરના ભાગને આગળપાછળ નાખવાની ક્રિયા

બન્ને પગને છુટા રાખો અને તળીઆંને જમીન ઉપર બરાબર અડકાડો કે જેથી કસરત કરતી વખતે વધારે સ્થિર રહી શકાય. હાથ કમ્મર ઉપર મુકી કમ્મર ઉપરના ભાગને અટકાવ્યા સિવાય આગળ અને પાછળ નાખવો શરૂ કરો. શ્વાસ લેતી વખતે જેટલી ક્રિયાઓ થાય તે કરતાં શ્વાસ કાઢતી વખતે વધારે થાય તો સારૂં. કમ્મરના ઉપરના ભાગને આગળ પાછળ ઝોલા ખાવા દો, પણ ગરદનને તો સ્થિર જ રાખો. આ ક્રિયા કરતાં માથાને શરીરની સીધી લીટીમાં રાખવાનું છે. આ ક્રિયા શરૂઆતમાં બહુ જ ઝડપથી કરવાની નથી, પણ ટેવ પડયા પછી તમે ચાર પુરા શ્વાસોચ્છ્વાસમાં ચોસઠ આંચકા મારી શકશો.

કસરત આઠમી

કમ્મરના ઉપરના ભાગને બાજુએ નાખવાની ક્રિયા

પગની પાનીઓ સાથે રાખો અને બન્ને હાથને મુઠી વાળી છુટા લટકવા દો. હવે જરા પણ અટક્યા સિવાય શરીરને એક પછી એક એમ બન્ને બાજુએ ઝડપથી નાખવા માંડો. હાથને પણ વારાફરતી ઉંચો-નીચો વાળવો જોઇએ. શરીરની સાથે જ માથું નમવું જોઇએ, પણ ગમે તેમ નહિ. શ્વાસ લેતી વખતે આ ક્રિયા ઓછી ઝડપથી કરો, પણ શ્વાસ કાઢતી વખતે ઝડપ વધારો. ટેવ પડયા પછી પણ ચાર પુરા શ્વાસોચ્છ્વાસમાં આ ક્રિયા ચાળીસ કરતાં વધારે વખત કરવી ન જોઇએ; કારણકે તેમાં દરેક વખત હાથને વધારેમાં વધારે નીચે લઈ જઇને વાળવાનું છે.

કસરત નવમી

કમ્મરના ઉપરના ભાગને ઝડપથી મરડવાની ક્રિયા

ચોથી કસરતમાં બતાવ્યા પ્રમાણે પગ મુકી હાથને કમ્મર ઉપર મુકો અને માથું સ્થિર રાખો. યોગ્ય સ્થિતિ પ્રાપ્ત કરવા માટે શરૂઆતમાં આરસાનો ઉપયોગ કરવો વધારે સારો છે. કમ્મરથી ઉપરના ભાગને એવી રીતે મરડો કે તે તદ્દન આગળ દેખાઇ આવે. હવે પાછા ફરો અને બીજી બાજુએ મરડો. વચ્ચે અટકવું જોઇએ નહિ. આ પ્રમાણે ચાર પુરા શ્વાસોચ્છ્વાસ લેતાં સુધી ઝોલાં ખાઓ. ધીમેધીમે દરેક શ્વાસ લેતી વખતે ચાર ઝોલાં ખાતાં શીખવું જોઇએ. પછીથી બે ઉંડા શ્વાસોચ્છ્વાસથી આ ક્રિયા પુરી કરો.

કસરત દસમી

પગને ઝડપથી વાળવાની ક્રિયા

બે પગને સાથે રાખીને બન્ને હાથ કમ્મર ઉપર મુકો. જાંઘને સ્થિર રાખી પગને ઘુંટણમાંથી વારાફરતી એવી રીતે ફેંકો કે પાની પાછળ પછડાવી જોઇએ. પગના આંગળાવાળા ભાગને દરેક વખત લંબાવતા ચુકો નહિ. વખત જતાં તમે ચાર પુરા શ્વાસોચ્છ્વાસમાં પાછળની બાજુએ ચાળીસ લાતો ફેંકી શકશો. શ્વાસ લેતાં જેટલી ક્રિયાઓ થાય તે કરતાં શ્વાસ કાઢતી વખતે વધુ ક્રિયાઓ કરો.

પાચ મીનીટમાં કરી શકાય એટલી કસરતોની યાદી અહીં પુરી થાય છે. આ કસરતોને પાંચ મીનીટ કરતાં ઓછો વખત કોઇ દિવસ લગાડવો નહિ; કારણ તેથી જે સાઠ પુરા શ્વાસોચ્છ્વાસ લેવાના છે તેને હરકત થશે, અગર ક્રિયાઓ આખી નહિ થવાનો સંભવ રહેશે. આ કસરતોમાં પાંચ મીનીટને બદલે સાડાપાંચ અગર છ મીનીટ લાગે તો તે કોઇ પણ રીતે નુકસાનકારક હોતાં ફાયદાવાળી છે; પણ તેમાં સાઠ શ્વાસોચ્છ્વાસ કરતાં એક પણ વધારે લેવો જોઇએ નહિ. તેથી દરેક શ્વાસ ઉંડો લેવાશે અને ઝડપથી થતી ક્રિયાઓમાં ઉંડા શ્વાસને લીધે વધુ ક્રિયાઓ કરવાની તક મળશે.

આ પાંચ મીનીટમાં કરવાની કસરતોની યાદી ખાસ કરીને જે છોકરાઓ તથા માણસો મજબુત તથા કસરતબાજ ન હોય તેમને માટે છે. સ્ત્રીઓ તથા કન્યાઓને પણ આ કસરતો કરવામાં મુદ્દલ વાંધો નથી.



એક ગૃહસ્થ—(પોતાના મિત્રને) તમારા વાળ આટલા બધા વહેલા કેમ ધોળા થઇ ગયા? હજી ઉમર તો બહુ નાની છે.

મિત્ર—એનું કારણ એમ છે કે હું ભાવનગરમાં રહું છું; પણ મારે વારંવાર લીમડી જવાનું થાય છે તેથી ધોળા થઇને જવું પડે છે અને ધોળા થઇને આવવું પડે છે. તેથી વાળ વહેલા ધોળા થઇ ગયા હશે.

*

એક માણસ બીજા કેટલાક સાંભળનારાઓ આગળ ડંફાસ મારતો હતો કે હું ગમે તેવી ભરી-ભાદરી દુકાનમાંથી પકડાયા વગર ગમે તે ચીજ ચોરી શકું છું.


સાંભળનારાઓમાંથી એક જણ આગળ આવીને બોલ્યો, 'ચાલો સાહેબ, હું પાંચ રૂપીઆની શરત કરૂં છું. તમે મારી સાથે ચાલો અને મારા દેખતાં તમે કહો છો તેમ કરી બતાવો તો હું હાર્યો.'

બન્ને જણ ચાલ્યા. એક સ્ટેશનરની દુકાન આગળ આવી પેલો અંદર પેઠો અને પેન્સિલનું એક બંડલ ઉઠાવી બહાર આવ્યો.

'લાવો ભાઇ પાંચ રૂપીઆ. હું પકડાયા વિના આ લઇ આવ્યો.'

'વાહ! બહુ ચાલાક જણાઓ છો!' પેલો સાથે આવનાર બોલ્યો. 'પણ હું પોતે છુપી પોલીસનો માણસ છું, અને તમને ચોરીના આરોપસર પકડું છું!'

'માફ કરો સાહેબ;' પેલાએ જવાબ આપ્યો 'ત્યારે હું પોતે જ આ દુકાનનો માલીક છું!'



૧

ઇશ્વરની ભવ્યતા અને અનન્તતાનાં દર્શન જેવાં આકાશમાં થાય છે તેવાં કદાચ બીજે ક્યાંય થતાં નહિ હોય. આ ભવ્યતા અને અનન્તતાને ઠીક પ્રમાણમાં અનુભવવી હોય તો આકાશનો કંઇક અભ્યાસ કરવો જોઇએ. અને તેને માટે શરૂઆતમાં કેટલાક અગત્યના તારાઓની ઓળખાણ કરી લેવી જોઇએ.

તારાઓની ઓળખાણ કરવાનો સરસ માર્ગ તો એ છે કે જે માણસ તારાઓને ઓળખતો હોય તેની પાસેથી તેમને પ્રત્યક્ષ ઓળખી લેવા. પણ આવી સગવડ બહુ થોડાને મળી શકે. તેથી તેના કરતાં ઓછી સગવડવાળો, પણ જેનો લાભ બધા લઇ શકે એવો માર્ગ નકશાઓ મારફતે તારાઓને ઓળખવાનો છે. (તારાઓના પણ નકશા થયા છે.) હું પણ તમને આ રીતે જ તારા ઓળખાવી શકું.

આ લેખમાળામાં આપેલા આકાશના નકશાઓ જોશો તો તેમાં પૂર્વ અને પશ્ચિમ દિશાઓ સામાન્ય નકશાઓના કરતાં ઉલટી રીતે લખેલી માલુમ પડશે. આનું કારણ એ છે કે આ નકશાઓ આકાશના હોવાથી તેને આકાશની પેઠે આપણા માથા ઉપર રાખીને જોવા જોઇએ. આમ કરવાથી નકશાની દિશાઓ સાથે મળી રહેશે. (જુઓ આ અંકમાંનું આકાશચિત્ર.)

આકાશમાં બધા તારા પ્રકાશમાં સરખા હોતા નથી. કેટલાક વધારે ચળકતા, તો કેટલાક વધારે ઝાંખા હોય છે. તેથી પ્રકાશના પ્રમાણમાં તારાઓના દરજ્જા ઠરાવવામાં આવ્યા છે. શુક્ર જેવા સૌથી વધુ ચળકતા તારા પહેલા દરજ્જાના ગણાય છે. તેનાથી સહેજ ઝાંખા તે બીજા દરજ્જાના, તેનાથી સહેજ ઝાંખા તે ત્રીજા દરજ્જાના. આમ ૧૮ દરજ્જા કરવામાં આવ્યા છે. સાતમા અને તેનાથી આગળના દરજ્જાના તારાઓ નરી આંખે દેખી શકાતા નથી. તેમને જોવાને દૂરબીનની મદદ લેવી પડે છે. આ લેખમાળામાં તારાઓના જે નકશા આપવામાં આવશે તેમાં નીચેના સંકેતો રહેશે:


૧લા	દરજ્જાના	બતાવવા માટે	૮ પાંખડી કરી હશે
૨જા	,,	,,	૬ ,,
૩જા	,,	,,	૫ ,,
૪થા	,,	,,	મોટું ટપકું કર્યું હશે
૫મા	,,	,,	મધ્યમ ,,
૬ઠ્ઠા	,,		નાનું ,,

આ લેખમાળામાં કેટલાક પારિભાષિક શબ્દો વાપર્યા વગર છુટકો નથી, તેથી તેમની સમજુતી અહીં આપું છું. બરાબર ઉત્તર અને દક્ષિણ દિશામાં થઇને તેમ જ આપણા માથા ઉપર થઇને પસાર થતું એક અર્ધવર્તુલ આકાશના ઘુમ્મટ ઉપર દોર્યું હોય એમ કલ્પના કરો. આ અર્ધવર્તુલને આપણે 'યામ્યોત્તર વૃત્ત' કહીશું. ધ્રુવનો તારો પણ આ વૃત્ત ઉપર જ હોય છે, કેમકે તે બરાબર ઉત્તરમાં છે. (ખરૂં કહીએ તો ઉત્તર દિશા ધ્રુવ ઉપરથી જ નક્કી કરાય છે. જે દિશામાં ધ્રુવ તે જ ઉત્તર દિશા) કોઇ પણ તારો યામ્યોત્તર વૃત્ત પર આવે ત્યારે આપણે ટુંકમાં તે 'યામ્યોત્તર થયો' એમ કહીશું. આમ કહેવું વાસ્તવિક

પણ છે, કેમકે તે વખતે તે તારો બરાબર યામ્ય (દક્ષિણ) અથવા તો બરાબર ઉત્તર દિશામાં હશે.

આ લેખમાળામાં તારાઓના ઉગવા-આથમવા વગેરેના વખતો સ્ટાંડર્ડ ટાઇમ પ્રમાણે આપ્યા છે, અને તે અમદાવાદના સ્થળને લાગુ પડે છે. અમદાવાદ કરતાં પૂર્વ તરફનાં સ્થળોએ આ તારાઓ અમદાવાદ કરતાં વહેલા ઉગશે-આથમશે, અને પશ્ચિમ તરફનાં સ્થળોએ મોડા ઉગશે-આથમશે. અમદાવાદથી દાહોદ જેટલા પૂર્વના સ્થળે ૭ મીનીટનો અને દ્વારકા જેટલા પશ્ચિમના સ્થળે ૧૪ મીનીટનો ફરક પડશે.

ચંદ્રના પ્રકાશમાં કેટલાક તારાઓનું તેજ ડુબી જવાથી તેઓ દેખી શકાતા નથી. તેથી તારાદર્શન માટે અંધારી રાત વધારે ઠીક પડે છે; તેમાં પણ અમાસની રાત ઉત્તમ છે, કેમકે તે આખી રાત ચંદ્રના પ્રકાશ વિનાની હોય છે. તેથી આ લેખમાળામાં આપણે દર માસની અમાસની રાત પસંદ કરીશું. આ અંકમાં ફાગણ માસની અમાસ પસંદ કરી છે. તારાઓના ઉગવા-આથમવા વગેરેના જે વખતો આ અંકમાં આપ્યા છે તે એ રાત્રિને જ લાગુ પડે છે. અમાસની પહેલાંની તથા પછીની બેચાર રાતો માટે પણ આકાશની સ્થિતિ લગભગ અમાસના જેવી રહેશે, પણ અમાસને માટે જે વખતો આપેલા છે તેમાં અમાસ પહેલાંની રાત્રિઓ માટે દરેક ૨૪ કલાક દીઠ ૪ મીનીટ ઉમેરવી અને તે જ મુજબ અમાસ પછીની રાત્રિઓ માટે દરેક ૨૪ કલાક દીઠ ૪ મીનીટ બાદ કરવી.



સાથેના નકશામાં ધ્રુવ, ધ્રુવમત્સ્ય અને સપ્તર્ષિના તારા આપ્યા છે. આકાશના બધા તારાઓમાં ધ્રુવ સૌથી અગત્યનો છે. બધા તારાઓ ફરતા દેખાય છે, પણ ધ્રુવ તો ત્યાંનો ત્યાં જ રહે છે. તે હમેશાં ઉત્તર દિશામાં હોય છે. એ તારો બીજા દરજ્જાનો હોવાથી સ્હેજ ઝાંખો છે, પણ તેની આસપાસના થોડા પ્રદેશમાં તેના જેટલો પ્રકાશિત કોઇ બીજો તારો નથી. તેને ખોળી કાઢવાની રીત એ છે કે સપ્તર્ષિ માંહેના પુલહ અને ક્રતુને સીધી લીટીથી જોડી એ લીટીને ક્રતુની દિશામાં લંબાવવી. આ લંબાવેલી લીટી ધ્રુવમાં થઇને જશે. વળી પુલહ અને ક્રતુની વચ્ચેના અંતર કરતાં પાંચગણું અંતર ક્રતુ અને ધ્રુવ વચ્ચે છે. આકાશનું જે બિન્દુ બરાબર આપણા માથા ઉપર છે, તે ક્ષિતિજથી જેટલી ઉંચાઇએ છે તેના લગભગ ચોથા ભાગની ઉંચાઇએ ધ્રુવ (અમદાવાદમાં) દેખાય છે. ધ્રુવમત્સ્યનો આકાર સપ્તર્ષિ જેવો જ છે પણ તે સપ્તર્ષિ કરતાં નાનું છે. ધ્રુવને ધ્રુવમત્સ્યનો છેલ્લો તારો ગણી શકાય અને આ રીતે પણ ધ્રુવને યાદ રાખી શકાય.

અરુન્ધતીનો તારો પાંચમા દરજ્જાનો છે, પણ પાસેના વધારે તેજસ્વી વસિષ્ઠના તેજમાં તેનું તેજ ડુબી જાય છે, તેથી સારી આંખવાળા જ તેને જોઇ શકે છે. વસિષ્ઠની જરાક જ પૂર્વે બારીકાઇથી જોતાં તે માલુમ પડશે.

ફાગણની અમાસે અમદાવાદમાં સૂર્યોદય ૬ ક. ૩૨ મિ. (સ્ટાં. ટા.) એ અને સૂર્યાસ્ત ૬ ક. ૫૫ મિ. (સ્ટાં. ટા.) એ થશે. તે દહાડે સપ્તર્ષિના ઉદય અને અસ્ત દિવસના થશે અને તેથી સૂર્યના પ્રકાશને લીધે દેખી શકાશે નહિ, પણ સાંજના જ્યારે તારાઓ દેખાવાનો વખત થશે ત્યારે સપ્તર્ષિનો ઝુમખો આખો ઉગેલો ઇશાન ખુણામાં ક્ષિતિજથી થોડે ઉંચે માલુમ પડશે. સપ્તર્ષિનો યામ્યોત્તર સમય રાતના ૧૦ ક. ૧ મિ. (પુલહ) થી ૧૨ ક. ૪૮ મિ. (મરીચિ) સુધીનો છે. ઉપરના નકશામાં પુલહનું યામ્યોત્તર બતાવ્યું છે.

ધ્રુવમત્સ્ય ધ્રુવની એટલું નજીક છે કે ધ્રુવની આસપાસ ફુદડી ફરતું તે હમેશાં જોઈ શકાય છે અને કદિ ક્ષિતિજની નીચે જતું નથી. તેથી તે ૨૪ કલાકમાં બે વખત યામ્યોત્તર થાય છે. એક વખત તો સપ્તર્ષિની પેઠે ધ્રુવની દક્ષિણે (એટલે ઉપર) અને બીજી વખત ત્યાર પછી ૧૨ કલાકે ધ્રુવની ઉત્તરે (એટલે નીચે). પહેલું યામ્યોત્તર અમાસની રાતે ૨ ક. ૫ મિ. થી ૫ ક. ૦ મિ. સુધી થશે. બીજું યામ્યોત્તર દિવસના થશે અને તેથી દેખી શકાશે નહિ.

આ ઉપરાંત એક જ તારાની ઓળખાણ આજે કરીશું અને તે શુક્રની. સૂર્યાસ્ત પછી બધા તારાઓ કરતાં અગાઉ પશ્ચિમ દિશામાં તે દેખાશે અને પોતાની અત્યન્ત તેજસ્વિતાથી એકદમ ઓળખાઇ આવશે. તે ૧૦ ક. ૧૩ મિ. એ આથમી જશે.

એક મહીના પછી આપણે મળીએ તે પહેલાં તમે નીચે પ્રમાણે નોંધ રાખશો તો ત્યાર પછી મારે જે કહેવાનું છે તે તમે સરળતાથી સમજી શકશો.

જે તારાઓનું તમે ઓળખાણ કર્યું છે તેમના ઉગવા, આથમવા તથા યામ્યોત્તર થવાના વખતો અઠવાડીઆમાં ઓછામાં ઓછા એક વખતના નોંધવા, તેમ જ શુક્રની આસપાસના તારા યાદ રાખી તે તે તારાઓમાં થઇને ફરે છે કે નહિ તેની તપાસ રાખવી, અને દરેક તારો ઉગતી આથમતી વખતે ક્ષિતિજને અને યામ્યોત્તર થતી વખતે યામ્યોત્તરવૃત્તને ક્યાં અડકે છે તે યાદ રાખવું.

હરિહર ભટ્ટ

જરા ચેતજો

માતાપિતા કે ભાઈબહેનો ઘણીવાર બાળઉછેરની બાબતમાં તદ્દન અજ્ઞાન અને બેદરકાર હોય છે. આ અજ્ઞાન અને બેદરકારીનું ક્યારેક ઘણું ભયંકર પરિણામ આવે છે. એક વખત એક બાઇ પોતાના ચાર મહીનાના બાળકને નવેક વરસના દીકરાની સંભાળ નીચે મુકી બહાર કામે ગઈ. થોડી વાર થયે છોકરે જોયું તો બાળક ઉંઘી ગયું હતું; એટલે પોતે પણ રમવા ચાલ્યો ગયો. ઘરમાં પાળેલી બીલાડી હતી. એ બીલાડીને એવી ટેવ કે જો કોઇ પથારીમાં સુતું હોય તો તેને પડખે કે માથે બેસી ગેલ કરે.

માતાએ બહારથી આવીને જોયું તો પેલી બીલાડી બાળકના મોં ઉપર મોં રાખીને બેઠી હતી. તમે કલ્પી શકશો કે બાળકનું શું થયું હશે. માતા નજીક આવી અને જોઇને આભી બની ગઇ. બાળક આ જગતમાં નહોતું! બીલાડીના લાડમાં ઉંઘતા બાળકનું નાક દબાએલું ને શ્વાસ મુંઝાયો. બીલાડીએ પોતાનું માથું બાળકના મોં ઉપર દાબ્યું. ચાર માસના ફુલ માટે આ બસ હતું. થોડી મીનીટનું અસહ્ય દુઃખ ખમીને એના પ્રાણ ઉડી ગયા.

કમકમાટી ઉપજાવે તેવો એક બીજો પ્રસંગ આ છે. ગામડાની એક માતાએ નાના બાળકના માથામાં ઘી લગાડેલું હતું. ઘર ગામને છેવાડે હતું. ગામમાં ઘણીવાર જંગલબીલાડાનો ભો હોય છે. એ જનાવર એટલું જોરાવર હોય છે કે એકાદ વર્ષની ઉમરના બાળકને ગળે પકડી જંગલમાં ઘસડી જાય છે.

બાળક એકલું ઉંઘતું હતું. એટલામાં ઘર પાછળના વાડામાં ફરતા કોઇ જંગલી બીલાડાને ઘીની વાસ આવી. એક જ કુદકે એ બારી વાટે ઘરમાં પેઠો. ઘી ખાવાની લાલચે એણે પ્રથમ તો બાળકનું માથું ચાટયું. પરંતુ સ્વાદ વધતો ગયો એટલે તેણે દાંત અને નહોર વડે બાળકનું માથું ને મોઢું લોહીલોહાણ કર્યું ને કરડી ખાધું! બાળકના દુઃખની કલ્પના કરો. કોઇપણ માણસ બાળકની ખબર લે તે પહેલાં એનો દુઃખી પ્રાણ ચાલ્યો ગયો હતો!

શહેરમાં કે ગામડામાં રહેતાં માતાપિતા, અને ખાસ કરીને મોટાં ભાઇબહેનોને બાળઉછેરમાં ધ્યાન અપાવવા આ દાખલા બસ થશે.

શું કરશો ?

હોળી કે વસંતોત્સવ ?

ગંદાં પાણી ઉડાડવાં,
ગલીચ શબ્દો બોલવા,
પૈસા માગતા લોકોનાં કપડાં
બગાડવાં,
સ્ત્રી–બાળકોને કનડવાં.
છાણાંલાકડાં માટે જંગલીઓની
પેઠે ધાંધલ મચાવવાં,
હોળીનું બળતું ચાલુ રાખવા
ગમે તે ઉપયોગનું લાકડું
બાળી દેવું,
બીજી પોળમાં એવાં લાકડાં
લેવા જતાં લડાઇઓ કરવામાં
મઝા લેવી અને
પડોશીની જોડે વેર બાંધવું,
કજીઆકંકાસને નોતરી પરિણામે
શરીર, પૈસા અને આનંદની
ખુવારી કરવીઃ
આ તે હોળી !

સ્વચ્છ વસ્ત્રો પહેરી
લાલ ગુલાલે રંગો ને રંગાઓ,
દેશભક્તિનાં સુંદર ગીતો લલકારી
પોળ ગજાવો,
મિત્રોને ફુલહાર પહેરાવો,
સ્ત્રી–બાળકોને આદર આપો,
હોળી પ્રગટાવવા શાસ્ત્રોક્ત વિધિથી
પૂજનસમારંભ કરો,
ચેતનગીત ગાતાં મંડળોમાં ફરી
નગરકીર્તન કરો,
નૃત્ય, કસરતો કે મરદાનગીભરી
શરતોના જલસા ગોઠવો,
બાજુની પોળના મિત્રોને નોતરી
ગાન ગમ્મતનો આનંદ લો,
આનંદ, ઉત્સાહ અને ચેતનનાં પૂરથી
તમારાં અને તમારા સંગમાં
આવતાં સહુનાં હૈયાં ભરી
વસંતોત્સવ ઉજવો.

આ માસિક, અમદાવાદ, સારંગપુર, નવજીવન મુદ્રણાલયમાં તંત્રી રવિશંકર મહાશંકર રાવળે છાપી, કુમાર કાર્યાલય, ૪૪૮૦, રાયપુર,
અમદાવાદમાંથી પ્રગટ કર્યું.



માધુકરી

બત્રીશલક્ષણો

રાજપુતાનામાં કરોલી રાજ્યના શીકારશોખીન નરેશની આજ્ઞા હતી કે એ રાજ્યની સરહદમાં, શહેર કે વગડામાં એમની બંદુક સીવાય કોઇની પણ બંદુક કેઇપણ હિંસક પશુ સામે ચાહે તેવા આત્મરક્ષણના પ્રસંગે પણ છુટી ન શકે. પશુઓ સામે આંગળી ચીંધનારની આંગળી કપાય; એનો વધ કરનારનો વધ થાય. સારા રાજ્યમાં પશુરાજ્ય થઇ પડ્યું. પાકેલાં ખેતરો લુંટાઈ ગયાં. વસ્તીના બાળક બાળકીઓના ભોગ ધરાવા માંડયા; છતાં રાજઆજ્ઞા સ્થિર ઉભી હતી. લોકો ત્રાહી ત્રાહી પોકારવા લાગ્યા.

પછી એક ક્ષત્રિય જુવાન બહાર આવ્યો. એના પિતા રાજ્યના દીવાન થઇ ગએલા. એણે રાજ્યપિતાને વીનવણી કરી, 'બાપ, આ જુલમ ન શોભે. વસ્તીના જાનમાલનો આ સંહાર ન ઘટે.' બાપુ ન માન્યા. બાપુના ચરણે એ જુવાન ફરી ગયો. 'બાપુ હવે તો આ નથી સહેવાતું. આપની આજ્ઞા હવે તો સમેટી લ્યો. નહિ તો, આજથી આઠમે દિવસે પ્રજાજનના રક્ષણાર્થે આપની એ આજ્ઞા મારે ઉલ્લંઘવી પડશે.' બાપુ ફરી ન માન્યા.

ક્ષત્રીબચ્ચાએ પોતાનું વચન પાળ્યું. તે બહાર નીકળ્યો હિંસ્ર પશુઓનો શીકાર કરી ઘેર આવ્યો. પ્રજાજનોએ જયનાદથી વધાવ્યો. સમસ્ત રાજ્યમાં વિદ્યુત્ જીવન પ્રકટ્યું. રાજાએ એ સાંભળી આજ્ઞા કરી કે 'કુંવર મદનસિંહને કરોલી શહેરની હદ છોડી બહાર જવાની મનાઇ છે.' એના ફરતા પહેરા મુકાયા. કુંવર નજરકેદ થયા.

કુંવરે ફરી ઘોષણા કરી, 'મહારાણાશ્રીને મનાવવાનો એક જ સાત્ત્વિક ઉપાય મારી પાસે છે. આજથી હું નિર્જળ ઉપવાસ આદરૂં છું કાં તો મહારાણાશ્રી પોતાની આજ્ઞા સમેટે, અને કાં તો આ દેહ પડે. જય પ્રભુ!' કહી શહેર મધ્યમાં ખુલ્લા ચોગાનમાં સદ્‌ગત મહારાજાશ્રી ગોપાળસિંહજીના બાવલા નીચે આસન જમાવ્યું. એની જ છાયા નીચે અન્નજળ ત્યાગ્યાં. લોકોનાં ટોળાં દૂર-દૂરથી દર્શન કરવા ઉભરાવા લાગ્યાં. સમસ્ત રાજ્યમાં હાહાકાર થઇ ગયો. શું બત્રીશલક્ષણો હોમાય છે!

બબ્બે દિવસનાં વહાણાં વાયાં. મહારાણાનું દિલ હજી પણ સ્થિર ઉભું હતું. ત્રીજા દિવસના પ્રભાતે કરોલીમાં ચમત્કાર થયો. કુંવર મદનસિંહનાં ધર્મપત્ની બુરખો તોડી, રાજ્યમહેલ છોડી, ઉઘાડા પગે, પોતાના પતિની સાન્નિધ્યમાં આવી બિરાજ્યાં. 'મારા દેશનાં ગરીબ ભાંડુઓ માટે આજે હું આ મારો સઘળો કુળાચાર છોડી બહાર આવું છું, અને એમને જ માટે હું પણ આજથી આ અન્નજળ ત્યાગું છું.'

પ્રજા થંભી ગઇ. તેની આંખમાંથી આંસુઓ દડવા લાગ્યાં. આ પ્રજાપરાયણ ધર્મયુગલની ચોતરફ રાજ્યની સમસ્ત પ્રજા ઉભરાઇ ચાલી. એ બહાદુર ક્ષત્રિય જોડું ગીતાજીનો પાઠ કરતું બેઠું છે. ચોમેર પ્રજાજનો આસન જમાવી ગીતાજીનો પાઠ કરતા બેઠા છે. અગરબત્તી અને અગરજાની જ્વાળાઓ ગગનમાં ચાલી રહી છે. કોઇ અપૂર્વ સાત્વિકતા અને શાંતિ પથરાઇ રહી છે. લોકોનાં દિલમાં રોષનો અગ્નિ છે; આંખમાં દુઃખનાં અશ્રુ છે; વદન ઉપર પ્રાર્થનાની આર્જવતા છે.

ચોથા દિવસનો સાયંકાળ થયો. ચાર ચાર દિવસના જળત્યાગે કુંવરને મુર્છા આવી. લોકોએ કારમી ચીસ પાડી. રાજ્યનું સિંહાસન જાણે ડોલવા લાગ્યું. રાજાજીની મહિલાતના પાયા જાણે હાલવા લાગ્યા. જાણે પૃથ્વી ઉપર કોઇ પ્રચંડ ભૂકંપ થયો. સૃષ્ટિ ઉપર લોકસમુદાય ચંચળ બની ગયો. પેલી બહાદુર ક્ષત્રિયાણી શાંતિથી પતિની સુશ્રુષા કરે છે!

પછી તો રાજાજીનું હૈયું પીગળ્યું. ક્ષત્રિ ક્ષત્રિયાણીના અદ્‌ભુત તપોબળને તેણે નમન કર્યું અને [illegible] જાણે બચ્ચાંઓ, સુખેથી રૈયતના ત્રાસ નિવારો [illegible]

લોકોની લાગણીએ ફરી પલટો ખાધો. સ્વર્ગલોક સાંભળે તેવો રાજાજીનો પ્રચંડ જયઘોષ બોલાવ્યો અને પોતાના લાડકાં ક્ષત્રિજોડાંની પૂજા કરી ઘેર લઇ ગયા.

આજે રાજા રાજા અને પ્રજા પ્રજા બની છે. આજે ત્યાં સાચા મનુષ્યાનું રાજ્ય છે; પશુરાજ્ય મટી ગયું છે

(સૌરાષ્ટ્ર, તા. ૧૫-૩-૨૪.)

એક વીર

એનો જન્મ ઇ. સ. ૧૮૭૮માં કાચા આગળ થયો હતો. બચપણમાં જ બાપને ગુમાવી બેસવાથી એને પોતાના મામાને ત્યાં ઉછરવું પડેલું. એના તોફાનનો કંઇ પાર જ નહિ. કલકત્તાની સેન્ટ્રલ કૉલેજમાં થોડો વખત અભ્યાસ કરી એણે હમણાંના બિહારના ગવર્નર-તે વેળાના મિ. વ્હીલરના હાથ તળે નોકરી લીધેલી.

એની હિમ્મત તો ગજબ જ. એકવાર એક જીવતા ચિત્તાને પકડીને તેને છરી વતી મારી નાખેલો ! એક વખત ૭૦ માઇલની પગે ચાલીને, અને બીજી એકવાર ૭૫ માઈલની સાઈકલથી મુસાફરી કરેલી. કોઇની મગદૂર નહોતી કે સુંદરી નામની એની ઘોડી પર સવાર થઈ શકે.

ગરીબો પ્રત્યે એ પુષ્કળ રહેમદિલી રાખતો. ગીતાનો એને નિત્યપાઠ હતો. ફરજ શી છે તે નક્કી કર્યાં બાદ તે બજાવતાં આખરે શું થશે, શી આફત આવશે તેની એ લેશમાત્ર ગણત્રી ન બાંધે.

ઈ. સ. ૧૯૧૦માં એને પકડેલો, પણ વરસ દિવસમાં છોડી દીધો. ૧૯૧૫ માં ચાર યૂરોપીઅન લશ્કરીઓને સારી પેઠે ફટકાવવા માટે એની સામે કેસ ચાલ્યો, પણ સોલ્જરોને શરમ લાગવાથી તે અરધેથી બંધ થયો.

એનું મરણ પણ વીરનું મૃત્યુ હતું. બાલાસોરમાં પોલીસનાં માણસો સાથે એણે ખુલ્લી લડાઇ જ માંડી, અને એક ખાઇમાં રહ્યાં રહ્યાં બે દિવસ સુધી સામા પક્ષને ખુબ હંફાવ્યો. પછી હારૂગોળો ખુટ્યો અને પોતે ઘવાયો. એ જખમમાંથી એનું મરણ નીપજ્યું.

સી. આઇ. ડી. ખાતાવાળા મિ. તેગાર્ત એના મરણથી બહુ નારાજ થએલા. એમણે કહેલું, 'મારી ફરજ ગમે તે હોય, તોપણ એને માટે મને ભારે માન હતું. એ એક જ બંગાળીએ ખુલ્લી રીતે યુદ્ધ કરતાં કરતાં વીરનું મરણ સ્વીકાર્યું.'

એક વીર બંગાળી કોણ ? તમે કદાચ એનું નામ નહિ સાંભળ્યું હોય. જતીન્દ્ર મુકરજી.

(ઑગણયુગનું બંગાળા)

સૌરાષ્ટ્ર

ઇજીપ્તનો પ્રાચીન ભૂગોળશાસ્ત્રી ટૉલેમી સૌરાષ્ટ્રને સુરાષ્ટ્રેણે (S rastrene) કહે છે. કાઠીઆવાડ નામ તો મરાઠાઓએ પાડયું છે. તે પહેલાં મુસલમાનો તે આખા દ્વિપકલ્પને સોરઠ કહેતા. કાઠીઆવાડ પ્રથમ બેટ હતો. પ્રાચીનકાળમાં એ 'દુધ અને મધની નદીઓનો દેશ' ગણાતો.

પ્રભાસક્ષેત્રના દરીઆકાંઠાના ભાગને હાલમાં નાઘેર કહે છે. કાઠીઆવાડમાં અત્યારે એ સૌથી વધારે ફળદ્રુપ પ્રદેશ છે. એ ભાગમાં જ સમૃદ્ધ બંદરો જુના વખતમાં હતાં. આ લીલાછમ નાઘેરનું મુખ્ય નગર એક કાળે પ્રભાસપાટણ હતું.

પ્રભાસ એટલે અતિશય પ્રકાશમાન. વળી પ્રભાસક્ષેત્રનું બીજું નામ ભાસ્કરક્ષેત્ર છે. પુરાણોમાં એક એવી કથા છે કે 'સુર્ય પ્રભાસમાં પોતાની પુરી કળાથી પ્રકાશતા હતા. એ પ્રકાશ એટલો અસહ્ય હતો કે સૂર્યની સ્ત્રી છાયા પણ પાસે જઇ શકતી નહિ. આથી સૂર્યે પોતાની સોળ કળામાંથી બાર કળા પ્રભાસક્ષેત્રનાં બાર સૂર્યમન્દિરોને આપી દીધી અને ચાર પોતે રાખી.' આ બધા ઉપરથી પ્રભાસમાં જુના વખતમાં સૂર્યપૂજા પ્રચલિત હશે એમ સ્પષ્ટ દેખાય છે. કાઠીઆવાડમાં એક કાળે સૂર્યપૂજાનો જબરો પ્રચાર હતો એમ દેખાડનારા ઘણા અવશેષો મળ્યા છે. આજે પણ એક સૂર્યમન્દિર ત્યાં છે. સૂર્યપૂજાનો પ્રચાર આ દેશમાંથી ઓછો થવા માંડયો, ત્યાં પ્રભાસની કીર્તિ શૈવતીર્થ તરીકે આખા દેશમાં પ્રસરી ગઇ.

સોમનાથ

સોમનાથ એટલે સોમ—ચંદ્રમા—ના નાથ અર્થાત્ પ્રભાસમાં સોમનાથની સ્થાપના પણ પહેલી ચંદ્રે કરેલી હોવી જોઇએ. આ વ્યુત્પત્તિ ઉપરથી પૌરાણિક કથાઓ ઉભી થઇ લાગે છે. 'ચંદ્ર દક્ષપ્રજાપતિની ૨૭ કન્યાઓને પરણ્યો હતો; પણ એમાંથી માત્ર એક રોહિણી ઉપર જ તે પ્રેમ રાખતો. આ પક્ષપાતથી રીસાએલી બીજી ૨૬ જણીઓએ પોતાના પિતા પાસે ફરીઆદ કરી. દક્ષે ચંદ્રને બધી સ્ત્રીઓ ઉપર એકસરખો સ્નેહ રાખવાની શીખામણ આપી; પણ ચંદ્રે માન્યું નહિ એટલે દક્ષે શાપ આપ્યો કે 'જા તને ક્ષયરોગ થશે.' હવે ચંદ્રને પશ્ચાત્તાપ થવા લાગ્યો. એણે બધાં તીર્થોમા ભમવા માંડયું; છેવટ પ્રભાસમાં આવી શિવની ભક્તિ કરવા માંડી. ભોળા શિવે પ્રસન્ન થઇને અનુગ્રહ કર્યો કે ચંદ્રની કળાનો પંદર દિવસ ક્ષય થશે અને પંદર દિવસ સુધી એ કળા વધતી જશે. ચંદ્રે આ અનુગ્રહથી ખુશી થઇને સ્વયંભૂ શિવલિંગ ઉપર સોનાનું મંદિર બંધાવ્યું.'

સોમનાથનું દેવળ પ્રથમ સોમે સોનાનું બંધાવ્યું હતું, પછી રાવણે રૂપાનું બંધાવ્યું, પછી કૃષ્ણે લાકડાનું બંધાવ્યું અને છેવટ ભીમદેવે પત્થરનું બંધાવ્યું.

(દુર્ગાશંકર શાસ્ત્રી)

બાર વરસની બાલકવિ

ઇંગ્લંડની એક પુસ્તક પ્રકાશન મંડળીએ હમણાં જ ૧૫૦ પાનાંનો એક સુંદર કાવ્યસંગ્રહ બહાર પાડયો છે એ કાવ્યોની રચનાર હેલન બાર વરસની સુકુમાર બાળા છે. એ બે વરસની હતી ત્યારથી પોતાની ઢીંગલી જોડે કવિતામાં વાતો કરતી. આ સંગ્રહમાંનાં સાત કાવ્યો એ કન્યાએ પોતાના ચોથા અને છઠ્ઠા વરસની અંદર લખ્યાં છે. એમાંનું એક આ નીચે કાવ્યમાં ઉતારીએ છીએ.

: મંદાક્રાન્તા :

ચૂમે લીલું વદન ગિરિનું હોઠ રાતા ઉષાના,
ઉગી ખીલે અવનિતલ શું વાદળી ફુલ ત્યાં આ!
પંખીડું એ, પ્રિય હૃદય આ ગાય છે ગીત નાનું,
સાથે વ્હેતું ઝરણ પરથી ગાન ગિરિ-ક્યાનું!

આ બાળાનાં સંગીત અને કલ્પના કેવાં મધુર છે!

પડછાયા વિનાની બત્તી

પારીસની એક કમ્પનીએ એક એવી જાતની બત્તી ગોઠવી કાઢી છે કે જેનો પડછાયો જ પડે નાહ ૫૦ કેન્ડલ-પાવરની વીજળીની બત્તીની આસપાસ ગોળાકારે પ્રિઝમેટિક લેન્સ ગોઠવીને અને બત્તી ઉપરના ગ્લોબમાં અમુક અંશને ખુણે અરીસા જેવા કલાઇ કરેલા રિફ્લેક્ટર ગોઠવીને એ ઉપજાવી કાઢી છે. દાક્તરી વાઢકાપ વખતે, લેબોરેટરીમાં કામ કરનારાઓ માટે અને ચિત્રકારો, એન્ગ્રેવરો વગેરે માટે આ બત્તી બહુ કામ આવે.

રૂદ્રાક્ષ

નેપાળની પૂર્વે આવેલા ધનકુટા અને મોરંગ નામના જીલ્લામાં રૂદ્રાક્ષનાં ઝાડ ઘણાં થાય છે. ત્યાંનો માલ ઠેઠ બનારસમાં વેચાય છે. રૂદ્રાક્ષનું ઝાડ જાંબુડીના ઝાડ જેવું હોય છે; પાંદડાં પણ જાંબુડીનાં પાન જેવાં. તેને નાનાં આમળાં જેવાં ફળ થાય છે, અને તેનું ઉપલું કવચ ફોડયા પછી અંદરથી રૂદ્રાક્ષ નીકળે છે. પછી તેમાં વેહ પાડે છે. રૂદ્રાક્ષ ઘણી જાતની હોય છે એકમુખી, દ્વિમુખી, ત્રણમુખી, ચારમુખી, પાંચમુખી વગેરે. એ બધી જાત એક જ ઝાડ ઉપર થાય છે. એકમુખી રૂદ્રાક્ષ તો ભાગ્યે જ મળે. તેથી તે બહુ મોંઘી હોય છે. દ્વિમુખી પણ માંડમાંડ મળી શકે. પંચમુખી રૂદ્રાક્ષ જોઇએ તટલાં ગૌરીશંકર એટલે જોડીઆ રૂદ્રાક્ષના એક નંગની કીંમત આશરે બેથી ત્રણ રૂપીઆ પડે છે.

(ચિત્રમય જગત, નવેમ્બર, ૧૯૨૩)

જાદુઈ ચોરસ

નીચેનો જાદુઇ ચોરસ ૩૦૦૦ વરસના જુના એક હિંદુ મન્દિરમાંથી મળી આવ્યો છે.

૭	૧૨	૧	૧૪
૨	૧૩	૮	૧૧
૧૬	૩	૧૦	૫
૯	૬	૧૫	૪

એની આડીઊભી હારોના તેમજ બંને વિકર્ણના સરવાળાઓ ૩૪ થાય છે, એટલું જ નહિ પણ એમાંના આંકડાઓથી બનેલા કોઇપણ ચોરસના સરવાળો ૩૪ થશે.

ગયે મહીને

વસંતપંચમીને રોજ વસંતઋતુ બેઠી અને અમદાવાદે એ જ દિવસથી દેવી સરસ્વતીની નવા પ્રકારની પૂજા આરંભી. સરસ્વતી જેમ વિદ્યાની દેવી ગણાય છે તેમ કલાની દેવી પણ ગણાય છે. એ વીણાધારી છે અને એનું વાહન કલાધર મોર છે.

સંગીત પરિષદ

અમદાવાદના રાષ્ટ્રીય સંગીતમંડળે કુમારશ્રી પ્રભાતદેવજીના પ્રમુખપદ નીચે છઠ્ઠી સંગીત પરિષદ મેળવી હતી. એ પ્રસંગે બંગાળા, પંજાબ, ઉત્તર હિન્દુસ્તાન, મધ્યપ્રાન્ત, માળવા, ગુજરાત અને દક્ષિણના કેટલાક ઉત્તમ ગાયકો અને સંગીતશાસ્ત્રીઓ આવ્યા હતા. સંગીતવિદ્યામાં આપણા દેશે બીજી વિદ્યાઓની જેમ બહુ જ વધારો કર્યો હતો, અને ધર્મ તથા રાજ્યના આશ્રય અને સંસ્કૃતની શ્રેષ્ઠતાને પ્રતાપે એ વિદ્યા હજી સુધી ઘણીખરી રહી છે. આપણને આપણા પૂર્વજો પાસેથી જે કેટલાક કીંમતી વારસા મળ્યા છે તેમાં સંગીત એ પણ એવો વારસો છે કે જેને માટે આપણે ગૌરવ ધારણ કરી શકીએ એ વિદ્યા રામજણીઓ, નીતિભ્રષ્ટ થયેલા ગવૈયાઓ અને ધર્મ ચુકેલા ઉસ્તાદોના હાથમાં પડી હતી. પંડિત વિષ્ણુ દિગંબરે એ વિદ્યાનો પુનરુદ્ધાર કરવાના કેવા ભગીરથ પ્રયત્નો કર્યા તેનું વર્ણન આ જ અંકમાં બીજે સ્થળે એમના જીવનચરિત્રમાં કરવામાં આવ્યું છે.

પ્રમુખ, વાંસદા રાજ્યના રાજવંશી, કેળવાએલા ગુજરાતી અને 'સંગીતપ્રકાશ' નામના પુસ્તકના કર્તા હોઈ પોતે બીન (વીણા) વગાડવામાં એક્કા હતા. પરિષદમાં તથા પરિષદને પ્રસંગે થએલા મેળાવડાઓમાં એમણે જે બીન વગાડ્યું છે તેનું વર્ણન કરવું અશક્ય છે.

બાબુ પ્રમથનાથ બેનરજી આ પરિષદમાં ખાસ કલકત્તેથી આવેલા. એમણે 'સુરાયણ' નામનું એક નવું વાજીંત્ર બનાવ્યું છે. 'પીઆનો' વગાડનાર યુરોપીઅન સ્ત્રીપુરુષો સુરાયણ આગળ પીઆનાને ભુલી જાય છે. બેનરજીએ, પરિષદ આગળ એ સુરાયણ, ઇસરાજ, રૂદ્રવીણા વગેરે વાજીંત્રો બજાવી શ્રોતાજનોને મુગ્ધ કર્યા હતા.

મદુરાથી, મ્હૈસુર રાજ્યના ખાસ દરબારી પુનુસ્વામિ પોતાની મંડળી સાથે પધાર્યા હતા. એમણે ભારતવર્ષના ઉત્તર અને દક્ષિણ સંગીત વચ્ચે જે ભેદ છે તે દૂર કરવા એક સામાન્ય સંગીતલિપિ રચી છે.

એમણે કર્ણાટકી ઢોલ અને શરણાઇ વગાડ્યાં. જાણે સમુદ્રો ઉછળી રહ્યા હોય, ઉંચાં તાડ અને નાળીએરીનાં વૃક્ષો ડોલતાં હોય, મોટા પર્વતોમાં ભયંકર પવન વાઇ રહ્યા હોય એવા એવા દેખાવો પુનુસ્વામીની શરણાઇ સાંભળતાં નજર આગળ ખડા થતા હતા.

અલ્વર રાજ્યને ખર્ચે અલાબંદાખાન પધાર્યા હતા. એમને બધા સંગીતશાસ્ત્રીઓ ગુરુ જેટલું માન આપતા હતા. કહે છે કે ઉસ્તાદી ગાયન ગાવામાં આખા હિન્દુસ્તાનમાં એમની ઢબના એ એક જ રહ્યા છે. એમના સીતાર સાંભળવા, મુસલમાન છતાં સંસ્કૃતમાં સરસ્વતીની સ્તુતિ ગાય તે જોવી અને માલકેષ રાગના ચડતા ઉતરતા આલાપોનું શ્રવણ કરવું એ જીંદગીનો એક લ્હાવો હતો.

બંગાળાના સુપ્રસિદ્ધ વિદ્વાન નાટ્યલેખક શ્રી દ્વિજેન્દ્રલાલ રૉયના પુત્ર શ્રી દિલીપકુમાર રૉય આ પરિષદને પ્રસંગે ખાસ પધાર્યા હતા. એમણે સંગીતના અધ્યયન અર્થે યૂરોપનાં સંગીતક્ષેત્રોની ખાસ યાત્રા કરી છે અને ભારતીય સંગીતના પણ એ અભ્યાસી છે. ભાવનામય સંગીતના એ ખાસ પ્રેમી છે અને પરિષદમાં તથા સાહિત્ય સભા વગેરે સ્થળોએ એમણે જે ભજનો ગાયાં તે તો કદિ વીસરાય એમ નથી. અંગ્રેજીમાં એમણે પોતાના મર્હુમ પિતા દ્વિજેન્દ્રલાલ રૉયનું રચેલું 'આમાર દેશ' ગાયું હતું. એ સાંભળી શ્રોતાજનોમાં જે ઉત્સાહ અને સ્વદેશપ્રેમ ઉછળેલાં એવો પ્રસંગ જીંદગીમાં કોઈ વાર જોયો નથી.

આ સિવાય દક્ષિણના સંગીતશાસ્ત્રીઓ, અને ભાવનગર, વડોદરા, મુંબાઈ તથા અહીંના ગાયકોના નાનાપ્રકારનાં ગાયનવાદન, સ્ત્રીઓના ગરબા, સંગીત સાથે કરેલી આણંદ ચરોત્તર એજ્યુકેશન સોસાયટીની શાળાના વિદ્યાર્થીઓની કવાયત વગેરે પ્રયોગો બહુ જ અસરકારક હતા.



શ્રી દિલીપકુમાર રૉય

એક દિવસ બાળકોની સંગીતમાં હરીફાઈ હતી. તેમાં ગરીબથી તવંગર તમામ બાળકોએ ઉત્સાહભર્યો ભાગ લીધો હતો અને બધા દિવસોમાં એ દિવસ ખાસ આકર્ષક થયો હતો. ઉત્તમ ગાનારને એ દિવસે ઈનામો અપાયાં હતાં.

કલાપ્રદર્શન

એ જ અરસામાં, હઠીસીંગની વાડીમાં જ્યાં હઠીસીંગનાં સુપ્રસિદ્ધ દહેરાં છે ત્યાં 'ગુજરાત કલાપ્રવર્તક મંડળે' ચિત્રો, મૂર્તિઓ, સ્ત્રીઓની કલા, શિલ્પ તથા હુન્નરઉદ્યોગનાં કામોનું પ્રદર્શન ભર્યું હતું. હજારો સ્ત્રી પુરુષોએ આ પ્રદર્શનનો લાભ લીધો. દરરોજ સંગીત, ગરબા, કીર્તનો, કસરતો, નટસંમેલન તથા ભાષણો વગેરે પણ ખુબ થયાં. રાત્રે ભપકાદાર વીજળીની રોશની થતી અને આખો દિવસ ચોઘડીઆં વાગ્યા કરતાં. પહેલે દિવસે વાડીનાં વૃક્ષો અને વેલીઓમાં ગુર્જર બાળાઓએ જે ગરબા ગાયા તે વખતનો દેખાવ અનુપમ હતો. ઠંડી હવા, નિર્મળ આકાશ, મધુરૂં સંગીત અને સ્વચ્છ શુભ્ર આકાશમાં ચોથનો લટકતો ચંદ્ર એ સૌ કલામય વાતાવરણને યોગ્ય હતાં. ગરબા ગાતાં બાળાઓએ ગાયું હતું કેઃ

ચાલોને સાહીઅર ! ઉન્નત જીવનજળ
ઝીલવાને જઈએ રે !
પુણ્ય સલિલ અવગાહનથી સખી
અંતર પાવન થઈએ રે !

. એમ આ પ્રસંગો આપણું જીવન ઉન્નત અને પાવન કરતા થાઓ એવું પ્રભુ પાસે માગીશું.

: ઉ :

શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક

શ્રી. ઇન્દુલાલ યાજ્ઞિકને આપણે 'યુગધર્મ'ના તંત્રી તરીકે જ ઓળખવાના નથી. તેઓ તો ગુજરાતના નવચેતનની અવતારમૂર્તિ છે. સરકારે કડક ભાષણોને કારણે તેમને એક વર્ષની જેલની મોજ આપેલી તેમાંથી તેઓ ગયે મહીને છુટીને ગુજરાતનાં સ્વતંત્રતાનાં ગીતોમાં સૂર આપવા આવી પહોંચ્યા છે.

પણ એ કંઈ ગીત ઝીલનારા નથી; ગીત ગવડાવનારા છે. તેમના વતન નડીઆદમાં એ અભ્યાસ કરતા તે દહાડાથી જ હૃદયમાં દેશદાઝની ચીનગારી પ્રકટેલી અને ભાવનામય જીવન જીવવાના સંકલ્પો ઘડી મુકેલા. એલએલ. બી. થઈ થોડા વખત વકીલાત કરી, પણ પેલી ચીનગારીમાથી અગ્નિ પ્રગટ્યો હતો; એટલે સંસાર-જીવનને તિલાંજલિ આપી શ્રી. ગોખલેની 'સર્વન્ટ્સ ઑફ ઇન્ડીઆ સોસાયટી'માં જોડાયા. થોડા સમય પછી ત્યાંથી છુટા થઈ 'હોમરૂલ લીગ'ના સમળ કાર્યકર્તા બન્યા અને 'નવજીવન અને સત્ય' નામનું માસિક શરૂ કરી તે મારફત ગુજરાતના ચોતરફના વિકાસમાં ફાળો આપી તેની નોંધ રાખવા માંડી. ગયા મહાયુદ્ધ વખતે હિન્દુસ્તાનના પત્રકારપંચના સભ્ય તરીકે મેસોપોટેમીઆ ગયા. પાછળથી ગાંધીજીની પ્રવૃત્તિમાં એ જોડાયા અને ખેડા જીલ્લાના અસહકાર વેળા ગાંધીજીને પડખે રહી કામ કર્યું. એમનું 'નવજીવન અને સત્ય' માસિક ગાંધીજીએ પોતાની પ્રવૃત્તિના વાહન તરીકે પસંદ કરી એનું અઠવાડિક 'નવજીવન' કરી નાખ્યું, જે સારી ગુજરાતી આલમમાં મશહૂર છે. બે વર્ષથી એમણે ગુજરાતની સર્વદેશીય સ્વતિના પ્રતિનિધિ રૂપ 'યુગધર્મ' નામનું ઉંચી કોટિનું એક દળદાળ માસિક શરૂ કર્યું છે.

આટલી ઉમરે પણ ચેતનવંતા, આનંદી ને મસ્ત તે સદા દેખાય છે. એક સ્થાનમાં એકસાથે ઘણા દિવસ તે ભાગ્યે જ ટક્યા હશે. તેમની વકતૃત્વશક્તિ અને લખાણ તેજસ્વી, સજીવ અને પ્રેરક છે. તેમની વાણી સદાય ઉછળતી લાગે છે. ઉત્સાહનું વાતાવરણ લઈને જ તે ફરે છે, અને જ્યાં જાય છે ત્યાં એ વાતાવરણ જમાવે છે.

તેમના જેવી તરલ વ્યક્તિને એક વર્ષનો જેલવાસ કંઇ અજબ આરામ અને શક્તિસંચય આપી શક્યો હશે; અને તેનું પરિણામ આપણે સત્વર જોઇશું.

આ મહીને

ફાગણ વદ ૪ : તા. ૨૪-૩-૨૪ : હરદ્વારનું ગુરુકુળ ખુલ્લું મુકાયું; ઈ. સ. ૧૯૦૨. મુંબાઇ, ભરુચ, વડોદરા તથા અમદાવાદમાં હમણાં જ આવી ગએલા, મહાત્મા મુન્શીરામ જે હવે સન્યાસી થવાથી સ્વામી શ્રદ્ધાનંદના નામથી ઓળખાય છે, તેમણે પ્રાચીન પદ્ધતિ પ્રમાણે હરદ્વારમાં ઇ. સ. ૧૯૦૨માં ગુરુકુળ કાઢયું. ગંગાના સુંદર તટ ઉપર તે આવેલું છે. વિદ્યાર્થીઓ નાનપણથી જ ત્યાં રહે છે, અને બ્રહ્મચર્યાશ્રમનું બરાબર પાલન કરે છે. ત્યાંના વિદ્યાર્થીઓ શરીરે મજબુત અને બહાદુર હોય છે. હાલ જે વિદ્યાર્થીઓ ત્યાં છે એમાંની એક ટોળી એક વખત વનમાં ફરવા નીકળેલી, એવામાં વાઘ આવ્યો, ને એક છોકરાને જંગમાંથી પકડયો. તે વખતે બધા છોકરાના હાથમાં ગેડીઓ હતી. એ ગેડીએ ગેડીએ તેમણે વાઘને એવા તો માર્યો કે વાઘ મરી ગયો અને વાઘના મોંમાથી પેલા વિદ્યાર્થીને તેઓ છોડાવી લાવ્યા. એ છોકરો હજી કાંગરા ગુરુકુળમાં છે અને પોતાની જાંગ ઉપરના ઘા ગૌરવથી બતાવે છે. વિદ્યાર્થીઓને સંસ્કૃત, અંગ્રેજી, ઇતિહાસ, ગણિત અને વિજ્ઞાનશાસ્ત્રનું બહુ ઉત્તમ જ્ઞાન ત્યાં આપવામાં આવે છે. હાલમાં ભારતવર્ષમાં જે ઉત્તમ કેળવણીના સંસ્થાઓ છે એમાંનું કાંગરા ગુરુકુળ એક છે.

ફાગણ વદ ૫ : તા. ૨૫-૩-૨૪ : ટેમ્સ નદી નીચે થઇને જવાનો માર્ગ ખુલ્લો મુકાયો.

ફાગણ વદ ૯ : તા. ૨૯-૩-૨૪ : જૈનોના પહેલા તીર્થંકર ઋષભદેવ જન્મ્યા અને દીક્ષા લીધી.

નાના ફડનવીસનું મૃત્યુ. ઇ. સ. ૧૮૦૦.

ફાગણ વદ ૧૪ : તા. ૩-૪-૨૪ : છત્રપતિ શીવાજીનું મરણ. ઇ. સ. ૧૬૮૦. શીવાજી કેવળ આપબળથી, ધીમે ધીમે સીપાઈગીરીમાંથી અનુભવ લેતા લેતા આખરે ગૌબ્રાહ્મણ પ્રતિપાળ અને હિન્દુ ધર્મના રક્ષક છત્રપતિ મહારાજા થયા. એમણે નાશ પામતી હિન્દુ જાતિને બચાવી, છિન્નભિન્ન થઇ જતી પ્રજાનું સંગઠન કર્યું, અને મરાઠા જેવી અંધારામાં

ડુબેલી કોમને આત્મભાન કરાવી સ્વરાજ્ય કરતી પ્રજા બનાવી. ઉત્તમ લશ્કર, બળવાન નૌકાસૈન્ય અને ચતુર મંત્રીઓ ઉભા કર્યાં. મોગલનું આગળ વધતું પુર અટકાવી હિન્દુ પ્રજાને તેમણે સુદૃઢ કરી સ્વધર્મ અને સ્વરાજ્યનું અભિમાન ઉત્પન્ન કર્યું. નિરક્ષર છતાં શીવાજી મહારાજ રાજ્યનીતિમાં, યુદ્ધકળામાં અને સ્વદેશ માટે સર્વસ્વનો હોમ આપી શકાય એવી સ્વદેશભક્તિ કેળવવામાં અક્કા નીવડ્યા. આજથી ૨૫૦ વર્ષ ઉપર પ્રાપ્ત કરેલા આવા મહાન ગુણોથી જ હિન્દ ટક્યું અને ગૌરવ પામ્યું એ મહાન પુરુષના જીવન ઉપર જેટલું મનન થશે એટલું ઓછું છે.

ચૈત્ર સુદ ૪ : તા. ૮-૪-૨૪: હંગેરીઅન દેશભક્ત સ્ટીવન ઝીકેનીએ દેશની દુર્દશા જોઈ આપઘાત કર્યો.

ચૈત્ર સુદ ૫ : તા. ૯-૪ ૨૪ : બેકનનું મરણ ૧૬૨૬.

બેકન ઇલીઝાબેથના વખતમાં ઇંગ્લંડમાં એના જમાનાનો વિદ્વાનમાં વિદ્વાન, બુદ્ધિમાનમાં બુદ્ધિમાન, છતાં હલકામાં હલકો ગણાઈ ગયો. એ ન્યાયાધીશ છતાં લાંચ લેતો હતો. એ ઉપરથી સાર એ નીકળે છે કે ગમે તેટલી વિદ્યા ને બુદ્ધિ હોય છતાં ચારિત્ર શુદ્ધ રાખવું એ સહેલું નથી. ચારિત્ર વગર બુદ્ધિ કે વિદ્યા નકામાં છે.

ચૈત્ર સુદ ૬ : તા. ૧૦-૪-૨૪: છત્રપતિ શીવાજીનો જન્મ ઇ. સ. ૧૬૨૭.

ચૈત્ર સુદ ૯ : તા.૧૩-૪-૨૪: રામનવમી. શ્રી રામચંદ્રનો જન્મ. રાજાઓના રાજ્ય કરતાં પ્રજાસત્તાક રાજ્ય ચઢીઆતાં છે; છતાં હિન્દમાં આદર્શ રાજ્યથી પ્રજાકલ્યાણ કેવું થાય એ શ્રી રામચંદ્રની રાજ્યની ભાવનાથી સિદ્ધ થયું છે. બાપ પહેલાં પુત્ર મરે કે પ્રજામાં કોઇ પણ પ્રકારનો અસંતોષ હોય તો એ રાજાનાં જ પાપ છે, એમ શ્રી રામચંદ્રજી માનતા. પ્રજાના મનનું રંજન કરે તે રાજા. પ્રજાના સુખને ખાતર પોતાની પ્રિય પત્ની સતી સીતાનો પણ એમણે ત્યાગ કર્યો. ચારિત્રવાન, ધીર, વીર અને ધર્માત્મા રામચંદ્રજીનું જીવન ઋષિ વાલ્મિકિએ લખ્યું છે, અને ભક્તકવિ તુલસીદાસજીએ રામાયણમાં એમની કીર્તિ ગાઇ છે.

ચૈત્ર સુદ ૧૩ : તા ૧૭-૩-૨૪ : બેન્જામીન ફ્રાંક્લિનનું મરણ. વીજળીની પહેલવહેલી શોધ કરનાર અને અમેરિકાનો આદિ પુરુષ બેન્જામિન ફ્રાંકિલન મુળ મીણબત્તી બનાવનારનો છોકરો. પોતાના ચારિત્ર્યબળ, ખંત અને અડગતા વડે છાપખાનાના ધંધામાંથી આગળ વધી તે અમેરિકાનો મહાપુરુષ થયો.

ચૈત્ર સુદ ૧૫ : તા. ૧૯-૩-૨૪ : હનુમાન જયંતિ.

मनोजवं मारुततुल्य वेगं । जितेन्द्रियं बुद्धिमतां वरिष्ठम् ।
वातात्मजं वानरयूथ मुख्यं । श्रीरामदूतं शरण प्रपद्ये ॥

આપણા ગુજરાતના અખાડાના વિદ્યાર્થીઓ દરરોજ હનુમાનજીની આ સ્તુતિ બોલે છે. જે કુમાર બ્રહ્મચર્યાશ્રમમાં કામ કરવામાં આળસનો ત્યાગ કરશે, ઝડપથી કામ કરવાની લાયકાત મેળવશે, અક્કલ ખીલવશે, નિયમ વગરના તોફાની છોકરાઓનાં ટોળાંમાં નિયમ અને વ્યવસ્થા લાવશે અને આવાં પવિત્ર કાર્યો કરી તમામ ઇન્દ્રિયો ઉપર જીત મેળવશે તે બહાદુર, શુરવીર અને બલવાન થશે. તે જ ભારતમાતાનો સુપુત ગણાશે.. : નિ :

ઇનામી હરીફાઈ

ગયા અંકમાં પ્રકટ કરેલી 'ચાલો ઓળખી કાઢો' વાળી હરીફાઇના ઉત્તરો હજીસુધી સંતોષકારક સંખ્યામાં ન આવેલા હોઇ ગ્રાહકોને વધારે તક આપવાના ઇરાદાથી તેની મુદ્દત એક મહીનો લંબાવી છે. દરમ્યાન, આ મહીનાની અંદર જે થોડાના ઉત્તરો આવી ગયા છે તેમને વહેલા ઉત્તરો મોકલવા બદલનો લાભ મળે એ હેતુથી એક ઇનામ તેમને માટે ઇલાહેદું રાખવામાં આવ્યું છે. તેમાંથી ખરા હશે તેમાંના એકને એ ઇનામ મળી જવાનું. તેનું અને બાકીનાં બધાંનું પરિણામ તો આવતા અંકમાં જ.

